બલ્લિગુ અન્ની... હુઝુરે પાક સલ.નો ઇરશાદ છે કે "મારી વાત પહોંચાડો" ભલે તે એક વાત હોય.

આ હદીસેપાક ઉપર અમલની નિય્યતથી દીનની વાત મોકા બ મોકા તથા સમયે-સમયે આધારભુત રીતે પહોંચાડવા માટે આ એક નમ્ર પ્રયાસ ઝિલહજ્જ, ૧૪૩૯ (૨૦૧૮)ના શરૂ કર્યો છે.આ ગૃપમાં અઠવાડિયામાં સામાન્ય રીતે બે વાર મેસેજ દ્વારા દીનની વાતો પહોંચાડવામાં આવશે.ઇ.અ.

ذٰلِکَ فَضۡلُ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ

તર્જુમો :- આ (હિદાયત મળવું) અલ્લાહની કૃપા છે,ચાહે તેને આપે છે..

અલ્લાહપાક ઇસ્તિકામત સાથે જારી રાખે તથા આપણા સૌ માટે દીની-દુન્યવી દ્રષ્ટિએ ફાયદાકારક અને દુનિયા-આખિરત માટે કામિયાબીનો ઝરીઓ બનાવે. એવી દુઆ અને દુઆની નમ્ર ગુઝારિશ. આમીન

આ ગૃપમાં મેસેજ થઇ શકશે નહી.

Balligu Anni..... Huzoor-e paak ﷺ said that "Deliver my words" even if it is one thing.

This is the humble effort which was started on Jilhajj, 1439 (2018) to convey the messages of deen in timely and basic manner from time to time with the intention of implementing this Hadith. In this group, we usually send messages of deen twice in a week.

ذٰلِکَ فَضۡلُ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ

Translation: That is the grace of Allah, which he gives to whom He wills. (Surah Al-hadid 21)

It is the hearty desire and humble prayer that May Allah s.w.t. keep this service continue with perseverance and make it beneficial for us and whole ummah in this world and the source of salvation hereafter... **Ameen.**

(Message cannot be sent to this group)

(૧) માહે જીલ્હજ્જ :

આ ઇસ્લામી વરસનો બારમો મહીનો છે આ મુબારક મહીનામાં હજ્જ અદા થાય છે એટલા માટે એને ઝુલ્હજ્જહ કે ઝિલ્હજ્જહ કહે છે આ મહીનાના શુરૂના દસ દિવસની ઘણી ફઝીલત છે અને એમાં પણ અરફાનાદિવસ(નવમી તારીખ)ની બીજા દિવસોથી વધારે ફઝીલત છે.

આપ(ﷺ)એ ઇરશાદ ફરમાવ્યો : કોઇ દિવસ એવો નથી જેમા ઇબાદત કરવું અલ્લાહતઆલાને જીલ્હજ્જના દસ દિવસ (ની ઇબાદત)થી વધારે પસંદ છે (એટલામાટેકે) એ દરેક દિવસનો રોઝો એક વરસના રોઝા રાખવા બરાબર છે એને દરેક રાતની ઇબાદત શબેકદ્રમા ઇબાદત કરવા બરાબર છે. (ઇબ્નેમાજહ, તિરમીઝી)

આપ(ﷺ)એ ઇરશાદ ફરમાવ્યો "અરફાનો રોઝો એક હઝાર રોઝા બરાબર (સવાબની રૂએ) છે."

(1) The month of Jul-Hajj

This is the 12th month of Islamic year. Hajj is performed in this blessed month. That is why it is called Julhajjah or Zilhajjah. At the beginning of this month, ten days is very virtuous and even in them, the remaining 3 days from the date 9 means from the date of Arfah are more virtuous.

The Prophet ﷺ said that: There is no day like this in which the Allah loves the worship of his worshiper prefer you more than Zilhajjah, (so that) every single day of fasting is equal to one year of fasting. And worship of each and every night is equal to worship of Shab-e-Qadr. (Ibne Majah, Tirmizi)

The Prophet ﷺ said that Arfah's Fasting is equal to one thousand days of Fasting.

(૨)કુરબાની ની અહમિયત

કુરબની એક ઉત્તમ ઇબાદત છે હઝ.આદમ (عليه السلام) ના ઝમાનાથી શુરૂ થઇ અને ઉમ્મતે મુહમ્મદીયા સુંધી ચાલી રહી છે દરેક ધર્મ (મઝહબ) અને મિલ્લતનો એના પર અમલ થઇ રહયો છે.

કુર્આનેકરીમ માં ઇરશાદ છે. તર્જુમો: હમોએ દરેક ઉમ્મત માટે કુરબાની કરવી મુર્કરર કરી' એટલા માટે કે તેઓ તે પશુઓ પર અલ્લાહનું નામ લે, જે અલ્લાહતઆલાએ અપર્ણ કર્યા છે. (સૂ.હજ્જ-૩૪)

કુરબનીનો અમલ હઝ.ઇબ્રાહીમ (عليه السلام) ના ઝમાનાથી વિશેષ મહત્તા ધરાવે છે એટલા માટે એને "સુન્નતે ઇબ્રાહીમી" કહેવામાં આવે છે, કેમકે હઝ.ઇબ્રાહીમ (عليه السلام) એ ફકત ખુદાની રઝામંદી માટે પોતાના બેટા હઝ.ઇસ્માઇલ (عليه السلام) ને કુર્બાની માટે પેશ (તૈયાર) કર્યા આ અમલની યાદમાં દરવર્ષે ઇબ્રાહીમ રૂહ(spirit) પૈદા કરવા માટે મુસલમાન કુર્બાની કરે છે. કુર્બાનીથી આ સબક મળે છે કે તેઓ અલ્લાહની ફરમાબરદારી અને ઇતાઅત માં કુર્બાની માટે તૈયાર રહે અને જાનમાલની મુહબ્બતને છોદીને ફકત અલ્લાહની મુહબ્બત દિલ માં પૈદા કરે એવીજ રીતે કુર્બાનીની જેમ બીજી ઇબાદતો માં ખાસ અલ્લાહને રાજી કરવાનો હેતુ છે.

(2) Importance of Qurbani

Sacrifice is a precious worship. It has started from Hazrat Adam (عليه السلام) till Ummat-e-Muhammadiya. Every Religion and nation is implementing it.

It is stated in Qur'an Kareem that. Translation : We are told to do a Qurbani of 4 legs animals in the name of Allah. Whatever Allah gives us." (Surah Hajj-34).

The Practice (amal) of Sacrifice (Qurbani) is very important from the era of Hazrat Ibrahim (عليه السلام) so that's why this sunnah is also known as a Sunnat-e-Ibrahimi. Hazrat Ibrahim (عليه السلام) offered his son Hazrat Ismail (عليه السلام) as a sacrifice for the sake of Allah's consent. In the memory of this sacrifice every Muslims make sacrifices to produce Ibrahimi soul. There is a lesson to be learned from this Sacrifice (Qurbani) that you should obey the orders of Allah Ta'ala and do Sacrifice (Qurbani) and leave the love for money and property. And only love for the Allah Ta'ala should remain in our heart. Like Sacrifice, remaining all worship's (ibaadat) main aim is to convince Allah.

(3) કુરબાની ની ફઝીલત

હદીસોમાં કુરબાની વિશે ઘણી અહમિયત(ફઝીલતો) વર્ણવામાં આવી છે (૧) હઝ.ઝૈદ બિન અરકમ(ﷺ) એ બયાન ફરમાવ્યુંકે રસુલુલ્લાહ(ﷺ)થી સહાબા(ﷺ) એ સવાલ કર્યો : યા રસુલૂલ્લાહ! આ કુર્બાની શું છે? કુરબાનીની હકીકત શું છે? આપ(ﷺ) એ ફરમાવ્યું! તમારા બાપ હઝ.ઇબ્રાહીમ(ﷺ) ની સુન્નત અને તરીકો છે સહાબા રદી.એ અર્ઝ કર્યુ કે હમોને કુરબાની કરવાથી શું મળશે? ફરમાવ્યું દરેક બાલના બદલામાં એક નેકી સહાબા રદી.એ (ફરી સવાલ કર્યો)અય અલ્લાહનારસુલ (ﷺ)! ઉન (ઉનના બદલામાં શું મળશે?) ફરમાવ્યું: ઘેંટાના દરેક બાલના બદલામાં નેકી મરશે (ઇબને માજહ,૨૨૬)

ઇદ્દુહાના દિવસે કોઇ નેક અમલ અલ્લાહતઆલાના નઝદીક કુરબાનીના દિવસોમાં કુરબાનીથી વધુ કોઇ કામ ખુદાપાકને પસંદ નથી. તથા કયામતના દિવસે કુરબાનીનું જાનવર પોતાના સીગ,બાલ અને ખડીઓ સાથે આવશે. ઉપરાંત કુરબાની કરતી વખતે લોહીના ટીપાં જે જમીન પર પડે તે જમીન પર પડવા પહેલાં કબુલ થઇ જાય છે.માટે ખુબ દિલ ખોલીને(ખુશદીલીથી) કુરબાની કરોં. (જામેઅ તિરમીઝી - ૨૭૫)

હઝ.ઇબ્ને અબ્બાસ (ﷺ) થી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ(ﷺ) એ ઇરશાદ ફરમાવ્યો કે કોઇ ખર્ચ કરવાની ફઝીલત અલ્લાહતઆલાના નજદીક બકરાઇદના દિવસે કુરબાની માટે ખર્ચ કરવા બરાબર નથી થઇ શકતી.

(સુનને દારૂલ કુતની – ૭૭૪)

(3) Supremacy of Qurbani

Supremacy of Sacrifice is included in Ahadith. Some of them are stated below.**(1)** Hazrat Zaid bin Akram ﷺ said that Sahaba asked Rasulullah ﷺ that “Ya Rasulullah ﷺ what is this Qurbani) means?” (What is the status of Qurbani?). Aap ﷺ stated that this is the Sunnah (and the way) of your father Ibrahim ﷺ Sahaba (R.A.) asked to the prophet Muhammad ﷺ that what we will get from this Qurbani or deeds? The prophet Muhammad ﷺ that they will get one neki for one hair. Sahaba (R.A) asked repeatedly what we will get instead of Qurbani? The prophet Muhammad ﷺ that he will get goodness (neki) equal to their hair(Ibne Majah-226) **(2)** On the day of Eid-ul-adha no good deed will be more beloved and preferred by Allah Ta’ala than Qurbani. And on the Day of Judgment the Qurbani animal will come with its own hair, horns and hooves. And this animal gets Allah Ta’ala’s consent before his blood dropping on the floor. So you have to do Qurbani with happy heartily.(Jamea Tirmizi-275) **(3)** Hazrat Ibne Abbas ﷺ told that Rasulullah ﷺ told that to spend on any expenses in the sake of Allah on the day of Eid-ul-Adha or the day of Qurbani is more valuable than the expenses made on the other days of the year.

(Sunane Darul kutni-774)

(૪) કુરબાની કોના પર વાજીબ છે

દરેક સાહીબે નિસાબ પર કુર્બાની વાજીબ છે કુર્બાની વાજીબ થવાનો નિસાબ તેજ છે જે નિસાબ સદકએ ફિત્ર વાજીબ હોવાનો છે (ફતાવા હિન્દયા ૫/૩૦૬)

જે વસ્તુ જરૂરતની ના હોય, ફકત શો માટે(showedse)અને આખુ વર્ષ વપરાસમાં ન આવતી હોય તે પણ નિસાબ માં ગણાશે. (રૂહુલ મુખતાર ૩-૩૪૬)

જો કોઇ માણસ અકીકાની નિય્યતથી કુર્બાનીના જાનવરમાં હિસ્સો રાખીલેતો એ જાઇઝ છે.(ફતાવા આલમગીરીયા ૫/૩૭૫)

કુરબાનીનુ ચામડુ(ખાલ) પોતાના અંગત વપરાશમાં લઇ શકાય છે દા.ત. મુસલ્લો, પાણીનીમશક વગેરે બનાવી શકાય છે, પરંતુ એને વેચીને એની કીમત વાપરવું જાઇઝ નથી પરંતુ ગરીબોને આપી દેવુ વાજબ છે.(આલમગીરી ૩/૩૭૨)

બેહતર એછે કે કુરબાનીનુ ચામડું મદ્રસા અથવા દારૂલ ઉલૂમમા પઢતા બાળકોને આપવું જોઇએ એમા એમની મદદકરવાનો સવાબ છે અને દીનનુ ઇલ્મ ફેલાવવામાં મદદ કરવાનુ નિમીત્ત પણ

(4) On whom the Qurbani is Wajib (rightful)?

Sacrifice is Rightful (Wajib) on every person who has wealth.Whoever pay Sadqahtul-Fitr should do Sacrifice(Qurbani)(Fatawa Hindia-5/360)

Remember that if anything in the house is not necessary but for mere showcase, or is kept in the house, or it is not used in one year then that things also included in wealth. (Radul Mukhtaar-3/346)

Note: It is permissible for a man to take his share of the Aqeeqah in the animal of Sacrifice (Qurbani) (Fatawa Aalamgiriya-5/375)

We can use Qurbani animal's skin for personal use. e.g. we can make prayer mat (Musalla) or liquid container out of it. However we cannot sell this things and used money instead it is rightful (wajib) to give scholars of fiqah. (Aalamgiri-3/372)

So it is better to give Qurbani animal skin to deeni Madarasa and the students of Jamia because in this way we get sawab by helping them and it is the way of helping ilm-e-deen.

(૫) અરફહની ફઝીલત

(૧) રસુલુલ્લાહ સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે હું અલ્લાહતઆલાથી ઉમ્મીદ રાખું છું કે અરફહ (નવમી ઝિલહજ્જ) નો એક રોઝો ગયા એક વર્ષ અને આવતા એક વર્ષના ગુનાહોનો કફફારો થઇ જાય છે. (મુસ્લિમ શ.) **(૨)** હુઝુર સલ.એ ઇરશાદ ફરમાવ્યો કે જેણે અરફહનો રોઝો રાખ્યો તો તેના સતત બે વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (તરગીબ) **(૩)** નબીએ કરીમ ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે જે માણસ બન્ને ઇદો (ઇદુલ ફિત્ર અને ઇદુલ અદહા)ની બન્ને રાતોમાં સવાબની ઉમ્મીદ સાથે (ઇબાદત માટે) જાગતો રહ્યો તો તેનું દીલ તે દિવસે જીવંત રહેશે જે દિવસે કે બધાના દિલ મુર્દા હશે. (તરગીબ, ઇબ્ને માજહ)

(૪) તકબીરે તશ્રીક :- અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, વલિલ્લાહિલ હમ્દ.

અરફાની ફજરની નમાઝથી ૧૩ તારીખની અસર સુધી દરેક ફર્ઝ નમાઝ પછી એક વાર પઢવું દરેક મર્દ અને ઓરત માટે પઢવું વાજિબ છે.

કુલ ૨૩ ફર્ઝ નમાઝોમાં આ તકબીર પઢવામાં આવશે. (બયહકી, આસારુસ્સુનન)

મર્દો દરમિયાની(મધ્યમ) બુલંદ અવાઝથી પઢે અને ઓરતો આહિસ્તા અવાઝથી પઢે.

(5) The Virtue Arfah

(1) Rasulullah ﷺ said that I hope on Allah Ta'ala that one Fasting of Arfah (9th date of Zilhijjah) is atonement of one year and coming one year. (Muslim)

(2) Huzoor ﷺ ordered that whoever is kept in Arfa's Fasting, and then continuous two years of sin will be forgiven. (Targib)

(3) The Prophet ﷺ said that one who remain awaken in the night of Eid in the sake of reward then his heart will remain alive when all people's heart will dead means at the day of Judgment.

(4) **Takbeer-e-Tashreeh:** From the prayer of Fajr of the day of Arfaah (Tuesday) to the ASR of 13th date (Saturday), after every prayer Men and women should speak loudly this Takbeer.

Allahu Akbar, Allahu Akbar, La Allah Illallahu, wallahu Akbar, Allahu Akbar, Walillahil Hamd.

This Takbir is known as "Takbir-e-Tashreek". This Takbeer is speaking in total 23 Prayers. (Bayhaki, Aasharussunan)

Men should say in louder voice and women in soft voice.

(૬) કુરબાની બાબતે જરૂરી એહતિયાત

કુરબાની કરવા બાબત ઇસ્લામે ઘણાં સૂચનો કર્યા છે, તેને ધ્યાનમાં રાખવા આવશ્યક છે, એવું ન થવું જોઇએ કે એક ઇબાદતની અદાયગીમાં અન્ય ઇસ્લામી આદેશો અને ઉપદેશોનો ભંગ થાય. આ માટે નીચે દર્શાવેલા આદેશો અને ઉપદેશો તરફ લક્ષ (ધ્યાન) કેન્દ્રિત કરવું જોઇએ. **(૧)**ઇસ્લામે ઘણી જ સખતાઇપૂર્વક-ભારપૂર્વક હુકમ આપ્યો છે કે પોતાના કોઇપણ અમલથી અન્ય કોઇને તકલીફ પહોંચવી જોઇએ નહી.(અત્તરગીબ વત્તરહીબ: ૩/૨૩૯) **(૨)** આપ સલ.નું ફરમાન છે કે લોકોના રસ્તામાં ગંદકી ન કરો. તદુપરાંત, આપ સલ. એ ફરમાવ્યું છે કે, જે કોઇએ રસ્તામાં ગંદકી રાખી તો તેના ઉપર અલ્લાહતઆલા, અલ્લાહના ફરિશ્તાઓ અને તમામ લોકોની લઅનત વરસે છે.(અત્તરગીબ વત્તરહીબ: ૧/૮૧) **(૩)** આપ સલ.એ પોતાનું ઘર તથા આંગણાને સ્વચ્છ રાખવાનો આદેશ આપ્યો છે અને ગંદકી કરવાને ગૈરઇસ્લામી કૃત્ય લેખાવ્યું છે.(તિરમિઝી: ૨/૧૦૭) **(૪)** આપ સલ.એ ફરમાવ્યું કે મારી સમક્ષ મારી ઉમ્મતના સારા-નરસા અમલો (કર્મો) પેશ કરવામાં આવ્યા, તો તે અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ રસ્તામાંથી નડતરરૂપ વસ્તુને હટાવવાનો અમલ હતો. (ઇબ્ને માજહ: ૩૭૬)

હુઝુર સલ.નાં ઉપરોકત હદીસોની રોશનીમાં કુરબાની કરનાર પ્રત્યેક મુસલમાનની ફરજ છે કે તે કુરબાનીના બિનજરૂરી અંગો-ઉપાંગોને રસ્તામાં ન ફેંકે, બલકે તેને યોગ્ય ઠેકાણે દફનાવી દે. વ્યવસ્થિત તરીકાથી પરદા અને આડવાડ સાથે એવી ગુપ્ત રીતે કામ કરે કે કોઇને પણ તકલીફ ન થાય. કુરબાની ઇબાદત છે માટે ઇબાદતને એવી રીતે અદા કરે કે ઇબાદતનો મુખ્ય હેતુ માર્યો ન જાય.

કુરબાનીની પવિત્ર ઇબાદતમાં એવી કોઇ ગેરરીતિ અને અનીતિ અપનાવવામાં ન આવે, જેનાથી ઇસ્લામ અને મુસલમાનો બદનામ થાય. સ્વચ્છતાનો ખાસ ખ્યાલ રાખવો જોઇએ. અને ઇબાદતનો મહિમા જળવાય રહે એ રીતે કુરબાની કરવી જોઇએ.

સાભાર:-(પ્રકાશન વિભાગ) દારૂલ ઉલૂમ ભરૂચ-કંથારીઆ

(6) Necessary Precautions Related related to Qurbani

Islam has made a lot of suggestions regarding making Sacrifice. It must be kept in mind that it should not be the case that the performance of one act of worship violates other Islamic Commands and teachings. For this the focus should be on the following commands and teachings. (1) Islam has given a very strict order that no one else should be harmed any of its actions **(Attargib Wattargib: 3/239)** (2) The Prophet Muhammad ﷺ said that do not make dirt in the path of people & then also whoever does so then may Allah, Angels of Allah and all the people curse him. **(Attargib, Wattargib 1/81)** (3) The Prophet Muhammad ﷺ ordered to keep own house and yard clean and has declared filth as an un-Islamic act. **(Tirmizi : 2/107)** (4) The Prophet Muhammad ﷺ said that if the good deeds of my ummah were presented to me, then the best execution of those deeds was the removal of the obstruction from road. (Ibne Majah)

In the light of the above hadith of Huzoor ﷺ every Muslims has to make a Sacrifice in such a manner that he does not throw unnecessary parts of the Sacrifice in the road, but buries it in the right place. Work secretly with the curtains and sidewalks in a systematic way so that no one gets in trouble. Sacrifice is worship, so perform worship in such a way that the main purpose of worship is not killed.

Special care should be taken not to adopt any kind of Malpractice & immortality in the holy worship of Sacrifice (Qurbani) which would bring Islam and Muslims into disrepute and special care of cleanliness is required. Sacrifice should be made in such a way that worship remains glory.

{From: (Publishing department) Darul Uloom Bharuch-Kantharia}

(૭) છોળ,ઝાડ ઉગાડવું

હઝ.અનસ(ﷺ) એ નબીએ કરીમ સલ.નો ઇરશાદ નકલ કર્યો છે કે “જે મુસલમાન કોઇ છોડ લગાડે અને તે છોડ કોઇ ઇન્સાન કે જાનવર ખાય (ફાયદો ઉઠાવે) તો છોડ ઉગાડનારને તે છોડના કારણે સદકાનો સવાબ મળશે.”(બુખારી શ.)

આ હદીસનો મતલબ સ્પષ્ટ છે કે કોઇ વ્યકિત પોતાની કે અન્ય કોઇ જાઇઝ (મબાહ-જાહેર) જમીન ઉપર છોડ વાવે, ખેતી ખેડે વૃક્ષારોપણ કરે, હરિયાળી સર્જે, મુરદા(પડતર) જમીનને જીવંત કરીને તેને લીલીછમ કરી આપે અને પરિણામે અલ્લાહની મખ્લુક (ઇન્સાન કે જાનવર)ને તેનાથી ફાયદો પહોંચે તો તેનો આ અમલ (કાર્ય) નેક કાર્ય તરીકે ગણાશે,સદકહ કરવા સમાન છે, અને જયાં સુધી અલ્લાહની મખ્લુકને તેનાથી ફાયદો પહોંચતો રહેશે તેના આમાલનામામાં તેનો સવાબ લખાતો રહેશે. (અલબલાગ ઉર્દૂ,જામેઆ કરાંચી)

(7) Planting trees (sherbs)

Hazrat Anas ﷺ copied from Nabi Kareem ﷺ that if a Muslim plants a tree and if any people and animal passes through from that tree then that planter will get a reward for that planting.(Bukhari Shareef)

Translation of this hadith is very clear that if a person plant a tree on his land or a someone’s land, cultivates (grows trees), revives the dead land and made it green and give the benefit to people then this practice is included in good needs. And is equal to Sadaqah and however the creatures of Allah (Human, animal, birds etc.) get this benefit of trees then reward will automatically written in their scrolls of deeds. (Naam-e-amaal) (Albalag urdu)

(૮) ખામોશી (silent) મૂકિતનો માર્ગ

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ રદી.એ રસુલૂલ્લાહ(ﷺ)થી નકલ કરેછે કે રસુલૂલ્લાહ(ﷺ)એ ફરમાવ્યું કે "જે વ્યકિત ખામોશ (silent) રહયો તેણે મૂકિત મેળવી(મિશ્કાત શ.૪૧૩)

આ સૌથી મુખ્તસર હદીસ શરીફમાં દુનિયા અને આખિરતની મૂકિત (સલામતી) નો માર્ગ બતાવી આપવામાં આવ્યો છે, કે ઇન્સાન વ્યર્થ (ફૂઝૂલ) બોલવાની આદત છોડી આપે અને જયાં સુધી થઇ શકે ખામોશી ઇખ્તિયાર કરી લે તો દુનિયામાં ફિત્નાઓ (સમસ્યાઓ) થી અને આખિરતમાં ગુનાહોથી તેનો છૂટકારો થઇ જાય છે "જે ચૂપ રહયો તેણે છૂટકારો મેળવ્યો" (અલબલાગ ઉર્દૂ,જામેઆ કરાંચી)

મુલાકાતનો ઇસ્લામી તરીકો.

હઝ.અનસ રદી.થી રિવાયત છે કે એક માણસે અર્ઝ કર્યુ યા રસુલૂલ્લાહ સલ.હમારા માંથી કોઇ માણસ પોતાના ભાઇ અથવા દોસ્તોથી મુલાકાત કરે છે તો શું એમના સામે ઝુકીજાય? રસુલૂલ્લાહ સલ.એ ફરમાવ્યું 'નહી' એમણે પુછયુ કે શું એમનાથી ચીમટી જાય અને બોસો આપે? રસુલૂલ્લાહ સલ. એ ફરમાવ્યું 'નહી' એમણે પુછયુ કે શું એમનો હાથ પકડીને મુસાફહો કરે? આપ સલ.એ ફરમાવ્યું "હા" (મિસ્કાતુલ મસાબીહ)

(8) Silence : The way of Freedom

The Prophet ﷺ said that, "He who is silent, get liberated." (Mishkat Shareef-431)

In this most concise hadith shareef, a short sentence is based on three words, but it shows the way to get liberated (safety) from world & the life here after. If a person gives up the habit of speaking the vain and remains silent then he get rid of his sins and crimes happened in the life here after.

"He who remained silent got rid of it"

(Monthly Albalagh Urdu, Jamia Karachi)

(૧૦) માહે મુહર્રમ :

મોહર્રમ મહીનામાં કરબલાની ઘટનાને યાદ કરવાને બદલે તથા ગમ અને માતમ સમજવાને બદલે એ દિવસોમાં મસનૂન અમલ રોઝો રાખવું છે. હદીસ શ.માં રમઝાન પછી નફલી રોઝહમાં મોહર્રમના રોઝાને સૌથી વધુ અફઝલ બતાવવામાં આવ્યો છે. "અફઝલુ સ્સિયામી બઅદ રમઝાન શહરૂલ્લાહિલ મુહર્રમ" એટલે કે રમઝાન પછી સૌથી અફઝલ રોઝહ અલ્લાહના મહીના મોહર્રમના છે.(મિશ્કાત શ. પેજ ૧૭૮)

ખાસ કરી દસમી મોહર્રમના રોઝાની હદીસ શરીફમાં ઘણી ફઝીલત આવી છે કે આશૂરહનો રોઝો અફઝલ બતાવવામાં આવ્યો. "આપ સલ.નું ફરમાન છે અલ્લાહથી ઉમ્મીદ છે કે આશુરાના રોઝાથી પાછલા એક વર્ષના ગુનાહ માફ થઇ જશે'. (મુસ્લિમ ૧/૩૬૭)

આશુરા ના દિવસે કરવાનો બીજો અમલ

આપ સલ.એ ફરમાવ્યું કે જેણે આશુરાના દિવસે (પોતાની હેસિયત મુજબ) પોતાના બાલ-બચ્ચાઓ (ઘરવાળાઓ) પર કુશાદગી (ઉદારતા) કરી, અલ્લાહતઆલા આખુ વર્ષ એના ઉપર કુશાદગી ફરમાવશે.(રઝીન,બયહકી, દુર્રે મન્સૂર, ૬/૩૪૫)

(10) The month of Muharram

Instead of remembering the events of Karbala in the month of Muharram and understanding the grief and sorrow, it is sunnah that one should observed Fasting on that day. According to hadith, the Fasting in the month of Muharram is most prominent or you can say most rewarding to after the Fasting of Ramadan."Afazalussiyami ba'ad Ramzaan Shahurullahil Muharrum" means that the most prominent Fasting after Ramadan is the Fasting in the month of Muharram.(Mishkat Shareef Page no. 178)

Especially in hadith of 10th Muharram Fasting, the Prophet Muhammad ﷺ said that Keep hope on the Allah and keep Fasting in the month of Muharram and he will definitely erase the sin of the last one year.(Muslim 1/367)

Other things to do on the day of Muharram

The Prophet Muhammad ﷺ said that on the day of Aashurah (10th day of month of Muharram) (According to own Capability) remain kind towards his own child (relatives) then Allah Ta'ala remain kind towards him entire year.

(Rajin, Bayhaki, Durre Mansur, 6/345)

(૧૧) હિજરી સન વિષે :

મોહર્રમનો મહિનો સન હિજરીનો પહેલો માસ છે. અત્યાર સુધી ૧૪૪૨ હિજરી હતી. હવે ૧૪૪૩ હિજરી શરૂ થઇ રહી છે.

ઇસ્લામી હિ.સ.ની શરૂઆત હિ.સ.૧૭ હઝરત ઉમર રદી.ના શાસનકાળ દરમિયાન થઇ. જેની હકીકત એ છે કે હઝ.અબુ મુસા અશ્અરી રદી. યમનના ગવર્નર હતા. તેમણે હઝ. ઉમરને કહ્યું કે આપના ફરમાનો અમારી પાસે આવે છે, પરંતુ તેના ઉપર તારીખ અને હિજરી (સાલ) હોતી નથી. અગર એ હોય તો ઇન્તેઝામમાં સહુલત થાય. આથી હઝ. ઉમર રદી.ની રાય મુજબ નક્કી થયું, કે સને તારીખનો આધાર હિજરત પર રાખવામાં આવે. પરંતુ વર્ષની ઇબ્તિદાઅ મોહર્રમથી કરવામાં આવી કારણ કે નબુવ્વતના તેરમા વર્ષે ઝિલહજ્જના બિલકુલ અંતમાં મદીનએ મુનવ્વરહ તરફ હિજરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

મુસલમાનોના ઇસ્લામી સન હિજરી પણ એક ખાસ- વિશિષ્ઠ હેસિયત ધરાવે છે. દુનિયાના ધર્મોમાં જેટલા પણ સન પ્રચલિત છે તે સામાન્ય રીતે કોઇ જાણીતા વ્યકિતના જન્મદિવસની યાદ અથવા કોઇ સામાજિક ખુશીના પ્રસંગ સાથે સંકળાયેલ હોય છે.પરંતુ હુઝુર સલ.ના હિજરતના બનાવ પર સન હિજરીનો આધાર રાખવામાં આવ્યો. હિજરતનો પ્રસંગ આ વાત શિખવાડે છે કે એક મઝલુમ અને મજબુર નિસહાય વ્યકિત પોતાના મિશનમાં કઇ રીતે કામિયાબ થઇ શકે છે તથા મુસીબતોથી નીકળી જઇ કેવી રીતે સફળતાનો સોનેરી તાજ પોતાના માથા પર મૂકી શકે છે.(૫૬૦, ફત્હુલબારી, ઐની ૧૭/૬૬)

(અઝ.કિતાબ મુફતી ઇસ્માઇલ વાડીવાલા સા.(રહ)

(11) About Hijri year:

The month of Muharram is the first month of the hijri year. Previous year was 1443Hijri.Coming year will be 1444Hijri. It started with the Migration of Prophet Muhammad p.b.u.h. from makkah to madinah.But the Islamic year is started during the reign of Hazrat Umar R.A. in the Hijri year17.The fact is that Hazrat Musa Ash'aari r.a. was the governor of Yemen. He said to Hazrat Umar R.A. that your tax reaches to us but it does not have the date Hijri year on it.If it is there, it will become easy to manage.According to the opinion of Hazrat Umar r.a., it was decided that the date and the year should be based on migration. The migration from Makkah to Madina took place on the 12th of Rabiul Awwal. But the beginning of the year was kept from Muharram because, the decision of migration from Makkah to Madinah was taken at the very end of 13th year of prophethood, in the end of month of Zilhajj.

The Hijri (islamic calendar)of Muslims also has a special peculiarity (feature). As many calendars are prevalent in the world's religions, they are usually associated with the commemoration of a famous person's birthday or some joyoussocial occasion. But Sun Hijri was based on the incident of Huzur Sal.'s migration.The story of the exodus(migration) teaches how an oppressed and helpless person can succeed in his mission. And how can one get out of hardships and difficulties and put the golden crown of success on his head. (560, ‘Fathul Ba’ri, Ayni, 17/66)

From the booklet by Mufti Ismail Wadiwala sa.(R.a.)

(૧૨) દસમી મોહર્રમની ફઝીલત :

દસમી મોહર્રમના ઘણા જ સારા કાર્યો અને બનાવો બન્યા છે. એજ કારણે એ દિવસની ફઝીલત ઘણી છે. જેમકે (૧) હઝરત ઇબ્રાહીમ અલ.ને નમરૂદની આગથી એજ દિવસે છુટકારો મળ્યો હતો. (૨) હઝરત નુહ અલ.ની કશ્તી જુડી પહાડ ઉપર આજ દિવસે થોભી હતી જેથી કાફિરો ડૂબી ગયા અને મુસલમાનોને સુરક્ષિત રાખવામાં આવ્યા (૩) હઝરત યુનુસ અલ.ને માછલીના પેટમાંથી આ દિવસે નજાત મળી હતી. (૪) આદમ અલ.ની તૌબા કબુલ થઇ હતી. (૫) યુસુફ અલ.ને કૂવામાંથી કાઢવામાં આવ્યા હતા. (૬) ઇસા અલ. આજ દિવસે પેદા થયા અને એજ દિવસે આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા. (૭) ઇબ્રાહીમ અલ. પેદા થયા. (૮) યાકુબ અલ.ને અંધ થઇ જવા પછી એજ દિવસે આંખોની રોશની પાછી આપવામાં આવી. (૯) સુલેમાન અલ.ને હુકુમત મળી. (૧૦) ઐયુબ અલ.ને બિમારીથી તંદુરસ્તી મળી. (૧૧) ઇદ્રીસ અલ.ને આસમાન ઉપર ઉઠાવી લેવામાં આવ્યા. (૧૨) આપ સલ.ની દરેક ખતાઓની માફીનું એલાન કરવામાં આવ્યું.

(અવજઝ 3/૪૮,ઐની ૧૧૭-૧૧૮ ભાગ-૧૧)

(12) Uprightness of 10th Muharram

There are so many good deeds and incidents of the tenth Muharram, so that's why there are so many virtues of that day. Such as:- **(1)** Hazrat Ibrahim ﷷ was saved from the fire of Namrud on the same day.

(2) Hazrat Noah ﷷ's boat stopped on Judy Mountain on this day so that the infidels drowned and the Muslims were protected.

(3) Hazrat Yunus ﷷ was saved from the stomach of the fish on the day.

(4) Hazrat Aadam ﷷ's repentance was accepted.

(5) Hazrat Yusuf ﷷ was taken out of the well.

(6) Hazrat Isa ﷷ wsa born on this day and lifted to the sky on the same day.

(7) Hazrat Ibrahim ﷷ was born on this day.

(8) It is the same day that hazrat yakub ﷷ got back his eye sight after blindess

(9) Hazart Suleman ﷷ got the reign (kingdom)

(10) Hazart Aiyyub ﷷ was recovered from his illness.

(11) Hazat Idris ﷷ was lifted to heaven.

(12) The Prophet Muhammad ﷺ declared to be pardoned of all the sins.

(Awaja'aj 3/48, Aini 11/117)

(૧૩) યવમે આશૂરા નો રોઝોઃ

દસમી મુહર્રમ ના રોઝહની ઘણી ફઝીલત છે, "આપ સલ.એ ફરમાવ્યું કે હું અલ્લાહથી ઉમ્મીદ રાખું છું કે દસમી મોહર્રમનો રોઝો ગયા વર્ષના ગુનાહોનો કફ્ફારો કરી આપશે." (તિરમીઝી)

પરંતુ એક રોઝો રાખવામાં યહુદીઓ સાથે સરખામણી થાય છે માટે આપ સલ.એ એની સાથે બીજો રોઝો રાખવાનો ઇરાદો ફરમાવ્યો હતો. જેથી બે રોઝહ રાખવું અફઝલ છે. (નવ અને દસ અથવા દસ અને અગિયાર)

હઝરત અબૂ હુરયરહ રદી. હુઝુરે પાક સલ.નો ઇરશાદ નકલ ફરમાવે છે કે "માહે રમઝાનના સૌથી અફઝલ રોઝા પછી માહે મુહર્રમમાં યવમે આશૂરાનો રોઝો તેમજ પાંચ વખતની સૌથી અફઝલ નમાઝો પછી તહજ્જુદની નમાઝ અફઝલ છે. (તિરમિઝી- નસાઇ)

(13) Fasting on 10th Muharram

There are many virtues of Fasting on the tenth of Muharram. "The Prophet ﷺ said that I hope from Allah and the Fast of tenth Muharram will definitely atone for the sins of past year." **(Tirmizi)**

But keeping one Fast is comparable the Jews, so the Prophet ﷺ intended to keep another Fast with it. So it is better to have Fast.**(9th and 10th or 10th and 11th)**

Hazart Abu Hurairah ؓ copied from The Prophet Muhammad ﷺ and said that "After the most rewarding Fasting of Ramadan, Fasting on 10th Muharram (Youm-e-Aashurah) as well as after the five important prayers the Tahajjud prayer is most prominent." **(Tirmizi - Nasai)**

(૧૪) યવમે આશૂરા નો રોઝો:

દસમી મુહર્રમ ના રોઝહની ઘણી ફઝીલત છે, “આપ સલ.એ ફરમાવ્યું કે હું અલ્લાહથી ઉમ્મીદ રાખું છું કે દસમી મોહર્રમનો રોઝો ગયા વર્ષના ગુનાહોનો કફ્ફારો કરી આપશે.” (તિરમીઝી)

પરંતુ એક રોઝો રાખવામાં યહુદીઓ સાથે સરખામણી થાય છે માટે આપ સલ.એ એની સાથે બીજો રોઝો રાખવાનો ઇરાદો ફરમાવ્યો હતો. જેથી બે રોઝહ રાખવું અફ્ઝલ છે. (નવ અને દસ અથવા દસ અને અગિયાર)

હઝરત અબૂ હુરયરહ રદી. હુઝુરે પાક સલ.નો ઇરશાદ નકલ ફરમાવે છે કે “માહે રમઝાનના સૌથી અફ્ઝલ રોઝા પછી માહે મુહર્રમમાં યવમે આશૂરાનો રોઝો તેમજ પાંચ વખતની સૌથી અફ્ઝલ નમાઝો પછી તહજ્જુદની નમાઝ અફ્ઝલ છે. (તિરમિઝી- નસાઇ)

(14) Fasting on 10th Muharram

There are many virtues of Fasting on the tenth of Muharram. “The Prophet ﷺ said that I hope from Allah and the Fast of tenth Muharram will definitely atone for the sins of past year.” **(Tirmizi)**

But keeping one Fast is comparable the Jews, so the Prophet ﷺ intended to keep another Fast with it. So it is better to have Fast.**(9th and 10th or 10th and 11th)**

Hazart Abu Hurairah ؓ copied from The Prophet Muhammad ﷺ and said that “After the most rewarding Fasting of Ramadan, Fasting on 10th Muharram (Youm-e-Aashurah) as well as after the five important prayers the Tahajjud prayer is most prominent.” **(Tirmizi - Nasai)**

(૧૫) પયગામે કુરઆન

અલ્લાહ અને રસૂલોનો હુકમ (ખુશીથી) માનો કે જેથી તમારા ઉપર કૃપા થાય. અને પોતાના પરવરદિગારની બખ્શિીસ તથા તે જન્નત તરફ દોડો કે જેની પહોંળાઇ આકાશો અને પૃથ્વી સમાન છે. જે અલ્લાહથી ડરનારાઓ માટે તૈયાર કરવામાં આવી છે. જેઓ સુખમાં અને તંગીમાં દાન આપ્યા જ કરે છે. અને ગુસ્સાને દબાવે (કન્ટ્રોલ કરે) છે. તેમ લોકો(ના અપરાધ) ને માફ કરે છે. અલ્લાહતઆલા એવા ભલાઇ (એહસાન) કરનારાઓને દોસ્ત રાખે છે. અને એવા લોકો જયારે કદી કોઇ નિર્લજ્જ કામ (ગુનો) કરી બેસે છે અથવા પોતાના હકમાં ખોટું કામ કરી લે છે તો (તરત) અલ્લાહને યાદ કરે છે. અને પોતાના ગુનાહોની માફી ચાહે છે...

જાણી જોઇ પોતાના બૂરા કામ પર અડી પણ રહેતા નથી એવા લોકોનો જ બદલો તેમના પરવરદિગાર તરફથી બખ્શિસ (માફી) છે. અને જન્નતના એવા બગીચા છે જેની નીચે નહેરો વહે છે. સારા કાર્યો કરનારાઓનો કેવો સરસ બદલો! (પારહ: ૪, સૂરએ આલે ઇમરાન , આયત:-૧૩૧/૧૩૫)

(15) The Message of Qur'an

Obey Allah and the Messengers, so that you may be favored. And run towards your Lord, Allah and Paradise whose width is equal to sky & earth, which is prepared for those who fear Allah. Those who give alms in happiness & scarcity and suppress (control) anger. Also he forgives people, Allah Ta'ala became a friend those who do such good deeds & those people who sometime commit a shameful deed (crime) do wrong in their own right (immediately) remember Allah Ta'ala and wants forgiveness for his sins.

The reward of those who knowingly do not even persist in their evil deeds then for this he get bounty (forgiveness) from their Lord. And there are gardens of Paradise beneath which rivers flow. What a wonderful reward for those who do well. (Parah-4,Surah-Aal Imran Ayat-131-135)

(૧૬) તઅલ્લુક (સંબંધ) તોડવા વિષે

નબીએ કરીમ ﷺ નો કીમતી ઇરશાદ છે કે કોઇ માણસ માટે એ જાઇઝ નથી કે મોઅમીનને ત્રણ દિવસ સુધી છોડી આપે, જયારે ત્રણ દિવસ પસાર થઇ જાય તો તેને જોઇએ કે તે તેને મળે અને સલામ કરે. અગર (બીજાએ) સલામનો જવાબ આપી દીધો તો બન્નેવ વ્યક્તિ સવાબમાં શરીક થશે. અને જો સલામનો જવાબ ન આપ્યો તો સલામ કરનાર વ્યક્તિ પોતાની જીમ્મેદારી થી મુકત થઇ ગયો. તેના માટે સંબંધ તોડવાનો ગુનો નહિ રેહશે.

(બુખારી શ. મુસ્લિમ શ.)

ઇમાનની લઝઝત (હલાવત)

રસુલેપાક ﷺ એ ફરમાવ્યું જે કોઇ તમારામાંથી કોઇ બૂરી અને શરિઅતના ખિલાફ વાત જુએ તો જરૂરી છે કે અગર તાકત ધરાવતો હોયતો પોતાના હાથ થી (એટલે કે ઝોર અને તાકત વડે) તેને બદલવાની (સુધારવાની) કોશીશ કરે. અને જો તેની તાકત ન રાખતો હોય તો પછી પોતાની ઝુબાન થી જ તેને બદલવાની (રોકવાની) કોશીશ કરે, અને જો તેની પણ તાકત ન ધરાવતો હોય તો પોતાના દિલથી જ તેને બુરૂ સમજે અને આ ઇમાનનો સૌથી કમઝોર દરજો છે.

(મુસ્લિમ શ. મઆરિફુલ હદીસ)

(16) About breaking up the Relationship (Ta'aluk)

Nabi-e-kareem ﷺ said that it is not permissible for a man to leave a believer for 3 days but when 3 days have passed he should meet him and salute him. If (the other person) responds to the salutation (salam) then both person will include in the reward. And if the other person doesn't give the answer to salutation (salam) then salutor is relieved from his responsibility. It will not be a crime for him to break up.

(Bukhari Shareef, Muslim Shareef)

The Taste of faith (Comfort, Relief)

Rasul-e-Paak ﷺ said that if any one of you speaks against evil & the Shari'ah, then it is necessary that if he has strengths, then he should try to change (correct) it with his own hands (i.e. by force & strength) and if he does not have the strength then he should try to change (stop) it with his own tongue, & if he doesn't have the strengths then he should understand from his own heart that it is a bad thing. And this is the weakest level of faith.

(Muslim Shareef, Ma'ariful Ahadith)

(૧૭) હલાલ કમાઇની ફઝીલત

(૧) નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે ઇન્સાન માટે એથી સારૂ કોઇ ખાણું નથી કે જે પોતાના હાથની કમાઇથી ખાય. અલ્લાહના નબી હઝ.દાઉદ અલ. પોતાના હાથની કમાઇથી ખાતા હતા.

(૨) નબીએ કરીમ સલ. એ ફરમાવ્યું કે જે માણસ સવાલ (ભિક્ષા)થી બચવા માટે અને પોતાના બાલ-બચ્ચાઓની જીવન જરૂરીયાતો પૂરી કરવા માટે તથા પોતાના પડોશીઓ સાથે સારો વર્તાવ અને નરમી કરવા માટે હલાલ રોજી શોધે તો અલ્લાહપાક કયામતમાં તેને એવી રીતે ઉઠાવશે કે તેનો ચેહરો ચૌદમી રાત્રીના ચાંદની જેમ (ચમકતો) હશે.(શોઅબુલ ઇમાન)

(૩) નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે જે માનવીમાં ત્રણ ખૂબીઓ હોય તે જન્નતમાં જશે. (૧) હલાલ ખાય (૨) સુન્નત તરીકા પર અમલ કરે (૩) લોકો તેની તકલીફોથી સુરક્ષિત (સલામત) રહે. (તિરમિઝી શ.)

(૪) નબીએ કરીમ સલ. એ ફરમાવ્યું કે જે હલાલ રોઝીની શોધ (મેહનત)માં હારી-થાકી રાત ગુઝારે છે તો રાત્રે જ તેની બક્ષિસ થઇ જાય છે. **(કન્ઝુલ ઉમ્માલ)**

(17) The virtue of Halal earnings

(1) The Prophet Muhammad ﷺ said that there is no better food for human being than he earn by himself. Allah Ta'ala's Nabi Dau'ad عليه السلام eat what they earned.

(2) Nabi-e-Kareem ﷺ said that if a person finds a halal livelihood to avoid questioning (begging) and to meet the living needs of his children & treat his neighbor well and be gentle with them, then Allah will raise him up in the Day of Resurrection in such a way that his face will be like (shinning) the moon of the fourteenth of night (Sho'abul Imaan)

(3) The Nabi-e-Kareem ﷺ said that a human being who has three qualities will go to Paradise. (1) Eat Halal. (2) Follow sunnah way of living. (3) People are safe from his troubles. (Tirmizi Shareef)

(4) Nabi-e-Kareem ﷺ said that if one spends the night in search of Halal livelihood then he will be rewarded at night.(Kanjul Um'mal)

(૧૮) મુસલમાનની અયાદત (ખબરલેવા) ની ફઝીલત

હુઝુરેઅકરમ સલ.એ ફરમાવ્યું કે જે માણસ વુઝુ કરે અને સવાબ સમજીને મુસલમાન ભાઇની અયાદત કરે તો તે જહન્નમથી એટલી દૂર કરી દેવામાં આવશે જેટલી દૂર કોઇ સાંઠ (૬૦) વર્ષ ચાલીને પહોંચે (અબુદાઉદ શ.) રસુલેપાક સલ. એ ફરમાવ્યું કે જે માણસ (વ્યક્તિ) કોઇ બિમારની અયાદત (બિમાર પૂરસી) કરે છે તો આસમાનથી એક પુકારનાર પુકારે છે કે તુ ખુશ રહે, તારૂં આ ચાલવું બરકતવંત થાય, તેં જન્નતમાં ઘર બનાવી લીધું (ઇબ્ને માજહ)

યતીમ સાથે મોહબ્બત અને શફકતઃ

રસુલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જે વ્યક્તિ યતીમના માથા પર હાથ ફેરવે અને ફક્ત અલ્લાહના ખાતર જ ફેરવે તો જેટલા બાલોપર તેનો હાથ ફર્યો છે તેટલી જ નેકીઓ તેને મળશે. અને જે યતીમ છોકરા કે છોકરી સાથે એહસાન કરે જે તેની પાસે રેહતા હોય તો હું અને તે (વ્યક્તિ) જન્નતમાં એવી રહેશે જેવી રીતે શહાદતની આંગળી અને વચલી પાસ-પાસે છે.

(ઉસ્વએ રસુલ ﷺ)

(18) To visit the sick Muslim (Iyaadat)

The Prophet Muhammad ﷺ said that a person performs wudhu and visit Sick Muslim then he has been deprived from hell as far as 60 years after walking. (Abu Dawood Shareef) Rasool Paak ﷺ said that one who visit a sick then someone call from the sky that you remain happy, and your walking makes prosperity for you. And your house made in Paradise.

Love and Affection with Orphan :

Rasulullah ﷺ said that whoever patting his hands on the head of the orphan and patting his hands only for the sake of Allah, then he will get as many as good deeds as he has turned his hand over, And whoever does good to an orphan boy or girl who lives with him, me and he (The person) will be in Paradise like the index finger and middle finger. **(Uswaye Rasul ﷺ)**

(૧૯) માં સાથે સારો વર્તાવ

નબીએ ﷺ થી એક સહાબીએ પુછયુ હું એહસાનનો મામલો કોની સાથે કરૂ? આપ સલ. એ ફરમાવ્યું પોતાની માં ની સાથે. મેં ફરી પૂછયું કે નેકીનો મામલો કોની સાથે કરૂ, આપ સલ.એ ફરમાવ્યું પોતાની માં ના સાથે. ફરી મારો એજ સવાલ દોહરાવ્યો તો આપ ﷺ એ ફરમાવ્યું માં ની સાથે, મેં ચોથી વાર પછી પુછયુ કે કોની સાથે ભલાઇ કરૂ? તો આપ સલ.એ ફરમાવ્યું બાપની સાથે. પછી જે નજીકના રિશ્તેદાર હોય તેઓ અગ્રિમ હક ધરાવે છે. (મિશ્કાત શ.)

: ઓરતનું મહરમ વગર સફર કરવું :

રસુલે પાક સલ.એ ફરમાવ્યું કે કદી પણ કોઇ પુરૂષ (પરાઇ) ઓરતની પાસે એકાંતમાં ન રહે. અને કદી પણ કોઇ ઓરત સફર ન કરે ત્યાં સુંધી કે તેની સાથે મહરમ (પિતા, ભાઇ, પતિ વગેરે) હોય, આ સાંભળી એક માણસે પુછયું કે યા રસુલુલ્લાહ સલ. મારૂ નામ ફલાણા ફલાણા જીહાદમાં લખાઇ ગયુ છે અને મારી પત્નિ હજ માટે નિકળી ચુકી છે. (આ જિહાદ ફર્ઝે ઐન ન હતો એટલા માટે) હુઝુર સલ. એ ફરમાવ્યું કે જાઓ પોતાની પત્નિ સાથે હજ કરો. (અઝ: અલબલાગ- કરાંચી, ૧૪૩૯ હી.)

(19) Good behavior with Mother

One of the companions asked the Prophet ﷺ with whom should I do favor? The Prophet Muhammad ﷺ said that with own mother. I asked again with whom I should do the matter of righteousness. The Prophet Muhammad ﷺ said that with your mother. I asked again & again the same question The Prophet Muhammad ﷺ said that with own mother. I asked for the 4th times with whom I do well and then The Prophet Muhammad ﷺ said with the father. Then those who are close relatives have the right.

Travelling without Mahram

The Prophet Muhammad ﷺ said that no man should ever be alone with a woman and no woman should ever travel until she has a mahram (Father, brother, husband etc.) with her. By hearing this one man asked Rasulullah ﷺ that my name has been written in so & so Jihad and my wife has left for Hajj. (That is why this Jihad was not compulsory) The Prophet ﷺ said that go and perform Hajj with your wife. (From:Monthly Albalagh,Karachi, 1439 Hijri)

(૨૦)જન્નતી અને દોઝખીની ઓળખ

હુઝૂરેપાક ﷺ એ ફરમાવ્યું કે "શું હું તમને ન બતાઉ કે જન્નતી કોણ છે? (પછી પોતે ફરમાવ્યું કે) દરેક તે વ્યકક્તિ જે કમઝોર હોય એટલે કે વ્યવહાર અને વર્તનમાં સખત (ઉગ્ર) ન હોય બલ્કે વિનમ્ર અને સ્વભાવે નરમ હોય. લોકો પણ તેને કમઝોર સમજતા હોય (અલ્લાહપાક સાથે તેનો સંબંધ એવો હોય કે) અગર કોઇ વાત માટે અલ્લાહની કસમ ખાઇ લે તો અલ્લાહપાક તેની (કસમની લાજ રાખીને તેની) વાતને જરૂર પૂરી કરી આપે.

અને ફરમાવ્યું કે શું હું તમને ન બતાઉ કે દોઝખી કોણ છે?... પ્રત્યેક તે માણસ જે માલ જમા કરી રાખી મૂકનાર કંજૂસ, સ્વભાવે સખત અને ઘમંડી હોય. (બુખારી શ.)

(20) Identity of heavenly (Jannati) and hellishnesses (Dojakhi)

Huzoor ﷺ said that "Shall I not show you who is heavenly?" (Then he himself said that) every person who is weak, that is not hard (harsh) in behavior but humble and gentle in nature. If people consider him weak (his relationship with Allah Ta'ala is such that) if he swears by Allah for something. Then Allah Ta'ala will fulfill his wish (Keeping respect towards his oath).

And then the Prophet Muhammad said that "Shall I not show who is hellishnesses (Dojakhi)?" one who keep his wealth, the miser, harsh by nature and proudy. (Bukhari Shareef)

(૨૧) મરવા પછી કામ આવનાર અમલ:

હઝ.અબૂ હુરૈરહ રદી. ફરમાવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું "મોઅમીનના મૃત્યુ પછી જે અમલો (કાર્યો)નો સવાબ તેને મળતો રહે છે તે પૈકી એક તો ઇલ્મ છે જે કોઇને શીખવાડયો અને ફેલાવ્યો હોય, બીજું નેક અવલાદ છે જે છોડી હોય, ત્રીજું કુર્આન શરીફ છે જે વારસામાં છોડયું હોય, ચોથું મસ્જિદ છે જે બનાવીને ગયો હોય, પાંચમું મુસાફરખાનુ છે જેને બનાવ્યું હોય, છઠ્ઠુ નહેર છે જેને ચાલૂ કરી હોય, સાતમું તે સદકો છે જેને પોતાની ઝીદગી અને તંદુરસ્તીમાં એવી રીતે આપી ગયો હોય કે મૃત્યુ પછી તેનો સવાબ મળતો રહે.(ઇબ્ને માજહ)

(21) Implementation after the Death

Hazrat Abu Hurairah ﷺ said that Rasulullah ﷺ told that "One of the deeds which he receives after the death of a believer is knowledge which has taught and spread to others, another is the virtuous offspring who has left, the third is the Qur'an which is inherited, and the fourth is the Mosque. Then fifth is Musafarkhana which has been built, the sixth is the canal which has been started, the seventh is the Sadqah which has been given in One's life and health in such a way that after one gets its reward." **(Ibne Majah)**

(૨૨) વાલિદૈનના હક એમના જવા (મૃત્યુ) પછી

એકવાર કબીલએ બનૂ સલમહના એક માણસે નબીએ કરીમ સલ.ની ખિદમતમાં હાજર થઇ પૂછયું કે અય અલ્લાહના રસૂલ! ﷺ શું મારા માટે પોતાના વાલિદૈન (માતા-પિતા) ના ઇન્તિકાલ પછી તે બંને સાથે હુસ્ને સુલૂક (સારા વર્તાવ) ની કોઇ રીત શકય છે? હુઝુરેપાક ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે 'હાં'- (૧) તેમના માટે દુઆઓ કરવી, (૨) અલ્લાહથી તેમની મગફિરત માંગવી, (૩) તેમના પછી તેમની (જાઇઝ) વસિય્યતને પૂરી કરવી, (૪) જે લોકો સાથે તેમના કારણે રિશ્તેદારી છે તેમની સાથે હુસ્ને સૂલૂક કરવો (તેમનો ખ્યાલ રાખવો, મદદ કરવી) તથા તેમના દોસ્તોની ઇજ્જત કરવી. (અબૂ દાઉદ શ.) (નુરૂસ્સુદુર /૧૨૫)

(22) Parents right after their death

Once a man from Kabil-e-Banu Salmah appeared in the service of the Prophet Nabi Kareem ﷺ and asked "O Messenger of Allah! Is it possible for me to have a relationship with both of them after the death of my parents?" The Prophet ﷺ said that "Yes", to pray for them, to seek for their forgiveness to Allah. To fulfill their (permissible) will after them, to treat well with those who are related to them because of them. (to take care of them, to help him) and to respect their friends.
(Abu Dawood)

(૨૩) સંપૂર્ણ મુસલમાન અને કામિલ મુહાજિર:

હુઝુરેપાક ﷺ એ ફરમાવ્યું કે મુસલમાન તે છે કે જેની ઝબાન અને હાથથી અન્ય મુસલમાન સુરક્ષિત રહે, અને મુહાજિર તે છે જે અલ્લાહની મના કરેલ વસ્તુઓને છોડી આપે. (બુખારી શ. ભા-૧/૬)

આ હદીસેપાકમાં હાથ અને ઝુબાનનો ખાસ ઉલ્લેખ એટલા માટે છે કે સામાન્ય રીતે તકલીફ પહોંચાડવાના આ જ બે મુખ્ય માધ્યમ છે, નહી તો અહી દરેક તે વસ્તુ નિર્દેશ છે કે જેનાથી તકલીફ પહોંચી શકે છે, ભલે તે હાથ હોય, ઝુબાન હોય કે અન્ય વસ્તુ.

હદીસના બીજા ભાગમાં મુહાજિરનો ઉલ્લેખ છે. મુહાજિર દરેક તે વ્યકતિને કહે છે જેણે અલ્લાહના માટે (માર્ગે) પોતાનું વતન, પોતાનું ઘર અને દેશ છોડયો હોય. ઇસ્લામ આ કુરબાની (ત્યાગ)ને ખૂબ જ કદર અને ઇજ્જત ની દ્રષ્ટિએ જુએ છે. અને એની ઘણી ફઝીલત છે. પરંતુ આ હદીસથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહપાકે જે વસ્તુઓથી પોતાના બંદાઓને રોકયા છે તેનાથી બચતા રહે તેમજ અલ્લાહને રાજી રાખવા માટે પોતાની મનેચ્છાઓ બિલ્કુલ છોડી પવિત્ર જીવન અને અંતરની શુધ્ધતા જાળવી રાખે તે વ્યકિત હકીકી મુહાજિર કહેવાનો હકદાર છે.

(23) Full muslim and kamil muhajir

Huzoor Pak ﷺ said that Muslim is the one from whose tongue and hands other Muslims are safe.And the Muhajir is one who abandons the things forbidden by Allah.(Bukhari Shareef Part-1/6)

Hand and tongue are specially mentioned in this hadith because these are usually the two main means of causing distress otherwise here everything is pointed out that cause distress, whether it be the hand, the tongue or something else.

Muhajir is mentioned in the second part of the hadith. Muhajir refers to anyone who has left his homeland, his home & country for the sake of Allah. Islam values the renunciation of the Sacrifice very much & in terms of prestige. And it has many virtues. But it is clear from this hadith that true Muhajir deserves to be called a person who speaks of the things that Allah has forbidden to his servants and who abandons his desires altogether to maintain a pure life and purity of distance in order to please Allah.

(૨૪) હકીકી કંગાલ અને રંક (ફકીર) કોણ છે?

રસૂલેપાક ﷺ એ ફરમાવ્યું કે તમે જાણો છો કે મુફલિસ (કંગાલ) કોણ છે? સહાબ (રદી.) એ જવાબ આપ્યો કે અમારામાં કંગાલ તે વ્યક્તિ હોય છે જેની પાસે રૂપિયા-પૈસા અને દુનિયાનો માલ સામાન ન હોય, હુઝુરેપાક ﷺ એ ફરમાવ્યું કે મારી ઉમ્મતનો કંગાલ તે વ્યક્તિ હશે જે કયામતના દિવસે નમાઝ,રોઝહ,ઝકાત (વગેરે ઘણી નેકીઓ) લઇને આવશે પરંતુ તેણે કોઇને ગાળ આપી હશે, કોઇના ઉપર ખોટા આક્ષેપ લગાવ્યા હશે, કોઇનો માલ ખાધો હશે, કોઇનું ખૂન વહેવડાવ્યું હશે, કોઇને મારઝૂડ કરી હશે તો પ્રત્યેકને તેની નેકીઓ આપી દેવામાં આવશે. પછી જયારે તેની નેકીઓ ખતમ થઇ જશે પરંતુ તેના ગુનાહો (હક દારોના હકો) બાકી રહેશે તો લોકોના ગુનાહ લઇને તેના ઉપર લાદી દેવામાં આવશે પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.(સહીહ મુસ્લિમ,મિશ્કાત શ.)

(24) Who are true rich and Poor?

Rasul-e-Paak ﷺ said that “Do you know who the poor are?” The Sahaba (R.A.) replied that the poorest among us is the person who does not have money and worldly goods. Huzoor Paak ﷺ said that the poorest of my ummah will the person who will bring many prayers, fasting, Zakat (etc. more virtue) on the day of judgment, but he may have slandered someone, made false accusations against someone, eaten someone’s goods, killed someone, tortured someone, then everyone will be given his virtues .Then when his virtues are gone but his sins (rights of the rightful owners) remain the sins of the people will be taken the people will be taken and imposed on him, then he will be thrown in to hell. (Sahih Muslim, Miskat Shareef)

(૨૫)દુનિયાની મોહબ્બત અને મોતથી ભાગવું

નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું છે કે મારી ઉમ્મત પર તે સમય આવનાર છે કે જયારે અન્ય કોમો તૈયાર ખાવું (finger food) સમજી તમારા ઉપર એવી રીતે તૂટી પડશે જેવી રીતે કે ખાવાવાળાઓ દસ્તરખાન પર તૂટી પડે છે. કોઇએ પૂછયું કે અય અલ્લાહના રસૂલ સલ. શું તે સમયે અમારી સંખ્યા એટલી ઓછી થઇ જશે કે અમને ગળી જવા (ખતમ કરવા) માટે અન્ય કોમો એકજૂથ થઇ અમારી ઉપર તૂટી પડશે? આપﷺએ જવાબ આપ્યો કે 'નહી'તે સમયે તમારી સંખ્યા ઓછી નહી હશે, અલબત્ત તમો પૂરમાં તણાતા તણખલાઓ (સૂકાં પાંદડા)ની જેમ બેવજન થઇ જશો, અને તમારા દુશ્મનોના દિલમાંથી તમારો રૂઆબ નીકળી જશે તથા તમારા દિલોમાં કાયરતા અને કમહિમ્મતી પૈદા થઇ જશે.આ સાંભળી એક સહાબી એ પ્રશ્ન કર્યો કે આ કાયરતા શા માટે પેદા થઇ જશે? તો જવાબ આપ્યો કે એનાથી કે તમો દુનિયાથી મોહબ્બત કરવા લાગશો અને મોતથી ભાગવા અને નફરત કરવા લાગશો. (અબુ દાઉદ શ.)

(25) Worldly love and run away from death

The Prophet ﷺ said that the time will come when the Ummah will be ready to eat (finger food) and it will fall on you in the same way that those who eat it will fall on the tablecloth (dasterkhan). Someone asked to Prophet ﷺ that will our numbers be so small at that time that other communities (ummah) will come together to swallow us up? Aap ﷺ replied "No." "Your number will not be less at that time, off course you will be weighed down like firecrackers (dried leaves) in the flood and your impression will remove from the hearts of the enemies and cowardice and less courage will arise in your hearts. By hearing this, one of the companion asked why this cowardice would be arise. Then Aap ﷺ replied that it is because you will start loving the world & start running away & hating the death." (Abu Dawood shareef)

(૨૬) નેક (પરહેઝગાર) ની સોહબત (સંગત)

નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું કે જયારે તમે કોઇ બંદાને એ હાલતમાં જુઓ કે તેને "ઝોહદ" અર્થાત દુનિયા પ્રત્યે નિરસ અને દુર્લક્ષ તથા કમસુખન (ઓછુ બોલનાર એટલેકે બેકાર અને બેફાયદા વાતોથી ઝુબાનને સુરક્ષિત રાખવાનો ગુણ) અલ્લાહતઆલા તરફથી અર્પણ કરવામાં આવેલ છે તો તેની પાસે અને તેની સંગતમાં રહયા કરો, કારણકે જે બંદાનો આ હાલ હોય છે તેને અલ્લાહતઆલા તરફથી હિકમત (wisdom, શાણપણ, ડાહપણ) નો ઇલ્કાઅ (બક્ષિસ) થાય છે.

(શોઅબુલ ઇમાન લિલ બૈહકી)

(26) Companionship with Pious (sober) man

The Prophet ﷺ said that if you find any Allah Ta'ala's servant in the state that he has been offered by Allah as "Zohad" meaning dull, neglectful and miserable towards worldly life (less talkative i.e. the virtue of protecting the tongue from idle and useless talk) then stay with him and his company because if the servant of Allah Ta'ala has this condition then he his blessed with the wisdom of Allah.

(Shoa'abul Imaan lil Bayhaki)

(૨૭) વ્યવસ્થિતતા,નિયમિતતા,સમયબધ્ધતા

(નઝમો ઝબ્ત Regularity and Punctuality)

સમયબધ્ધતા, નિયમિતતા, સુવ્યવસ્થિતતા પ્રત્યે દુર્લક્ષતા એ આપણા સમાજની કરૂણતા છે. એક ઇસ્લામી સમાજ માટે નિયમિતતા તથા સમયપાલનનો સિધ્ધાંત સમાજને મજબૂત રાખવા અને સમાજવ્યવસ્થાને ટકાવી રાખવા માટેની પૂર્વશરત છે. નિયમિતતા તથા સમયપાલનને કારણે જયાં પોતાને રાહત મળે છે ત્યાંજ બીજાઓ પણ ઘણી તકલીફ અને પરેશાનીથી બચી જાય છે. ઓફીસ કે નોકરીના સમયની પાબંદી,સંબંધિત કાર્યોને સમયસર પૂર્ણ કરવું, બીજા લોકોની જરૂરિયાત વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવી અને શાદી વગેરેના મોકા પર લોકોના સમયને વેડફવાથી (બરબાદ થવાથી) બચાવવું વગેરે બધી બાબતો સુવ્યવસ્થા, નિયમિતતા અને સમયબધ્ધતાને કારણે જ શકય બને છે. એનું મહત્વ સમગ્ર દુનિયામાં સ્વીકાર્ય છે. સાચા મુસલમાનની ઝિંદગી આ બાબતે નમૂનારૂપ હોય છે. કારણ કે આપણા ઇમામ અને સરદાર નબીએ પાક સલ.નું સમગ્ર જીવન એનો આદર્શ નમૂનો છે.

(અઝ: અલ બલાગ-ઉર્દુ (માસિક) જુન-૨૦૧૭)

(27) Regularity & Punctuality

Punctuality, regularity, disregard for orderliness are the painfulness of or society. Regularity & punctuality re the prerequisite principle of an Islamic society for keeping the society strong & sustain the social system. Due to regularity & punctuality, where one gets relief, others also get rid of many troubles and worries. Punctuality in office or job, timely completion of related tasks, meeting other people's needs in an orderly manner & saving people's time from wasted on the occasion of marriage, etc. are all possible due to orderliness, regularity, punctuality. Its importance is accepted all over the world. The life of a true Muslim is exemplary in this regard. Because the whole life our Imam and sardar Nabi-e-paak ﷺ is an ideal example of this.

(From Monthly Albalagh, Urdu, June 2017)

(૨૮) અલ્લાહ અને રસૂલ ﷺની મોહબ્બતની નિશાની

નબીએ કરીમ ﷺ એ એકવાર વુઝૂ કર્યું. તો આપના સહાબા ؓ આપના વુઝુનું પાણી લઇને પોતાના ઉપર લગાડવા લાગ્યા. નબીએ કરીમ ﷺ એ પૂછયું કે તમે આવું કેમ કરી રહયા છો? તો સહાબએ ؓ કિરામે જવાબ આપ્યો કે અલ્લાહ અને એના રસૂલ ﷺ ની મોહબ્બતને કારણે. નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું "જે આ વાતને પસંદ કરતો હોય કે અલ્લાહ અને રસુલ ﷺ તેનાથી મોહબ્બત કરે તો તેના માટે જરૂરી છે કે **જયારે વાત કરે તો સાચું બોલે, જયારે તેની પાસે અમાનત મુકવામાં આવે તો તેને પરત સોંપી દે, તથા પોતાના પડોશીઓ સાથે સારો વર્તાવ કરે.** (મિશ્કાત શ.)

(28) A sign of love between Allah & Nabi ﷺ

One day Nabi-e-Kareem was performing wudhu that time Sahaba ؓ took the water of wudhu and start pouring it on them. The Prophet ﷺ asked them, why one you doing this? So the Sahaba ؓ replied that it was because of the love for Allah and his messenger. The Prophet ﷺ said that "whoever likes that Allah and his messenger S.A.W. love him then **it is necessary for him to speak true and return amount what it is entrusted to him & treat your neighbor well.** (Mishkat shareef)

(૨૯) પડોશીના હકો - તેમની સાથે સારી વર્તણુંક

એક વ્યકિતએ પૂછયું કે "અય અલ્લાહના રસુલ! ﷺ નિશંક ફલાણી ઓરત એવી છે કે તેના વધારે નમાઝ, રોઝહ, સદકહ વગેરેની લોકોમાં ચર્ચા રહે છે પરંતુ સાથે સાથે આ વાત પણ છે કે તેણી પોતાના પડોશીઓને પોતાની ઝબાનથી તકલીફ પહોંચાડે છે, આ સાંભળી હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે તે ઓરત દોઝખમાં છે. પછી તે માણસે પૂછયું કે અય અલ્લાહના રસૂલ! સલ. ફલાણી ઓરત વિષે લોકોમાં આ ચર્ચા રહે છે કે (નફલ) નમાઝ, (નફલ) રોઝહ, (નફલ) સદકહ વગેરે નું પ્રમાણ ઓછું હોય છે અને પનીરના થોડાક ટૂકડા સદકો કરી આપે છે પરંતુ પોતાના પડોશીઓને પોતાની ઝબાનથી તકલીફ નથી પહોંચાડતી, આ સાંભળી હુઝૂરેપાક ﷺ એ ફરમાવ્યું કે "તે જન્નતમાં જનાર છે" **(મિશ્કાત શ. ૪૨૫)**

(29) Neighbor's rights & good behavior with them

Someone asked "O messenger of Allah ﷺ, so & so woman is such a woman that there is a lot of discussion about her prayers, Fasting, Sadqah etc. but at the same time there is also the fact that she hurts her neighbor with her tongue." By hearing this, Huzoor ﷺ said that this woman is in hell. Then the man asked, "O messenger of Allah ﷺ, there is a discussion among the people about so & so woman about her (supererogatory, optional) Prayers, fasting, & sadqah etc. are less & she gives a few pieces of paneer as a sadqah but does not bother her neighbors with her tongue. Huzoor ﷺ said that, "She is going to be in paradise." (Mishkat Shareef 425)

(30) ઇસ્લામ શું છે ?

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે ઇસ્લામ આ છે કે માત્ર અલ્લાહની ઇબાદત કરો, કોઇને એમાં શરીક ન કરો, સમયસર નમાઝ અદા કરો, ઝકાત અદા કરો, રમઝાનના રોઝહ રાખો, બયતુલ્લાહનો હજ અદા કરો, સારી વાતો બતાવ્યા કરો, બૂરી (ગુનાહની) વાતોથી રોકયા કરો, (ઘરે આવી) ઘરવાળાઓને સલામ કર્યા કરો... જે વ્યક્તિ આ વાતો પૈકી કોઇ વાત (બાબત) પર અમલ નથી કરતો તો ઇસ્લામનો તે ભાગ(part) ખંડીત અને અધૂરો(incomplete) રાખે છે, અને જે આ બધું જ છોડી આપે તેણે ઇસ્લામથી પોતાની પીઠ જ ફેરવી લીધી.

(તરજુમાનુસ્સુન્નહ ૨/૧૦૭)

(30) What is an Islam?

Rasulullah ﷺ said that Islam is to worship only Allah, not to associate with anyone with it, to offers prayers on time, to pay Zakat to observe the fast of Ramadan, to perform the Hajj of Baitullah, to tell good things, to refrain from bad (sinful) words, salute your family members, whoever does not implement any of these things then it will keeps that part of Islam fragmented & incomplete. Whoever leaves this then he away from Islam.

(Tarjumaanussunnah 2/107)

(૩૧) માહે રબીઉલ અવ્વલ

આ ઇસ્લામી વર્ષનો ત્રીજો મુબારક મહીનો છે,જેમાં આખરી નબી હઝ.મુહંમદ મુસ્તફા ﷺ નો જન્મ મક્કા મુકર્રમહમાં થયો, અને આ વસ્તુ તઅજજુબની છે કે આપ ﷺ નો જન્મ પણ આજ દિવસે અને વફાત પણ આજ દિવસે થઇ. હઝ.ઇબ્ને અબ્બાસ રદી. ફરમાવે છે કે આપ ﷺની વિલાદત સોમવારના દિવસે થઇ, અને સોમવારના દિવસે જ હિજરતના વખતે મદીના મુનવ્વરહમાં દાખલ થયા, અને સોમવારના દિવસે જ આપ સલ.ને નબુવ્વતનો તાજ પહેરાવવામાં આવ્યો, અને સોમવારના દિવસે જ વફાત પણ થઇ. આપ ﷺ એ એટલાજ માટે સોમવારના દિવસની ફઝીલત બયાન ફરમાવી છે.

આ મહિનાની ઇસ્લામમાં ખાસ ફઝીલત છે અને તે ખાસ ફઝીલત હુઝૂર ﷺ નું આ દુનિયામાં તશરીફ લાવવું છે. આપ ﷺ નું તશરીફ લાવવું દુનિયાની ખુશીનો સબબ છે અને આ મહીનો ઘણોજ નૂરાની છે. (અઝ કિતાબ: બારહ મહીનેકે ફઝાઇલ, પ્રકાશક: દા.ઉ કંથારીઆ-ભરૂચ)

(31) The month of Rabbiul Awwal

It is the third month of Islamic year, in which the guider of world, the last prophet, the Prophet Muhammad ﷺ was born in this month at Mecca Mukarrama. And it is strange coincidence that the Prophet Muhammad ﷺ death is also on same date and in the same month.

Hazrat Ibne Abbas ؓ said that the Prophet Muhammad ﷺ's birth is on Monday, on Monday itself they shift (hijrah) from Mecca to Madinah Munnawarah. On Monday itself the Prophet Muhammad ﷺ got Apostleship & on Monday itself the Prophet Muhammad ﷺ died. That's why the Prophet ﷺ told the virtue of Monday.

There is special virtue of Rabiul Awwal in the Islam and this special virtue is the birth of Prophet Muhammad ﷺ. His birth is the springtide to the world.Then in which month the Prophet Muhammad ﷺ came, that Rabbiul Awwal is the divine light.(Rabeea der Rabeea).(From book:Bara mahineke fazail, Publisher:Darul Uloom Kantharia- Bharuch)

(૩૨) માહે રબીઉલ અવ્વલ

અકસર લોકો રબીઉલ અવ્વલના મુબારક મહીનામાં ઝિક્રે મીલાદ શરીફનો પ્રબંધ રાખે છે, અને બારમી તારીખને ખાસ કરીને મનાવવામાં આવે છે, અમૂક લોકો તો વફાતે નબી ﷺ ના કારણે માતમ મનાવે છે અને અમુક લોકો તો વિલાદે નબી સલ.ના કારણે ઇદનો દિવસ પણ ગણે છે, પરંતુ શરીઅતમાં આ બધા કારણોને લીધે ઇદે મિલાદ મનાવવું જાઇજ નથી, ચાહે આ મહીનામાં હોય અથવા બીજા કોઇ પણ મહીનામાં. રબીઉલ

અવ્વલના મુતઅલ્લીક કોઇ ખાસ અમલ પણ હદીસમાં આવ્યો નથી, અને આ દિવસને માતમ અથવા ઇદ મનાવવું જાઇઝ નથી. રસૂલુલ્લાહ ﷺ એ પોતે ફરમાવ્યું છે કે આપણને અલ્લાહતઆલાએ બે ઇદો આપી છે.

માટે જેટલા અહકામ રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યા છે એ અહકામનું પાલન કરવું એ આપ ﷺ ની તાકીદ છે, ચાહે આ અમલ રોઝાની શકલમાં હોય અથવા નમાઝની સુરતમાં હોય અથવા ઝકાત સ્વરૂપે હોય, માટે જેટલા પણ અમલ છે બધાજ રસુલૂલ્લાહ ﷺ ના ફરમાનના મુતાબીક છે એના ઉપર તે પ્રમાણેજ અમલ કરવો જરૂરી છે.

(હુકુક વ ફરાઇઝ:૪૭૪)

The month of Rabi-ul-Awwal

People often organize Zikr-e-Milad Sharif in the month of Rabiul Awwal and twelfth Rabiul awwal is specially celebrated.Some people mourn due to death of Rasool S.a.w. and some people also consider it as Eid day due to the birth of Rasool ﷺ but in Shari'ah it is not permissible to celebrate Eid Milad for any these reasons, whether it is in this month or in any other month.

There is no special ritual of Rabi'ul Awwal in the hadith, and it is not permissible to mourn on this day or celebrate it as Eid.

Rasoolullah ﷺ himself has said that Allah has given us only two Eids.

Therefore, it is the duty of us to follow the decrees that Rasulullah Sallallahu Alayhi Wasallam has decreed, whether this practice is in the form of fasting or in the form of Namaz or in the form of Zakat, so whatever the practice is, all of them should be in accordance with the decree of Rasulullah Sallallahu Alaihi Wasallam. It is necessary to implement it accordingly. (Huquq va Fariz : 474)

(33) ઇસ્લામ અને ઓરત.

ઇસ્લામમાં ઓરતનું જે સાચું સ્થાન હતું તે તેને આપવામાં આવ્યું (૧) તેને પિતાની મિલ્કતમાં વારસદાર બનાવી તેમાં હિસ્સો અપાવ્યો (૨) ઓરતો સાથે શરાફત અને સારી રીતે ઝીદગી ગુઝારવાનો હુકમ આપ્યો. (૩) પતિ તરીકે તેણી સાથે સારો વ્યવહાર કરવાનો હુકમ આપ્યો (૪) માતા તરીકે ઓરત માટે કહેવામાં આવ્યું કે તેણીના કદમોમાં જન્નત છે. (૫) જયારે નબી સલ.થી પૂછવામાં આવ્યું કે સૌથી મોટો હક (ઉત્તરદાયિત્વ) કોનો છે? તો ત્રણ વાર ફરમાવ્યું કે "તારી માં નો" અને ચોથી વાર બાપનો હક બતાવ્યો. (૬) ખાસ દિવસોમાં તેણી સાથે ખાવા-પીવા, ઉઠવા-બેસવામાં કોઇ ભેદભાવ નથી રાખ્યો. (૭) તેણીને પોતાની વસ્તુઓ પર માલિકીનો હક આપવામાં આવ્યો છે. શાદી પછી પણ તેણી માટે પોતાની વસ્તુઓનો માલિકી હક યથાવત રાખ્યો છે. (૮) શાદી પછી ઓરત પતિની ગુલામ નહી પણ જીવન સાથી હોય છે.

(33) Islam & Woman

The rightful place of woman in Islam was given to her. (1) Allah Ta'ala made her heir to her Father's property & gives her share in it. (2) Ordered him to live a noble & good life with woman. (3) Ordered her husband to treat her well. (4) As a mother, it was said for a woman that paradise is beneath her steps. (5) One of the companions asked the Prophet S.A.W. that who has more right on me? Then he replied 3 times as "your mother" & after asking for 4th times Aap S.A.W. said that "your father". (6) There is no discrimination in eating, getting up & sitting down with her on special days.(7) She has been given ownership of her property. Even after the marriage,(8)she retains ownership of her belongings.

(૩૪) : વ્યાજના નુકસાનો :

વ્યાજનું નિષેધ (હરામ) હોવા ઉપરાંત તેનું અત્યંત હાનિકારક (detriment) અને નિંદનીય હોવાનું કારણ એ છે કે એનાથી વિવિધ અખ્લાકી (ચારિત્રલક્ષી) રૂહાની (આધ્યાત્મિક) સામાજિક અને સમાજલક્ષી ખરાબીઓ સર્જાય છે, જેમકે વ્યાજખોરીનો હેતુ સ્વલક્ષીતા, સ્વાર્થીપણું, માલની અધમ મોહબ્બત, સામેવાળાની મજબૂરીનો ગેરલાભ ઉઠાવવો તથા કંજૂસાઇના પાયા પર રહેલો છે, જે ઇસ્લામની માનવતાની તાલીમ વિરૂધ્ધ છે. કારણકે ઇસ્લામ સ્વાર્થીપણા (selfishness) ને બદલે પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ, કુરબાની, આપસી સહકાર અને મદદની તાકીદ અને તાલીમ આપે છે. વ્યાજખોરીમાં મૂડીપતિઓ વિવશ અને ગરીબોને પોતાના નિર્દયી સકંજામાં ફસાવતાજ જાય છે.વ્યાઝખોરી ગરીબ અને ધનવાનો વચ્ચે ઝગડો, ઇર્ષ્યા,વિદ્રોહ (revolt) નું કારણ બને છે, તેનાથી ગરીબ, નાદાર વર્ગમાં ધનપતિઓ વિરૂધ્ધ હસદ, નફરત, દ્વેષભાવ, કિનો વગેરે દુર્ગુણો ઉદભવેછે. ગરીબી, બેરોજગારી, મુસીબતો અને બિમારીઓને કારણે પરેશાન અને મજબૂર લોકોના દિલોમાં મહરૂમી, નાદારીનો ભાવ અને વેરભાવ, બદલાની આગ પ્રજવલિત થાય છે.

સમાજમાં ઉદભવતી આ જ અખ્લાકી, આર્થિક અને સામાજિક નુકસાનો અને બૂરાઇઓને કારણે ઇસ્લામમાં વ્યાજને નાપસંદ અને હરામ ગણવામાં આવેલ છે. જેના વિકલ્પરૂપે ઝકાત, સદકો, ફિતરો, કફ્ફારો, ખૈરાત વગેરે માલી ઇબાદત રાખવામાં આવી છે.

(34) Disadvantages of Interest

In addition to being forbidden (haram), interest is extremely detrimental and reprehensible because it causes various moral (characteristic) spiritual, social and societal evils, such as usury is aimed at self - centerness, Selfishness, greed for wealth, disadvantage and stinginess at the root of this, which is against the teaching of Islam's humanity. Because instead of selfishness, Islam encourages and trains mutual love, empathy, sacrifice, mutual co-operation and help in usury, the capitalists trap the destitute and poor in their ruthless clutches. Usury causes quarrels, jealousy, revolt between the poor and the rich. It breeds envy, hatred, malice, envy etc. against the rich in the poor, bankrupt class, poverty, unemployment, misery and sickness ignite the fire of revenge in the hearts of those who are troubled and oppressed.

Interest is considered disliked and forbidden in Islam because of the same awkward, economic and social harms and evils that arise in the society. As an alternative to which Zakat, Sadqah, Fitra, Kaffara, khiarat etc wealth worship has been kept.

(૩૫) મેહમાનના હકો :

હઝ.મૌલાના અશરફઅલી થાનવી રહ. દ્વારા આ હકો કુર્આનપાક અને હદીસ શરીફ દ્વારા સંપાદિત છે. હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે "તમારામાંથી જે વ્યક્તિ અલ્લાહ અને આખિરત પર શ્રધ્ધા રાખતો હોય તેના માટે જરૂરી છે કે મેહમાનનો ઇકરામ (respect) કરે. બીજી જગ્યાએ હુઝૂર ﷺ એ ફરમાવ્યું કે બેશક તમારી સાથે મેળ-મિળાપ રાખનારાઓનો તમારા ઉપર હક (ઉત્તરદાયિત્વ) છે. માનવવંત ફુકહાએ અહીં સુધી લખ્યું છે કે કોઇએ નફલ રોઝો રાખ્યો હોય અને કોઇ મેહમાન આવી જાય અથવા તે પોતે કોઇને ત્યાં મેહમાન બની પહોંચી જાય અને મેઝબાન તેની મહમાની કરવા ચાહે તો તેના માટે રોઝો તોડવું પણ જાઇઝ છે. પાછળથી તેની કઝા કરી લે, જેમકે એકવાર હઝ. અબૂદરદા رضي الله عنه એ હઝ. સલમાન ફારસી رضي الله عنه ની મેહમાનીમાં કર્યું હતું. મેહમાનનો હક એ છે કે તેની ઇઝઝત કરવામાં આવે. તેમની સાથે હસતામુખે મળો અને તેમને સમય ફાળવો.

(35) Rights of guests

The rights of guest are edited by Hazrat Moulana Ashraf Ali Thanwi from Qur'an and hadith. Huzoor ﷺ said that "whoever of you has faith in Allah & the hereafter. It is necessary for him to respect the guest. In another Hadith, Huzoor ﷺ said that off course those who reconcile with you have a right (responsibility) over you. Philosopher Kukha has even gone so far as to say that it is permissible for someone to keep a nafl (supererogatory or optional) fasting and if a guest arrives or he himself becomes a guest there & the host wants to entertain him. It is also permissible to break the Fast. Later you can keep Qazah of that Fasting. Once Hazrat Abu Darda رضي الله عنه did in the hospitality of Hazrat Salman Farsi رضي الله عنه The guest has right to be respected. Meet them with a smile and make time for them"

(૩૬) પોતાની જાત (જાન) નો હક

હુઝૂર ﷺ એ એકવાર હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર ﷺને સબક શીખવાડતા ફરમાવ્યું કે "બેશક તમારા ઉપર અલ્લાહનો હક છે, અને બેશક તમારી ઉપર તમારા જાનનો પણ હક છે, અને તમારા ઉપર તમારા બદનનો પણ હક છે, અને તમારા ઉપર તમારી આંખોનો પણ હક છે, અને તમારા ઉપર તમારી પત્નીનો પણ હક (ઉત્તરદાયિત્વ) છે. માટે દરેક હકદારને તેનો હક (જવાબદારી) અદા કરો. અહી આપ સલ.એ ખૂબ જ જામેઅ (સર્વગ્રાહી) અને અસરકારક રીતે બધા જ હકો જમા ફરમાવી આપ્યા કે મુસલમાનનું કામ એ છે કે જે સમયે જે હકનો તકાઝો હોય તેને અદા કરવાનો પાબંદ છે. જેમકે જાનનો હક એ છે કે તેને ભૂખ્યો ન રાખો, આત્મહત્યા કરી તેને બરબાદ ન કરો, કોઇ એવા કામમાં ન સપડાવો કે જેનાથી કોઇ બીમારી લાગુ પડી જાય અને તેને ઝલીલ (બેઇજ્જત) ન થવા દો. સમગ્ર દીનનો ખુલાસો મૂળભૂત રીતે એ જ છે કે કયા સમયે શું હક છે તેને ઓળખી તેને પૂર્ણ કરવામાં આવે.

(36) Right to own life

Huzoor ﷺ once taught a lesson to Hazrat Abdullah bin Umar ﷺ saying "Surely Allah has the right over you and you have right over to your life and you have right over your body and you have right over to your eyes. Your wife also has right (responsibility) on you." Therefore fulfill rights of the every rightful claimant. Here you have comprehensively and effectively deposited all the rights that the job of a Muslim is to be bound to issue whatever rights are required at that time. As the right of life is not to keep him hungry, not to ruin him by committing suicide, not to get involved in any work which will cause any disease to be applied and not to let him be humiliated. The fundamental explanation of deen is to recognizing what is right at what time and to complete it.

(૩૭) જુઠુ બોલવું :

હઝ.અબ્દુલ્લાહ ﷺ થી રિવાયત છે કે હુઝુર ﷺ એ ફરમાવ્યું કે તમે લોકો જુઠું (બોલવાથી) બચો કારણ કે જુઠ માણસને ગુનાહ તરફ લઇ જાય છે. અને ગુનાહ ઇન્સાનને દોઝખની તરફ લઇ જાય છે. અને માણસ જુઠુ બોલે છે, અહી સુધી કે જુઠું બોલતા બોલતા અલ્લાહના નઝદીક “જુઠો“ લખી દેવામાં આવે છે. અને તમે લોકો સાચુ બોલવાને જરૂરી સમજી લો કારણ કે સત્ય ઇન્સાનને નેકીની તરફ લઇ જાય છે. અને નેકી જન્નતની તરફ લઇ જાય છે. અને ઇન્સાન સાચુ બોલે છે, પછી સાચુ બોલતા બોલતા અલ્લાહતઆલાની નઝદીક સાચો લખી દેવામાં આવે છે. (સૂનને અબુદાઉદ ૪૫૪/૪)

આપ સલ.એ ફરમાવ્યું કે જે માણસ દલીલબાઝી (વાદ-વિવાદ) ન કરે ભલે તે સાચો હોય તો હું તેના માટે જન્નતના ખૂણાઓમાં એક ઘરની ઝિમ્મેદારી લઉ છું, અને જે જૂઠું ન બોલે ભલે હસી-મજાક તરીકે પણ કેમ ન હોય તો હું જન્નતના વચમાં તેનામાટે એક ઘરની ઝિમ્મેદારી લઉ છું, અને જે પોતાના અખ્લાક (character-ચારિત્ર્ય) ને સારા બનાવી લે તો હું તેના માટે જન્નતના સર્વોચ્ચ ભાગમાં ઘરની ઝિમ્મેદારી લઉ છું. (અબુદાઉદ શ.)

(37) Speaking Lie

It is narrated from Hazrat Abdullah ﷺ that Huzoor ﷺ said that you people should save yourself by speaking false because speaking lie lead to sin. And sin leads man to hell & man speaks lie, even to the point of lying that he is written “lie” in the sight of Allah. And you people understand the need to speak the truth. Truth leads man to righteousness & righteousness leads to paradise. And if a man speaks the truth, then the “truthful” is written in the sight of Allah.(Sunane Abu Dawood,454/4)

The Prophet ﷺ said that if a man does not argue, even if he is right, I will take charge of a house in the corners of Paradise for him. Whoever does not lie even in joke then I will take a responsibility of house in the middle of Paradise. And one who makes his character good then I will take a responsibility to give him house in the superior part of Paradise.
(Abu Dawood Shareef)

(૩૮) બિસ્મિલ્લાહની બરકત

ઇબ્ને ઉમર رضي الله عنه ફરમાવે છે કે બેશક રસુલ ﷺ પાસે જયારે જીબ્રઇલ عليه السلام વહી લઇને આવતા હતા તો સૌથી પહેલા બિસ્મિલ્લાહ... થી આરંભ (શરૂઆત) ફરમાવતા હતા. (દુર્રે મન્સુર ૧/૭) હદીસે પાકમાં આપ ﷺ એ ફરમાવ્યું કે જે મહાન કામ બિસ્મિલ્લાહ વગર શરૂ કરવામાં આવશે તો તે કામ અધુરૂ રહેશે. અધુરૂ રહેવાનો અર્થ આ છે કે ખેરો-બરકતથી વંચિત (મહરૂમ) રહેશે.

એક હદીસ શરીફમાં છે કે ઘરનો દરવાજો બંધ કરો તો અને લાઇટ બંધ કરો તો બિસ્મિલ્લાહ પઢો. ખાવા પહેલાં, પાણી પીવા પહેલાં, સવારીપર સવાર થતી વખતે, અને ઉતરતી વખતે બિસ્મિલ્લાહ પઢવાની તાકીદ હદીસ શ. માં ઘણી જ આવી છે. (મઆરિફુલ કુર્આન)

રસુલુલ્લાહ ﷺ એ નાની પણ નફાથી ભરપૂર ઘણી દુઆઓ બતાવી છે કે તેના પઢવાથી ન દુનિયાનુ કોઇ કામ બગડે કે ન તો અટકે છે, અને પઢવાવાળા પર ન કોઇ મહેનત પડે છે. માટે બિસ્મિલ્લાહ પઢીને દરેક કામ કરવાની હિદાયત આપીને માણસની જીંદગીનું રૂખ અલ્લાહતઆલા તરફ એવી રીતે ફેરવી દીધુ કે કદમ કદમ પર પોતાની વફાદારીનું વચન આપે છે કે મારૂ દરેક નાનુ-મોટુ કાર્ય અલ્લાહના હુકમ અને તેની મદદ વગર થઇ શકતુ નથી.

(38) Prosperity of Bismillah

Ibne Umar رضي الله عنه said that of course when Gibreil عليه السلام came to the Prophet Muhammad ﷺ that time he start with Bismillah. (Durre Mansur 1/7). In Hadith, the Prophet Muhammad ﷺ said that the great work which would be started without bismillah would be incomplete. The meaning of incomplete means that work is deprived from the prosperity.

It is stated in the one of the Hadith that Recite Bismillah when you close the door of the house and turn off the lights. Recite Bismillah. There are lot of urgency stated for urgency to recite Bismillah before eating, before drinking water, while riding and while descending. (Ma'aariful Qur'an)

The Prophet Muhammad ﷺ has shown many small but profitable prayers that by reciting it no work of the world is spolied or stopped and no effort is put on the reciter. Therefore , by reciting Bismillah and instructng him to do every work, he turned the course of man's life towards Allah in such a way that he promises his loyalty step by step that every small and big deed of mine can not be done without Allah's command and help.

(૩૯) બિસ્મિલ્લાહ ની ફઝીલત

બિસ્મિલ્લાહ ઘણીજ બરકતવંત કુરઆનની આયત છે. દરેક કામ શરૂ કરવા પહેલા પઢવાથી તે કામમાં બરકત થાય છે અને બિસ્મિલ્લાહ વગર કામ શરૂ કરવાથી ભલે તે કામ પુરૂ થાય પણ તેમાં બરકત થતી નથી. ગૌવસૂલ આઝમ શેખ અબ્દુલ કાદિર જીલાની (રહ.) એ લખ્યુ છે કે આપ (સલ.) એ ફરમાવ્યું મારી ઉમ્મતના "નામએ આમાલ તરાજુના પલ્લામાં મુકવામાં આવશે તો તેઓની નેકીઓનું પલ્લુ બિસ્મિલ્લાહની બરકતથી વજનદાર થઇ જશે. અને આપ ﷺ એ ફરમાવ્યું કે દુઆ પહેલાં બિસ્મિલ્લાહ પઢવાથી તે દુઆ કબુલ થઇ જાય છે. અને આપ ﷺ એ ફરમાવ્યું કે મારી ઉમ્મતના લોકો કયામતના દિવસે બિસ્મિલ્લાહ પઢતા આવશે તો તેમની નેકીઓનું પલ્લુ વજનદાર થઇ જશે આપ ﷺ એ ફરમાવ્યું કે બિસ્મિલ્લાહ (અલ્લાહના હુકમથી) બિમારને તંદુરસ્તી બક્ષનાર, દવામા મદદ કરનાર, ગરીબને માલદાર બનાવનાર, દોઝખની આગથી બચાવનાર, કબરની તંગીથી છુટકારો આપનાર, ખુદાપાકના અઝાબ અને જમીન તથા આસમાનની મુસીબતોથી હિફાઝત કરનાર છે, અને જે કોઇ એને પઢશે તે દરેક આફતોથી બચેલો રહેશે. (ગુન્યતુત્તાલિબીન) **(અઝ:મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા શા. રહ.)**

(39) The virtue of Bismillah

Bismillah is the very blessed verse of Qur'an. Reciting before starting any work makes the work worthwhile and starting work without Bismillah does not make it worthwhile even if the work is completed. Gousul Aazam Shaikh A.Qadir Jilani has written that the Prophet Muhammad ﷺ said that "If the name of my ummah is placed on he scales of execution, the weight of their virtues will be weighed down with the blessings of Bismillah." And the Prophet Muhammad ﷺ said that by reciting Bismillah before dua, that Dua is accepted And the Prophet Muhammad ﷺ said that if the people of my ummah will recite Bismillah on the Day of Judgement, then the Weight of their virtues will become heavier.

The Prophet Muhammad ﷺ said that (By the order of Allah) Bismillah is one who heals the sick, helps in medicine , enriches the poor, saves from the fire of hell, relives us from the hardships of the grave, Protect you from the torment of Hell, and save them from the disaster. (Gunyatuttalibin) (From: Muft Ismail Wadiwala Sahab Rah.)

(૪૦) તકબ્બૂર :

તકબ્બુરની હકીકત એ છે કે પોતાની જાતને મોટો સમજવું અને બીજાને તુચ્છ સમજવું જે તમામ બુરાઇઓ અને ગુનાહોનું મૂળ છે. ગુસ્સો, ઝુલ્મ, વેરભાવ, દ્રેષભાવ, કિનાખોરી અને પરસ્પર મતભેદ મોટાભાગે એનાથીજ પેદા થાય છે. કારણ કે મતભેદ ત્યારેજ ઉદભવે છે જયાં દરેક માણસ પોતાને બીજાથી મોટો સમજે છે. અગર દરેક વ્યક્તિ પોતાને બીજાથી કમ (નીચો) સમજે તો મતભેદ અને ઝઘડાનો મોકો આવશે નહી. ટુંકમાં તકબ્બુર તમામ ખરાબીઓ અને ગુનાહો અહીં સુધી કે કુફ્ર અને શિર્કનું પણ મૂળ છે. તકબ્બુર કરનારને અલ્લાહતઆલા પસંદ ફરમાવતા નથી, જેના દિલમાં રાયના દાણા બરાબર તકબ્બુર હશે તે કયામતના દિવસે જન્નતમાં દાખલ થશે નહી.

આપ ﷺ એ ફરમાવ્યું "તકબ્બુર કરનાર" (ઘમંડી) માણસ જન્નતમાં દાખલ થશે નહી, અને ન તે પણ જે ખોટી બડાઇ હાંકતો હોય.(અબુદાઉદ શ.)

હઝ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ ؓ થી રિવાયત છે કે જે ચાહો તે ખાઓ, જે ઇચ્છો તે પહેરો અલબત્ત શરત એ છે કે તમારી અંદર ઘમંડ અને ખોટો ખર્ચ (ઇસ્રાફ) ન હોય. (બુખારી શ.)

(40) Arrogance

The reality of Arrogance is to consider himself big and consider other low. It is the root of all bad and crime. Anger, jealousy and fight in between them are from due to this. Because controversies occur due to when people understands himself better than other people.

If people consider himself lower than other people then there is no other controversies and fight. At the end Arrogance is the root of all bad things and crimes in fact it is root of infidelity and kufr. Arrogance is not liked by Allah. If there is Arrogance is equal to one mustard seed in heart then he will not enter in paradise at the Qiyamah.

The Prophet Muhammad ﷺ said that "those who is Arrogance will not enter in paradise, and those who also talk big things" (Abu Daud Shareef)

Hazrat Abdullah bin Abbas ؓ said that whatever you want you eat, Whatever you wish you eat. Wear whatever you wish. But the condition is that you shouldn't have arrogance and extra expenses. (Bukhari shareef)

(૪૧) તકબ્બૂરનો ઇલાજ (arrogance,vanity)

(૧) ગરીબોની પાસે બેસે, તેમની દઅવત કબૂલ કરે, તેમની ખિદમત કરે, તેમના કામો કરી આપે. (૨) નોકર અને બાળકો હોય છતા ઘરનું બજાર વગેરે પોતે લાવે અને બની શકે તો તેને પોતે +ઉઠાવે. (૩) લોકોને સૌ પ્રથમ પોતે સલામ કર્યા કરે ઓળખતો હોય કે ન ઓળખતો હોય. (૪) પોતાની ગીબત અને બૂરાઇ વગેરે સાંભળીને તેનો બચાવ અને સફાઇ રજુ કરવાની ફિકર ન કરે, બલ્કે પોતાની અંદર રહેલી બૂરાઇઓનો ખ્યાલ કરી અને શુક્ર અદા કરે કે મારા અંદર રહેલ બૂરાઇઓ પૈકી ઘણી થોડી ઝાહેર થઇ છે. (૫) કોઇ વાર ગુસ્સો થઇ જાય તો નાના વ્યક્તિ પાસે પણ માફી માંગી લે. (૬) દરેક નસીહત અને દરેકની વાતને માનવા માટે તૈયાર રહે, શર્ત એ કે તે તબીઅત વિરૂધ્ધ હોય શરીઅત વિરૂધ્ધ ન હોય, અગર કોઇ વાતમાં સમજ ન પડે તો કોઇ બીજા સાથે મશ્વેરો કરે. (૭) મોતને યાદ કર્યા કરે અને જ્યાં પણ મોકો મળે જનાઝામાં શિર્કત કર્યા કરે, મય્યતના ગુસલમાં હિસ્સો લે.(ઉમ્મુલ અમરાઝ કિતાબ માંથી)

(41) Treatment of Arrogance

(1) Sitting next to the poor, accepting their invitation, serving them, doing their deeds.
(2) Even though there are servant and children one should brings the market of the house etc, himself and if possible he picks it himself.
(3) Whether he recognize the people or not he should salute (Salam) every one.
(4) He should not worry about defending and justifying himself by listening to his own gossip and evils. Etc. Buck should realize the evils within him and give thanks that very few of the evils within me have been revealed.
(5) If he gets angry, he should apologize even to small person.
(6) Be ready to believe any admonition and every word provided that it is against nature and not against sharihah. If you not get anything then consult with somebody else.(7) Remembering death and attending funeral (janaza) whenever possible, take part in full ablution (gusl)

(From book Ummul Amraaj)

(૪૨) તકબ્બૂરની સઝા

નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું તકબ્બૂર કરનાર કયામતના દિવસે નાની નાની કીડીઓની જેમ માણસોની શકલમાં ઉઠાવવામાં આવશે, ચારે તરફ ઝિલ્લતમાં ઘેરાયલા હશે, તેઓ જહન્નમનાં એક કેદખાના તરફ હાંકવામાં આવશે, તેમની ઉપર આગોની આગ હશે, તેઓને દોઝખીઓનો નિચોળ એટલે કે ખૂન અને પીપ પીવડાવવામાં આવશે. (તિરમિઝી શ. ૬૫૫/૪)

'આગોની આગ હશે' એનો મતલબ એ છે કે તે કેદખાનામાં એવી આગ છે કે દોઝખની આગ પણ તેનાથી પનાહ (હિફાઝત) માંગે છે, અને દોઝખીઓના શરીરથી વહેનાર ખૂન અને પીપ વગેરે તકબ્બુર કરનારનો ખોરાક હશે.

રસુલ ﷺ એ ફરમાવ્યું "અલ્લાહતઆલા ફરમાવે છે કે કિબરિયાઇ (મોટાઇ) મારી ચાદર છે અને અઝમત મારૂ તેહબંદ છે, જે માણસ આ બન્નેવમાંથી કોઇ એક વસ્તુ પણ મારાથી છિનવશે હું તેને જહન્નમમાં નાખી દઇશ". (ઇબ્ને માજહ) મતલબ એ છે કે બન્નેવ મારી સિફતો છે આ બન્નેવ પૈકી કોઇ એક ઉપર પણ કોઇ દાવેદાર થશે એટલે કે તકબ્બુર કરશે તો હું તેને સઝા આપીસ.

(42) Punishment of Arrogance

The Prophet Muhammad ﷺ said that the arrogant peoples will be raised in the form of human beings just like small ants on the Day of Judgment, surrounded by insult. They will be drowned in one of the prison in Hell. There will be fire and fire on them. They forced to drink the blood and pulse of Hell people. (Tirmizi Shareef 655/4)

"There will be a fire and fire" this means that there is such a fire in the prison that even the fire of the hell seeks refuge (protection) from it, and the blood flowing from the bodies of the inmates is the food of arrogant people.

The Prophet Muhammad ﷺ said that "Allah Ta'ala said that pride is my thing. And even single thing from it will snatch by anybody then I will throw them in Hell." (Ibne Majah) It means that both of them are my virtues, if there is a claimant over any of these two, that is, if he is arrogant then I will punish him.

(૪૩) નમ્રતા (Humility)

હઝ.ઉમર ﷺ એ એકવાર મિમ્બર ઉપર ફરમાવ્યું કે એ લોકો! નમ્રતા ઇખ્તિયાર કરો, કારણ કે મેં હુઝુર ﷺ ને આ ઇરશાદ ફરમાવતા સાભળ્યું છે કે જેણે અલ્લાહના ખાતર નમ્રતા ઇખ્તીયાર કરી તો અલ્લાહતઆલા તેને બુલંદ ફરમાવે છે. તે પોતાની નઝરમાં નાનો હોય છે, અને લોકોની નઝરમાં મોટો હોય છે, અને જેણે તકબ્બુર કર્યો તો અલ્લાહતઆલા તેને નીચો અને બેઇઝઝત કરી આપે છે, જેના પરિણામે તે લોકોની નઝરમાં તુચ્છ (હકીર) હોય છે, અને પોતાના દિલમાં મોટો સમજે છે અહી સુધી કે તે લોકોની નઝરમાં તો કુતરા અને નાપાક જાનવર થી પણ વધુ ઝલીલ સમજવામા આવે છે. (શોઅબુલ ઇમાન)

રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મારી તરફ વહી મોકલી છે કે નમ્રતા કર્યા કરો, કોઇ અન્ય ઉપર ફખર (મોટાઇ)ન બતાવે અને કોઇ બીજા પર અતિરેક ન કરે (મિશ્કાત શ.)

(43) Humility

On one occasion Hazrat Umar ﷺ addressed from pulpit (member), People! Please under take humility, because I heard that Huzoor ﷺ said that whoever follow humility for the sake of Allah then Allah will brighten him. Whoever is small in his own view and great in the view of other peoples, and if he does arrogance then Allah Ta'ala insults him. And as a result he is disgrace in the other people's point of view. And he thinks in his heart that he is something but actually in other peoples point of view he is insulted even greater than dogs and unculinary (napaak) animals. (Shoebul Imaan)

The Prophet Muhammad ﷺ said that Allah Ta'ala sends verse on him that do humility, Don't be smart in front of anyone and do not abuse any one.(Mishkat Shareef)

(૪૪) સિલારહમી

(loving own relatives well)

રિશ્તેદારો સાથે સિલારહમી કરવું એવો મુબારક અને પવિત્ર અમલ છે કે તેની બરકતથી અલ્લાહતઆલા રોજીમાં વિશાળતા (વૃધ્ધિ) અને ઉમરમાં વધારો, અને બરકત આપે છે. ઇન્સાન કયારેક પોતાના માલ દ્વારા પોતાના રિશ્તેદારોની મદદ કરે છે, અને કોઇકવાર પોતાના સમય એમના કામો માટે આપે છે તો એના બદલા રૂપે અલ્લાહતઆલા તરફથી રોઝી અને માલમાં વૃધ્ધિ અને ઉમરમાં બરકત અને વધારો નિશંક આપે છે. આ સિલારહમીનો દુન્યવી ફાયદો છે. આખિરતનો સવાબ અને બદલો તો અલગ હશે. એથી વિરૂધ્ધ જયારે કોઇ વ્યકિત રિશ્તેદારો સાથે સંબંધ તોડી નાખે છે, અને તેમના હકો અદા નથી કરતો જેના કારણે કૌટુંબિક ઝગડા અને તેના પરિણામે માનસિક અશાંતી-દિલી પરેશાની પૈદા થાય છે, જેનો અસર પોતાના કામકાજ-તંદુરસ્તી વગેરે પર પડે છે. આ દુન્યવી સજા છે. અને આખિરતમાં જે સજા અને અઝાબ છે તે અલગ છે.

(44) Loving own relatives well

Loving own relatives well is one of the blessed and auspicious activity that Due to its prosperity Allah Ta'ala widen his livelihood and increase in age. Man sometimes helps his relatives with his wealth, and sometimes he gives his time for their work. And no doubt in return of that Allah Ta'ala gives increase in livelihood and wealth and prosperity and increase in age. This is the worldly benefit of Loving own relatives (Silarahmi) The reward at the Day of Judgment and return will be different.

Conversely, when a person breaks up with his relatives and does not fulfill the rights which leads to family quarrels and the resulting mental turmoil, which affects their work, health etc. This is a worldly punishment and the punishment and torment on the Day of Judgment are different.

(૪૫) સિલારહમીની ફઝીલત

કુર્આનેપાક અને હદિસ શ.માં “સિલારહમી” ઉપર ઘણો ભાર આપવામાં આવ્યો છે. એક હદીસમાં નબી ﷺ ફરમાવ્યું “જેને આ વાત પસંદ હોય કે એની રોઝીમાં વિશાળતા (વૃધ્ધિ) થાય અને તેની ઉમર લાબી થાય તો તેને જોઇએ કે સિલારહમી કરે” (મિશ્કાત શ. ૪૧૯)

આ હદીસમાં સિલારહમીનાં બે મોટા અને અગત્યના ફાયદા જણાવવામાં આવ્યા છે કે આખિરતમાં તો સવાબ મળશે જ, દુનિયામાં પણ સિલારહમીનો ફાયદો થાય છે. બીજી એક હદીસમાં છે “લોકો! એક બીજાને ખૂબ સલામ કર્યા કરો, અલ્લાહતઆલાની ખૂશનુદી માટે લોકોને ખાવુ ખવડાવ્યા કરો, સિલારહમી કર્યા કરો, અને એવા સમયે નમાઝ માટે આગળ વધો જ્યારે કે આમ લોકો મીઠી ઉંઘ માણી રહયા હોય, યાદરાખો આ બાબતો પર અમલ કરવાથી તમે સલામતી સાથે (સુરક્ષિત રીતે) અને કોઇ પણ જાતની અડચણ વગર જન્નતમાં પહોંચી જશો. (મિશ્કાત શ. ૧૦૮)

જે રિશ્તેદારો સાથે સિલારહમી કરવું કુર્આન અને હદીસમાં આમતોર પર ફરમાવવામાં આવ્યું છે જેમાં દાદા, દાદી, ભાઇ, ભત્રીજા, ભત્રીજી, બહેન, ભાણજા, ભાણજી, કાકા, ફોઇ, તેમની અવલાદ એજ રીતે નાના, નાની, માસી, અને તેમની અવલાદ વગેરે છે, જેમાં માં-બાપ અગ્ર સ્થાને છે.

(45) Virtue of Loving own relatives well

There is a lot of emphasis on loving own relatives “Silarahmi” in the Qur’an and Hadith. In a Hadith,the Prophet Muhammad ﷺ said that “Whoever likes to say that if there is enlargement (growth) in his livelihood and he want to increase in age then he should love his relatives well” (Mishkat Shareef 419)

In this hadith, there are two big benefits has been stated that you have get the reward for this in world and life hereafter. In another Hadith, “People! Salute one another very much, feed the people for the sake of Allah, be merciful to them, and proceed to the prayers at a time when they are enjoying the sweet. You will reach paradise without any hindrance. (Mishkat Shareef 108)

It is commanded in the Qur’an and Hadith to lov with relatives, including paternal grandparents, brother,nieces, nephews,sister and her off springs Maternal grand-parents,Maternal aunt and her off springs ,in which parents are in the forefront.

(૪૬)ગૌસુલ આઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો)

(૧) શરૂ કરવું તારૂ કામ છે અને પૂર્ણ કરવું અલ્લાહપાકનું **(૨)** બિન જરૂરી વાતનો જવાબ આપવાથી પણ ઝુબાનને બંધ રાખો જેથી બેકાર વાતોથી બચી શકાય. **(૩)** તે ઘણો જ બદનસીબ ઇન્સાન છે કે જેના દિલમાં અલ્લાહતઆલાની જાનદાર મખ્લુક પર રહમ (દયા) કરવાની આદત ન હોય. **(૪)** તમામ ખૂબીઓનું કેન્દ્ર ઇલ્મ શીખવું અને તેના પર અમલ કરવું પછી બીજાઓને શીખવાડવું છે. **(૫)** ખંડેર કબરો પર વિચાર કરો કે કેવી કેવી સુંદર વિભૂતીઓ માટીમાં ભળી ગઇ. **(૬)** જે ખુદાતઆલાને ઓળખી લે છે તે લોકોની સામે વિનમ્ર થઇ જાય છે. **(૭)** ગુમનામીને પસંદ કરો એમાં શોહરતની સરખામણીમાં ઘણી શાંતિ છે. **(૮)** દુનિયાદાર લોકો દુનિયાની પાછળ દોડી રહયા છે અને દુનિયા અલ્લાહવાળાઓની પાછળ. **(૯)** મુસ્તહિક ફકીર (deserving begger) અલ્લાહતઆલાની ભેટ છે જે બંદા તરફ મોકલવામાં આવે છે. **(૧૦)** અલ્લાહની નજીકતા તે જ પ્રાપ્ત કરી શકે છે જે તેની મખ્લૂક (સર્જન) પર કૃપા- દયાભાવ રાખે છે.(સંદર્ભ: મખઝને અખ્લાક)

(46) The blessed edifications (nasihat) of Gousulaazam Reh.

(1) “To start” is your work and “to complete” is of Allah Ta’ala. **(2)** Keep your tongue shut to answer the unnecessary things, due to this you can save from unnecessary talks. **(3)** He is very unfortunate person who does not have the habit of showing mercy to Allah’s convincing creatures. (makhluk). **(4)** The center of all virtues is to learn knowledge and then to apply/execute it and then to teach it to others. **(5)** Let’s think about the deserted graves, and see how different different beautiful great peoples merged in the soil. **(6)** The one who knows Allah Ta’ala becomes humble before the people. **(7)** Choose anonymity (gumnaami), it has a lot of peace compared to fame. **(8)** The Worldly people are running after the world and the world is after the servants of Allah. **(9)** Deserving beggar (Musthiq fakir) is a gift of Allah, which is sent to the servant. **(10)** The nearness of Allah can be attained only by one who has mercy and affection on his (Allah Ta’ala’s) creation.

(Reference: Makhjane Akhlaaq)

(૪૭) ગૌસુલઆઝમ રહ.ના બરકતવંત અકવાલ (વાણી-કથનો)

(૧૧) તને લોકો તકબ્બૂર કરવાથી મોટો નહી સમજે બલ્કે નમ્રતાથી મોટો બનશે. **(૧૨)** પોતાના દિલને ફક્ત અલ્લાહતઆલા (ની ઇબાદત) માટે ફારિગ (free)રાખો અને પોતાના અંગોથી પત્નિ-બાળકો ના રોજી-રોટી માટે મશ્ગુલ રહો, કારણ કે એ પણ અલ્લાહના હૂકમની તાબેઅદારી છે. **(૧૩)** અલ્લાહતઆલા પોતાના બંદાઓથી કર્ઝ માંગે છે અને તેનું માધ્યમ ગરીબ (માંગનારા) લોકો છે. **(૧૪)** એ માનવી! તું મકાનોના બનાવવામાં જીવન ખર્ચ કરે છે, તેમાં રહેશે બીજા અને હિસાબ આપશે તુ. **(૧૫)** લોકો તરફ નજર રાખવી એટલે અલ્લાહતઆલા તરફ પીઠ કરવા (મોઢુ ફેરવવા) સમાન છે.**(૧૬)** ખર્ચમાં મધ્યમમાર્ગ (moderation) અડધી કમાઇ છે અને સારૂ ચારિત્ર્ય (good character) અડધો દીન છે. **(૧૭)** મુસીબતોને છુપાવ, અલ્લાહપાકની નઝદીકી પ્રાપ્ત થશે. **(૧૮)** ઝીદગીના દરવાજાને જ્યાં સુધી ખુલ્લો છે મોકો (ગનીમત) સમજો અને નેકીના કામોને જ્યાં સુધી તાકત છે ત્યાં સુધી તક (સદભાગ્ય) સમજો **(૧૯)** અમલ (આચરણ) વગરની વાત અને ઇખ્લાસ (sincerity) વગરનો અમલ (કાર્ય) અસ્વીકાર્ય છે. **(૨૦)** જે અલ્લાહતઆલાના હૂકમોની તાબેઅદારી ન કરે નિશંક (સ્વભાવિક છે કે) તે અલ્લાહપાકની ખુશનુદી (pleasure) થી મહરૂમ (વંચિત) રહે છે.
(સંદર્ભ: મખઝને અખ્લાક)

(47) The blessed edifications (nasihat) of Gousulaazam Reh.

(11) People are not recognizing you by your arrogance but by identified you by your humility. **(12)** Keep your heart free for Ibadah of Allah and be content with your limbs for the sustenance of your wife and children, because it is also in obedience to the command of Allah. **(13)** Allah Ta'ala asks for a loan for his own creatures (banda) and the people who ask for this are the medium for it. **(14)** Oh Man! You spend your life building houses and there will others are living in it and you will give an account. **(15)** Keep an eye on people is like; you turn your face from Allah. **(16)** The half earning is moderation in expenditure. And good character is half deen. **(17)** Hiding troubles achieved nearness to Allah. **(18)** Understand the opportunity as long as the door of life is open and understand the opportunity as long as the works of righteousness have strength. **(19)** It is unacceptable to talk without execution and execution without sincerity. **(20)** Undoubtedly, the one who does not obey the commands of Allah naturally he is deprived from the pleasure of Allah. (Reference: Makhjane Akhlaaq)

(૪૮) શૈખ અ.કાદિર જીલાની રહ.ની અમૂલ્ય નસીહતો

(૧) ઇચ્છાઓના ગુલામ ન બનો, માલદાર બનવાની ઇચ્છા ન રાખો. (૨) અમલ વિના ઇલ્મ વ્યર્થ છે. જાણી જોઇને જાહિલ ન બનો અને શિખેલ ઇલ્મ પર અમલ કરો. (૩) પોતાની જાઇઝ રોઝી કમાઓ અને ખાઓ તથા તેમાંથી હમદર્દી પણ દાખવો. (૪) જયાં સુધી ઝિંદગીનો દરવાજો ખુલ્લો છે એને ગનીમત સમજો. (૫) ઇમાનવાળાઓની આઝમાઇશ અને કસોટી થાય છે. (૬) ખિદમત કરો, માનવવંત બની જશો (૭) અંતરનો જિહાદ બાહ્ય સંઘર્ષ કરતા કઠીન છે. (૮) દૂનિયા તમારા હાથમાં ભલે રહે પરંતુ દિલ પર તેનો કબજો ન થવા દો. (૯) દિલને અલ્લાહની યાદથી આબાદ રાખો. (૧૦) ખુદાની મોહબ્બતનો જ દિલ પર કાબૂ જાળવી રાખો.

હઝ.શૈખ અ.કાદિર જીલાની રહ. ફરમાવે છે કે “દરેક મોઅમીન માટે પ્રત્યેક પરિસ્થિતિમાં ત્રણ વાતોને વળગી રહેવું જોઇએ. (૧) અલ્લાહતઆલાના હુકમોનું પાલન કરવું (૨) ના જાઇઝ કામોથી બચવું (૩) અલ્લાહતઆલાની મરજી અને તકદીર પર રાજી રહેવુ.

આ ત્રણ ગુણો મોઅમીન માટે ખૂબ જ જરૂરી છે.

(48) Valuable advice of Shaikh A.Qadir Jilani (Rah.)

(1) Do not become a slave of desires, do not ambitious to become wealthy. (2) Knowledge is useless without execution. Do not be ignorant on purpose and follow what you have learn. (3) Earn and eat your rightful livelihood and show empathy from it. (4) As long as the door of life opened, consider it as booty. (5) Believers are put to the test. (6) Serve each and every one, and be respectful. (7) Internal Jihad is very difficult as compared to external. (8) Even if the world is in your hands, do not let it take over your heart. (9)keep the heart filled with the remembrance of Allah. (10) Maintain the love of Almighty Allah in your heart.

Haz.shaikh A.qadir Jilani (Rah.) says that “It is importand for every believer to keep three things in mind in every situation. (1) To obey commandments of Allah Ta’ala (2) Abstain from unlawful acts (3) Be satisfied with the will and destiny of Allah Ta’ala.

These three attributes are very important for every believer.

(૪૯) કફાયત શઆરી

(Frugality-Economy)

રસુલેપાક ﷺ એ ફરમાવ્યું કે કિફાયત શઆરી (કરકસર) અડધી કમાઇ છે, અને લોકોમાં પ્રિય હોવુ અડધી બુધ્ધિ છે, અને વિવેક (Dignity) પૂર્વક સવાલ કરવો એ અડધું જ્ઞાન છે. પૈસાના મામલામાં મધ્યમ માર્ગ એટલે કે ન તો ફુઝુલખર્ચી કરે અને ન તો એકદમ હાથ રોકીને બેસી જાય, બલ્કે આ બેની વચ્ચેનો માર્ગ ઇખ્તિયાર કરે, જેને કિફાયત શઆરી કહે છે. એજ રીતે લોકો સાથે સારી વતર્ણુક ખુબ જરૂરી છે.

એક માણસ પયગમ્બર ﷺ ની ખિદમતમાં દૂધ અને મધ પીવા માટે લઇને આવ્યા. આપ સલ.એ ફરમાવ્યું આ બંને પીવાની વસ્તુ (drinks) છે. એકને લેવાથી બીજાની જરૂરત પૂરી થઇ શકે છે. (બીજાની જરૂરત નથી) હું એને પીશ નહી અને ન તો તેને હરામ પણ ઠેરવીશ. કારણ કે હું અલ્લાહના દરબારમાં નમ્ર (મધ્યમ માર્ગી) બનવા ચાહું છું. અને જે વ્યકિત અલ્લાહના ખાતર નમ્રતા (મધ્યમ માર્ગ) ગ્રહણ કરે છે અલ્લાહપાક તેને ઉચ્ચતા અને ઇઝઝત અર્પણ કરે છે, અને જે તકબ્બુર કરે છે અલ્લાહ તેને નીચો અને તુચ્છ કરી આપે છે. જે વ્યકિત કિફાયત શઆરી સાથે સંતોષ મેળવે છે અલ્લાહપાક તેને રોઝી આપે છે અને જે ફૂઝુલખર્ચી (ખોટો ખર્ચ) કરે છે અલ્લાહપાક તેને મહરૂમ (વંચિત) કરી આપે છે અને જે માણસ અલ્લાહની યાદમાં ડૂબેલો રહે છે અલ્લાહપાક તેને તેનો બદલો અર્પણ કરે છે. (તોહફુલ ઉકૂલ ૪૬)

(49) Frugality-Economy

The prophet Muhammad ﷺ said that Frugality is half earning, and become famous in people is half intelligence, and ask with dignity is half knowledge. In the matter of money, moderation is neither do unnecessary expenses and nor to sit idly by but choose the way in between this two. And it’s called Frugality- Economy. In the same way, good dealings with people are very important.

A man brought milk and honey to drink in the service of Prophet Muhammad ﷺ The Prophet Muhammad ﷺ said that these are both drinks, Taking one can meet the needs of the other. (No need of other) I will not give it and I will not make it impermissible (haram) because I want to be humble (Middle way) in the court of Allah. And whoever adopts humility (Middle way) for the sake of Allah, Allah will give him highness and prestige and whoever becomes arrogant, Allah will make him low and frivolous. Whoever is satisfied with the frugality- economy, Allah will restrain him and whoever spends extravagantly, Allah will deprive him, and whoever is immersed in the remembrance of Allah, Allah will reward him.

(Tohful Ukool 46)

(૫૦) આપ સલ.ની એક મોટી નસીહત :

એક માણસે આપ ﷺ થી વિનંતી કરી કે મને એક એવી નસીહત ફરમાવી આપો જેના પર અમલ કરવાથી અલ્લાહપાક ખૂબ નફો આપે અને હું તે નસીહતને મજબૂતીથી પકડી લઉ. આપ ﷺ એ ફરમાવ્યું ગુસ્સો ન કરો તે માણસે વારંવાર પોતાનો સવાલ રિપીટ કર્યો તો પણ હુઝુરે પાક સલ. આજ ફરમાવ્યું કે ગુસ્સો ન કરો.

બુરા અખલાકમાં ગુસ્સો સૌથી ખરાબ આદત છે. હદીસોમાં તેને શૈતાની આદત કહેવામાં આવેલ છે. જે નફસની ઇચ્છાઓ અને જોશનું નામ છે. એથી વિરૂધ્ધ સહાનુભુતિ અને ગૈરત છે. જે જાઇઝ અને હલાલ ઇચ્છાઓને કારણે પૈદા થાય છે. બન્ને વસ્તુઓ જાહેરી તોરપર એક જેવા હોય છે. પરંતુ બન્નેવમાં જમીન-આસમાન નો ફર્ક છે. એક ગુસ્સો હરામ અને મકરૂહ છે. જયારે બીજી બાબત હલાલ અને જાઇઝ છે. અમ્બિયા અલ. અને નેક લોકોનો ગુસ્સો હકીકતમાં સહાનુભુતિ અને ગૈરતના કારણે હોય છે. જે જાઇઝ તમન્ના ઓને કારણે પૈદા થતો હોય છે.

(50) A big advice from the Prophet Muhammad ﷺ

One man requested to the Prophet Muhammad ﷺ that tell me such an advice that after following that Allah Ta'ala gives us lot of benefits and I stick strongly with that advice. The Prophet Muhammad ﷺ said that don't be angry. Even if the man repeated his question over and over again. The Prophet Muhammad ﷺ said that not to be angry.

Anger is the worst habit in bad manners. In Ahadith this habit is called as devils habit, which is the name of the desires and passions of the soul. The opposite is sympathy and greed, which is caused by legitimate and halal desires. Both things are same in public but there is a big difference between them. Anger is haram and makrooh. While other things are halal and permissible. The anger of Prophets and good people are in fact due to Sympathy and non-compassion which is due to the legitimate desire.

(૫૧)
હલાલ કમાવવું ફર્ઝ છેઃ

રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું "હલાલ કમાઇ પ્રાપ્ત કરવું (નમાઝ રોઝા વગેરે) ફરઝો પછી ફર્ઝ છે."(મિશ્કાત)

અર્થાતઃ સૌ પ્રથમ બંદાઉપર આ ફર્ઝ છે કે નમાઝ રોઝા વગેરે અદા કરે. અને તે પછી જે સમય રહે તો કમાઇ તરફ ધ્યાન આપે અને હલાલ રોઝી તલાશ કરે. જયારે કમાઇ પ્રાપ્ત કરે તો હલાલ હરામનો ખ્યાલ રાખે. હલાલ રોઝી શોધવું તેના માટે ફર્ઝ છે.

રસુલેપાક ﷺ એ ફરમાવ્યું જેણે હલાલ તરીકાથી એટલા માટે રોઝી પ્રાપ્ત કરી કે ભીખ માંગવાથી બચે અને પોતાના ઘરવાળા ઉપર ખર્ચ કરે સાથે જ પડોશીઓ પર મહેરબાની કરે તો કયામતના દિવસે અલ્લાહતઆલાથી એવી હાલતમાં મુલાકાત કરશે કે તેનો ચેહરો ચૌદમી રાત્રીના ચાંદ (પૂનમના ચંદ્ર ની જેમ) ચમકતો હશે. અને જેણે હલાલ માર્ગે એટલા માટે દુનિયા પ્રાપ્ત કરી કે બીજાઓની સરખામણીમાં વધુ માલ જમાં કરે, બીજાઓ પર ફખ્ર કરે, દેખાડા કરે તો અલ્લાહતઆલાથી એવી હાલતમાં મુલાકાત કરશે કે અલ્લાહ તઆલા તેના પર ગુસ્સે હશે.(મિશ્કાત શ.)

(51) It is obligatory to earn halal

The Prophet Muhammad ﷺ said "to earn halal (Namaz, fast etc) is obligatory after this." (Mishkat)

Meaning : First a fall, it is the duty of the believer to perform namaz, fasting etc and the time that remains after that is to focus on earning and looking for halal livelihood. When you earn always keep in mind about halal and haram. To find halal livelihood is obligatory on him.

The Prophet Muhammad ﷺ said that he who received livelihood in a halal manners so that he would avoid begging and spend on his household as well as be kind to his neighbors, would visit Allah during the day of judgment in a such a way that his face would shine like fourteenth night moon. And whoever acquires the world in a halal way because he accumulates more wealth than others, is proud of others and shows off, and then he will visit Allah in such a way that Allah will be angry with him.

(Mishkat Shareef)

(૫૨)

સવાલ કરવું (ભિક્ષાવૃતિ) મના છે

રસુલેપાક ﷺ એ ઇરશાદ ફરમાવ્યું છે કે ઇન્સાન (લોકોથી) માંગી માંગી ને એ કક્ષાએ પહોંચી જાય છે કે કયામતના દિવસે એવી હાલતમાં ઉઠાવવામાં આવશે કે તેના ચેહરા ઉપર બિલકુલ ગોશ્ત હશે નહી. (બુખારી,મુસ્લિમ શ.) રસુલેપાક ﷺ એ ઇરશાદ ફરમાવ્યો છે કે તમારામાંથી એક માણસ પોતાની રસ્સી લઇને લાકડાઓનો ભારો પોતાની પીઠ પર ઉઠાવીને લાવે અને વેચે તો એ બેહતર છે તેનાથી કે લોકો પાસે ભીખ માંગે, ભલે તેઓ આપે અથવા ઇન્કાર કરી આપે. (મિશ્કાત શ.)

એથી વિરૂધ્ધ મહેનતની રોઝી બાબત રસુલેપાક ﷺ એ ફરમાવ્યું કે "કદી કોઇ માણસે એ ખાવાથી બેહતર ખાવું નથી ખાધુ જે તેને પોતાના હાથની મહેનતથી ખાધું હોય." નિશંક અલ્લાહનાનબી દાઉદ عليه السلام પોતાના હાથોની મહેનતથી ખાતા હતા. (બુખારી શ.)

અહી ઉપરોકત હદીસોમાં રસુલેપાક ﷺ એ લોકો પાસે માંગવાની બુરાઇ અને મહેનતની કમાઇની ફઝીલત બયાન ફરમાવી છે.

(52)

It is forbidden to ask (begging)

The Prophet Muhammad ﷺ said that a person reaches such a stage by asking for a demand that he will be raised on the Day of Judgment like he has no meat on his face. (Bukhari, Muslim Shareef) The Prophet Muhammad ﷺ said that if one of you takes his rope and carries a load of wood on his back and sells it, it is better than begging from the people, even if they will give or refuse. (Mishkat Shareef)

On the contrary, the prophet Muhammad ﷺ said that "No man has ever eaten better than he who has eaten it with his own hard work." No doubt that Allah's Prophet Daud عليه السلام eat by hard work. (Bukhari Shareef)

Here in the above Ahadith the Prophet Muhammad S.A.W. has narrated the evil of asking people and the virtue of hard earned money.

(૫૩)

: ફકત તેજ અમલ કાબિલે કબુલ છે જે ફકત અલ્લાહ માટે જ હોય:

રસૂલુલ્લાહ સલ.થી રિવાયત છે કે માણસના દરેક કાર્યનો આધાર ફકત નિય્યતો પર જ છે. માણસને તેની નિય્યત મુજબ જ ફળ મળે છે. તો જે માણસે અલ્લાહ અને તેના રસુલ સલ.માટે હિજરત કરી તો તે આ હિજરત અસલમાં અલ્લાહ અને રસૂલ તરફ જ લેખાશે. જે કોઇ દુનિયાના કારણે અથવા કોઇ સ્ત્રી સાથે નિકાહ કરવા માટે મુહાજિર બન્યો તો (તેની હિજરત) ખરેખર બીજા મકસદ અને નિય્યતથી હિજરત કરી છે. તો તેના તરફ જ તેની હિજરત માનવામાં આવશે. (બુખારી- મુસ્લિમ)

હદીષનો ખરો મકસદ એ છે કે દરેક અમલના ઠીક અને ખરાબ, કુબૂલ તેમજ રદ હોવાનો આધાર નિય્યત પર છે. એટલે નેક અમલ તેજ ગણાશે અને અલ્લાહને ત્યાં તેની જ કીમત થશે જે નેક નિય્યતથી કરવામાં આવ્યો હશે. અને જે નેક અમલ કોઇ ખરાબ નિય્યતથી અને અન્ય મતલબથી કરવામાં આવ્યો હશે તે નેક અને કબૂલિયતના લાયક નહી ગણાય. ભલે દેખાવમાં નેક કામ જણાતુ હોય.

ખુલાસો એ છે કે અલ્લાહતઆલા અમલની સાથે નિય્યત અને ઝાહેરની સાથે બાતિન પણ જોનાર છે. તેના ત્યાં દરેક અમલ (કાર્ય)ની કીમત નિય્યત પ્રમાણે લગાડવામાં આવશે.

(53) Only that execution is acceptable which is only for Allah:

It is narrated from the Prophet Muhammad S.A.W. that the reward of deeds depends upon the intension. Man gets the fruit according to his intension. So if a person migrates for the sake of Allah and his messenger, then this migration will actually be attributed to Allah and his messenger. Whoever emigrated because of the world or to marry a woman (his migration) has really migrated with another purpose and humility. So his migration towards him will be considered.

(Bukhari - Muslim)

The true meaning of the hadith is that the good and the bad of every execution, the acceptances as well as the cancellation are based on the intension, So good deeds will be counted as bright and Allah will have the same value there as good deeds have been done with determination. And a good deed that has been done with bad intensions and other means will not be considered worthy of goodness and acceptance, Even if it looks good.

The revelation is that Allah Ta'ala sees execution along with evident and spiritual. The price of execution is give according to intension.

(૫૪)

: દરેક કામ ધીરજ અને શાંતિથી કરવાની ફઝીલત અને તાલીમ :

હઝરત સહલ બિન સઅદ સાઇદી રદી.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કામોને ધીરજ અને શાંતિથી કરવા અલ્લાહતઆલા તરફથી છે અને ઉતાવળ કરવી શૈતાનના અસરથી છે. (તિરમિઝી શ.)

હઝરત અબ્દુલ્લાહ બિન સરજીસ રદી.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું સારા સંસ્કાર, ધીરજ, તથા શાંતિપૂર્વક કામ કરવાની આદત, અને સમતોલપણુ નુબુવ્વતના ચોવીસ ભાગોમાંથી એક ભાગ છે. (તિરમિઝી શ.)

હદીસ નો અસલ હેતુ આ ત્રણ વસ્તુની મહત્વતા વર્ણવા અને તેની પ્રેરણા આપવી છે. અને નબુવ્વતના ભાગોમાંથી હોવાનો ભાવાર્થ ખુલ્લો છે કે પયગમ્બરનું જીવન જે ખુબીઓ અને કમાલોથી ભરપુર અને તેજસ્વી હોય છે, આ ત્રણે ગુણો તેમનો ચોવીસમાં ભાગ છે. અથવા એ કે મનુષ્યના ચારિત્રના ઘડવા વિષે નબીઓ અલૈ. જે આદતોનું શિક્ષણ અને પ્રેરણા આપતા હતા તેમના ચોવીસ ભાગમાંથી એક ભાગ આ ત્રણ ચીઝો છે. (એટલે સારા સંસ્કાર અને ધીરજ તથા શાંતિપૂર્વક કામ કરવાની આદત અને સમતોલપણું. (મધ્યમ માર્ગ moderation)

(54) Virtue and training to do everything with patience and peace

It is narrated from Hazrat Sahal Bin Sa'ad Saidi R.A. that the Prophet Muhammad S.A.W. said that it is from Allah to do things with patience and peace and haste is due to the influence of devil. (Tirmizi Shareef)

It is narrated from Hazrat Abdullah Bin Sarjis that the Prophet Muhammad S.A.W. said that impression, patience, the habit of working quietly and balancing is one of the part of 24 parts of Prophet hood. **(Tirmizi Shareef)**

The main purpose of the hadith is to describe the importance of these three things and to inspire them. And the implication of being one of the parts of the prophet hood is clear that the life of Prophet which is full of virtues and miracles and radiant, these three qualities are his twenty fourth parts. Or to build up the character of human being Prophet taught habit's education and gave inspiration, these three things are the part of twenty four parts.

(that is, good manners and patience and the habit and balance of working peacefully. (Moderate moderation)

(૫૫) ઓછુ બોલવું :

હઝરત મુઆઝ રદિ.થી રિવાયત છે કે મેં એક દિવસ રસૂલુલ્લાહ સલ.થી અરજ કરી કે હઝરત! મને એવો અમલ બતાવો, જેનાથી હું જન્નતમાં પહોંચી જાઉં, અને દોઝખથી દૂર કરી દેવામાં આવું, આપ સલ.એ ફરમાવ્યું: તમે ઘણી જ અગત્યની વાત પૂછી છે, તે બંદા માટે આ સરળ છે કે જેના માટે અલ્લાહતઆલા તેને સરળ બનાવી દે. સાંભળો! અલ્લાહતઆલાની ઇબાદત કરો અને તેની સાથે કોઇને ભાગીદાર ન બનાવો, અને સારી રીતે નમાઝ પઢો, ઝકાત આપો, રમઝાનના રોઝા રાખો, બૈતુલ્લાહની હજ કરો, પછી ફરમાવ્યું: શું તમને ભલાઇના દરવાઝા પણ બતાવી દઉં? તે પછી આપ સલ.એ ફરમાવ્યું કે રોઝા ગુનાહો અને દોઝખથી બચાવનાર ઢાલ છે અને સદકો ગુનાહને એવી રીતે મિટાવી દે છે જેમ પાણી આગને બુઝાવી દે છે અને તહજ્જુદની નમાઝ. પછી આપ સલ.એ ફરમાવ્યું: શું તમને તે વસ્તુ પણ ન બતાવી દઉં, જેની ઉપર આ બધાનો આધાર છે. મેં અરજ કરી હઝરત! તે વસ્તુઓ પણ જરૂર બતાવી આપો! આપ સલ.એ પોતાની જીભ પકડી ફરમાવ્યું: એને રોકો (એટલે જીભને કાબૂમાં રાખો એ ચાલવામાં નિડર અને આઝાદ ન બને, મુઆઝ રદિ. કહે છે.) મેં અરજ કરી હઝરત! અમે જે વાતો કરીએ છીએ શું તેની ઉપર અમારી પકડ થશે? આપ સલ. એ ફરમાવ્યું માણસોને દોઝખમાં ઉંધા મોંએ અથવા ફરમાવ્યું કે તેમના નાક તરફથી તેમની જીભનું બેકાર ચાલવું જ ફેંકાવશે. (મુસ્નદે અહમદ, તિર્મિઝી, ઇબ્ને માજહ)

(55)

Speak less

It is narrated from Hazrat Ma'az R.A. that one day I made a request to Prophet Muhammad S.A.W. that Hazrat ! Show me the action by which I will reach paradise and be far away from hell, the Prophet Muhammad S.A.W. said: you have asked a very important thing, this is easy for the servant for whom Allah will make it easy. Listen! worship Allah Ta'ala and do not associate anyone with him and pray well, pay zakat, observe Ramadan fast, perform Hajj to baitullah, then said: Shall I also show you the door of goodness? After that the Prophet S.A.W. said that fast is a shield that protects one from sins and hell, and sadqah erases sin in the same away that water extinguishes fire and the prayer of Tahajjud. Then he said that "shall I not show you the things on which all this is based? I said to Prophet Muhammad S.A.W. that Hazrat ! Please Show those things definitely too!, The Prophet Muhammad S.A.W. held his tongue and said: stop it (So keep your tongue under control so that you do not become fearless and free in talking, Hazrat Ma'az R.A. said that) I asked Hazart! Will we have a grip on what we are talking about? The Prophet Muhammad S.A.W. said that he commanded men to throw their mouth sin hello or to throw away the idle talk of the tongues.

(૫૬): હલાલ અને હરામ બાબત અલ્લાહવાલાઓના મંતવ્યો.. :

હઝ. આયશા રદિ. ફરમાવે છે કે તમો અફઝલ (શ્રેષ્ઠ) ઇબાદતથી ગાફિલ છો જેનું નામ હરામથી બચવું છે. (૨) હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.એ ફરમાવ્યું કે અગર તમો નમાઝ પઢતા પઢતા કમાનની જેમ ઝૂકી જાઓ અને નફલ રોઝહ રાખતા રાખતા પાતળા થઇ જાઓ તો પણ જ્યાં સુધી હરામથી ન બચશો, અલ્લાહપાક તમારા અમલ કબૂલ ન કરશે. (૩) હઝ.ઇબ્રાહીમ અદહમ રહ. ફરમાવતા હતા કે જેને પણ જે (અંતરનો) દરજો પ્રાપ્ત થયેલ છે તે એના પ્રતાપે જ મળ્યો છે કે જે પેટમાં નાખ્યું તે સમજી વિચારીને નાંખ્યું છે. (૪) હઝ.યહયા બિન મઆઝ રહ. ફરમાવતા હતા કે ઇતાઅત (બંદગી) અલ્લાહનો ખઝાનો છે અને તેની ચાવી દુઆ છે તથા તે ચાવીના દાંતા હલાલ લુકમા છે. (૫) હઝ.સહલ તશ્તરી રહ. ફરમાવતા કે વ્યક્તિ હરામ ખાય છે તેના અંગો અનાયસે (automatically) નાફરમાન થઇ જાય છે, તેને ખબર પડે કે ન પડે, અને જેની રોજી હલાલ હોય છે તેના અંગો બંદગી (ઇબાદત) તરફ આકર્ષાય છે અને તેને નેકીઓની તૌફીક મળે છે.

(હઝ.મોલાના આશિક ઇલાહી બુલંદશહરી મુહાજીરે મદની રહ. લેખિત કસ્બે હલાલ માંથી)

(56) Opinions of believers about halal and haram:

(1) Hazrat Aayesha R.A. said that you are oblivious to the best worship whose name is to avoid haraam. (2) Hazrat Abdullah bin Umar R.A. said that even if you bent like a bow while performing namaz and become thin while observing nafl fasting, as long as you do not escape from Haram, Allah paak will not accept your deeds. (3) Hazrat Ibrahim Aadam Reh. used to say that whoever has attained the status of (distance) has got it only by the glory of what he has put in his stomach by understanding and thinking.(4) Hazrat Yahya bin Maaz Reh used to say that obedience is the treasure of Allah and its key is dua and the teeth of key (without which the lock doesn't open) is Halal livelihood. (5) Hazrat Sahal Tashtari Reh. used to say that the limbs of a person who eats haram are automatically disobeyed. He whether knows or not he and the limbs of one who is halal on a daily basis are attracted to bandgi and he gets the gift of virtue.

(From book "Kasbe halal" written by Hazrat Moulana Aashiq Ilaahi Bulandshahari Muhajire Madni Reh.)

(57) Stay in company with Self-displined pious person

It is narrated from Hazrat Abu Hurairah and Abu Khallad R.A. that the Prophet Muhammad S.A.W. said that when you see a servant in a such state that he has less love for world and he blessed by the virtue of Allah to protect his tongue from idle talk. Then stay in a company of such people because if servant has this state then he get wisdom from Allah.

To get wisdom is that he can understand each and every fact. And he speaks such a talk that which are true and beneficial. So this friendship has alchemy effect. In Qur'an Shareef it is stated that those who get wisdom, he get great goodness.

(૫૭) ઝાહિદોની સોહબત (સંગત) માં રહો :

હઝરત અબૂ હુરૈરહ અને અબૂ ખલ્લાદ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું: જયારે તમે કોઇ બંદાને એવી હાલતમાં જુઓ કે તેને ઝુહદ (એટલે દુનિયાથી ઓછી મોહબ્બત) તથા તેનાથી ઓછુ બોલવાનો (એટલે બેકાર વાતોથી ઝબાન બચાવવાનો ગુણ) અલ્લાહ તઆલાએ નસીબ કર્યો છે, તો તેની સોહબતમાં રહ્યા કરો, કારણ કે જે બંદાનો આ હાલ હોય છે તેને અલ્લાહતઆલા તરફથી હિકમત (અકલમંદી) મળે છે.

હિકમત મળવાનો મતલબ એ છે કે તે દરેક હકીકતોને ખરી રીતે સમજી શકે છે. અને તેની ઝબાનથી તે જ વાતો થાય છે જે ખરી અને ફાયદાકારક હોય એટલા માટે તેની દોસ્તી કિમયા અસર હોય છે કુર્આન પાકમાં હિકમત વિષે ફરમાવ્યું છે કે જેને હિકમત મળી તેને મહાન ભલાઇ મળી.

(૫૮)
ચુપ રહેવું - ૧ (મિતભાષીપણું)

રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું "જે ચુપ રહ્યો તે છુટકારો પામી ગયો." મતલબ એ છે કે જેણે ખરાબ અને બેકાર વાતોથી જીભને બચાવી, તે બરબાદીની ખાઇમાં પડવાથી બચી ગયો. માણસ જહન્નમમાં વધુ ભાગે જીભના બેકાર વપરાશથી જ ઉંધા મોંઢે ફેંકવામાં આવશે. હઝરત ઉકબા બિન આમિર (રદિ.)થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ (સલ.)ની સેવામાં હાજર થઇ અરજ કરી કે હઝરત સફળતાની ચાવી શું છે? આપ સલ.એ ફરમાવ્યું: તમારી જીભ પર કાબૂ રાખો. (તે બેકાર ન ચાલે) અને તમારા ઘરમાં તમારા માટે ગુંજાઇશ હોવી જોઇએ અને તમારા ગુનાહો પર અલ્લાહ સામે રડતા રહો. (અહમદ, તિર્મિઝી)

જીભ પર કાબૂ રાખવા અને ગુનાહો પર રડવાનો અર્થ તો સાફ છે, પરંતુ એ બે સિવાય ત્રીજી નસીહત જે આપ સલ.એ ફરમાવી કે તમારા ઘરમાં તમારા માટે ગુંજાઇશ હોવી જોઇએ, એનો અર્થ એ છે કે જયારે બહારનું કોઇ કામ ન હોય તો આવારા અને બેફિકરા લોકો માફક બહાર રખડયા ન કરો, બલ્કે તમારા ઘરમાં બાલ - બચ્ચાઓમાં રહી ઘરના કામકાજની સંભાળ રાખો, અને અલ્લાહની ઇબાદત કર્યા કરો.

વધુ ચુપ રહેવાનો અર્થ એ જ છે કે વિના જરૂરત અને અયોગ્ય તેમજ નાપસંદ વાતોથી માણસ પોતાની જીભને રોકી રાખે, જે માણસની આ આદત હશે કુદરતી રીતે તે ઓછું બોલનાર અને વધુ ચુપ રહેનાર હશે.

(58)
Keeping silence-1 (taciturnity)

The Prophet Muhammad S.A.W. said that, "He who is silent, get liberated." Means that who saves his tongue from evil and idle talk, is saved from falling into the abyss of ruin. People are fall in hell due to false used of tongue.

Hazrat Uqabah Bin Aamir R.A. narrated that the I asked to Prophet Muhammad S.A.W. that Hazrat what is the key to success. The Prophet Muhammad S.A.W. said that Control your tongue. And cry on your crime in front of Allah. (Ahmed, Tirmizi)

The meaning of Control your tongue and cry on our crime is clear but apart from this two advice, that 3rd advice which Prophet Muhammad S.A.W. said that there should be room for you in your home, means that when there is no outside work, then like homeless and carefree people, do not wander outside in moderation but take care of household chores in your home with babies and worship Allah.

Keep more silent means Man will control his tongue out of words as well as dislikes, man who has this habit will naturally be less talkative and keep more silent.

(૫૯)

: ચુપ રહેવું - ૨ (taciturnity) :

હઝરત ઇમરાન બિન હિત્તાન તાબિઈ રહ.થી રિવાયત છે કે હું એક દિવસ હઝરત અબૂઝર ગિફારી રદિ.ની સેવામાં હાજર થયો, તો મેં તેમને મસ્જીદમાં એવી હાલતમાં જોયા કે તે એક કાળા કપડામાં લપેટાઇને એકલા બેઠા છે, મેં અરજ કરી હે અબૂઝર આ એકાંત અને એકલાપણુ કેમ છે? (એટલે તમે આ રીતે બિલકુલ એકલા અને સૌથી અલગ રહેવાનું કેમ પસંદ કર્યુ છે?) તેમણે જવાબ આપ્યો કે મેં રસૂલુલ્લાહ સલ.થી સાંભળ્યું છે આપ(સલ.) ફરમાવતા હતા કે ખરાબ લોકો સાથે બેસવાથી એકલા રહેવું વધુ સારૂ છે અને સારા માણસ પાસે બેસવું એકાંત કરતાં સારૂ છે અને કોઇને સારી વાત બતાવવી ચુપ રહેવાથી બેહતર છે અને ખરાબ વાત બતાવવાથી ચુપ રહેવું વધુ સારૂ છે. (બયહકી)

આ હદીસમાં એ વાત વધુ ચોખવટ અને ખુલાસાથી આવી છે કે ચુપ રહેવાની જે ફઝીલત છે તે ખરાબ વાતો કરવાના મુકાબલામાં છે. નહી તો સારી વાતો કરવી ચુપ રહેવાથી અફઝલ છે. એ પ્રમાણે ખરાબ લોકો સાથે મેળાપ અને બેઠકથી એકાંત વધુ બેહતરરૂ છે. પરંતુ નેક લોકોનો સંગાથ એકાંત કરતાં બેહતર છે.

(59)

Keeping Silence-2
(taciturnity)

Hazrat Imran bin Hittan Taabayi Reh. narrated that one day I present in the service of Hazrat Abuzar Gifari R.A., where I saw him in such a state that he covered himself with black cloth and seat alone. I asked Hazrat Abuzzar that why this solitude and loneliness?
(means why did you accept this solitudeness and loneliness?) He answered me that I heard from the Prophet Muhammad S.A.W. that he said that It is better to seat alone instead of seating with bad people. And seat with good people is better than seat alone. And it is better than tell good things instead of remain silent. And it is better to remain silent instead of telling bad things. (Bayhaki)

From this hadith, it is clear with explanation that the virtue of remain silent is more in compare to talk ad things. Like that it is better than remain alone instead of seating with bad people. But it is better in company with good people instead of remain alone.

(૬૦): ગેર કોમ કા તરીકા ઇખ્તિયાર કરના – (૧) :

ઇસ્લામને જાઇઝ તરીકે પર ખાને-પીને ઓર ખુશી મનાનેકી ઇજાઝત દી હે, લેકિન જીન કામોંમે ગેર કોમકે સાથ મુશાબહત હોતી હો યા શરીઅતકે ખિલાફ અમલ હોતા હો એસે કામોંસે શરીઅતને સખ્તીકે સાથ રોકા હે, શરીઅતકે ખિલાફ કામ કરનેવાલે શખ્સકા હુઝુર સલ.ને સલામકા જવાબભી નહી દિયા. (તિરમિઝી : ૧૦૪/૨) ઇસ્લામ સે પહેલે મહરઝાન ઓર નવરોઝ ઇન દો દિનોંમેં લોગ ખેલકુદમેં મશ્ગુલ હો જાતે ઓર ખુશીયાં મનાતે તો હુઝુર સલ.ને ઇસસે મના ફરમાયા.(મિશ્કાત : ૧૨૬) આપ સલ.કા ફરમાન હે જો કોઇ કિસી કોમકે સાથ મુશાબહત (સરખામણી)ઇખ્તિયાર કરેગા ઉસકા હશ્ર ઉન્હીકે સાથ હોગા. (અબુ દાઉદ: ૫૫૯)

યે મુશાબહત ખાને-પીનેમેં હો,રહને-સેહનેમેં હો યા અમલો (કાર્યો)મે હો સબકા યહી હુકમ હે. અહાદીસેપાક ઔર સહાબએ કિરામકે અમલસે સાફ માલૂમ હોતાહે કે ગેર કોમોકે તહેવારોંકે દિન ઉસ્કે તોર-તરીકે અપનાના, ખુશીયાં મનાના જાઇઝ નહી હે, બઅઝ ઉલમાએ કિરામ તો ઉનકો ઇતના સખત બૂરા સમજતે હૈં કે ગેરકોમોંકે તરીકે પર અમલ કરનેવાલેકે લીયે કાફિર હો જાનેકા હુકમ લગાયા હે,ખાસ ઇન દિનોમેં હી ખરીદને ઓર ઉનકે જેસે અમલ કરનેસે ઉનકી મુશાબહત હોતી હે જીનસે બચના બહુત ઝરૂરીહે.

(60) Follow the practices of other community (1)

Islam has given permission to eat-drink and celebrated happy occasion with permissible manner. But it is strictly prohibited that if this things are resemble to other community or it is against the law of Shariah. The Prophet Muhammad S.A.W. never give the answer of salam of those people who work against shariah.(Tirmizi:104/2). Before Islam people are used to engage in sports and become happy in two days of Maharjaan ad Navroz. The Prophet Muhammad S.A.W. refused to do so. (Mishkat:126). The Prophet Muhammad S.A.W. said that those who follow the practices of other communityhis fate will be with them. (Abu Dawood : 559)

This likeness or resemblances are in eating-drinking, in living or in act it is same for the everyone. It is better known by the hadith and the act of companion (Sahaba) that it is not permissible to follow the practices of other community in their festival or also not permissible to celebrate happiness. Some Ulama (Islamic Scholars) thinks it so bad they order that person infidel who follows other community practices. It is important to avoid to do shopping or execution in these days to avoid resemblance in them.

(૬૧): ગેર કોમ કા તરીકા ઇખ્તિયાર કરના – (૨) :

"ફતાવા ઝખીરહ"મેં લિખા હે કે જો શખ્સ ખાસ ગેરકોમકે તહેવાર (હોલી,પતંગબાજી, પટાખેછોળના, ગરબે ઘુમના યા દેખને વગેરહ)કે લિયે ઘરસે બાહર નીકલતા હે વહ કુફ્રકે કરીબ હો જાતા હે, ક્યુંકિ યહ શખ્સ અપને અમલસે કુફ્રકી મદદ કરતા હે (પ્રોત્સાહન આપે છે)ઔર ઉસકો અચ્છા કામ હોનેકી ગવાહી દેતા હે.

"ઉમ્દતુલ ઇસ્લામ" કિતાબમેં લિખા હે કે જો શખ્સ કાફિરોંકે રિવાજ અદા કરે જેસેકે મકાન બનાનેમેં નારિયેલ ફોળના, લાલ ધાગા બાંધનાં વગેરહ તો યે શખ્સ કાફિર હો જાતા હે.

(મિરકાત:૨૫૨/૨,મઝાહિરેહક/૩)

લિહાઝા ગેરકોમકે તહેવાર દિવાલી,મકર સંક્રાંતિ,નાતાલ વગેરહમેં ગેરઇસ્લામી અમલમેં મશ્ગુલ હોના ઇનકો ઇખ્તિયાર કરને કે બરાબર હે,ઇસસે ઉનસે મુશાબહત હોતી હે લિહાઝા યે હરામ હોગા ઇસસે દિની કામોંમેં ગફલત હો જાતી હે. જીસકે બારે મેં અલ્લાહ તઆલાકા ફરમાન હેં 'કુછ લોગ વહ હેં જો અલ્લાહસે ગાફિલ કરનેવાલી બાતોંકે ખરીદાર બનતે હેં તાકે ઉન્કે ઝરીએ લોગોંકો બેસમજે બુજે અલ્લાહકે રાસ્તેસે ભટકાએં ઓર ઉસકા મઝાક ઉળાએં ઉન લોગોંકો વહ અઝાબ હોગા જો ઝલીલ કરકે રખ દેગા. (સુ.લુકમાન આ.૬ તર્જુમા અઝ આસાન તર્જુમએ કુર્આન સફા : ૮૬૬)

પટાખે યા પતંગ ખરીદને સે માલકો ફુઝુલ ઇસ્તિઅમાલ કરના હે.ઔર કુર્આનપાકમેં ઇરશાદ હે 'યકીન જાનોંકે કે જો લોગ બેહુદા (ફુઝુલ) કામોંમે માલકો ઉળાતે હેં વહ શેતાનકે ભાઇ હેં.

(સુ.બની ઇસ્રાઇલ આ.૨૭)

(61) Follow the practices of other community (2)

In "Fatwa Jakhirah" it has been written that the person who step out of the home in other communities festival (Holi, Kite-flying, crackers, to dance in garba) then he get closer to infidelity. bcause this person helps infidelity by his execution. (to get promoted) and testifies that it is good deed.

In the book "Umdatul Islam" it has been written that who follow the customs of infidel like to crack the coconut to build a house, tying red thread then this person become infidel. (Miskat : 252/2, Majahire haq/3)

So to engage in other community festivals like Diwali, Makar sankranti, Christmas is like follow that practices. It is resemble to other community so it is haram (Not permissible) and because of this unmindfulness in deeni work. For this, Allah Ta'ala said but there are, among men, those who purchase idle tales, without knowledge (or meaning), to mislead (men) from the path of Allah and throw ridicule (on the path); for such there will be a humiliating penalty. (Surah Luqmaan verse no. 6 from translation "aasan Tarjumaye Qura'an page no.: 866")

To buy a crackers or kite is bad used of wealth. And it is stated in Qur'an paak that "Lo! The squanderers were ever brothers of the devils, and the devil was ever an ingrate to his Lord" (Surah Bani Israil verse no. 27)

(૬૨): ગેર કોમ કા તરીકા ઇખ્તિયાર કરના _ (3) :

માલ અલ્લાહતઆલાકી નેઅમત હે,ગુનાહકે કામમેં ઇસ્તેમાલ કરનેસે ઉસકી નાશુક્રી સમજી જાએગી, દુસરી જગહ કુર્આનપાકમેં અલ્લાહતઆલા ફરમાતે હેં "તુમહારે પરવરદિગારને એલાન ફરમા દિયા થા કે 'અગર તુમને વાકીઇ શુક્ર અદા કિયા તો મેં તુમ્હેં ઓર ઝયાદા દુંગા ઓર અગર તુમને નાશુક્રી કી તો યકીન જાનો મેરા અઝાબ બળા સખ્ત હે.(સુ.ઇબ્રાહીમ /૭)

ઇસલીયે નાજાઇઝ કામોંમે માલ ખર્ચ કરના અલ્લાહતઆલાકી નાશુક્રી હોગી ઓર માલ છીન લેનેકા સબબ બનતા હે ઓર નાશુક્રી કરને વાલેકે લીયે કુર્આનેપાકમેં બરબાદીકી તંબીહ (ચેતવણી) દી ગઇહે.

આજ-કલ અલ્લાહકે અઝાબ ઔર કિયામતકી નિશાનીયાં ઝલઝલહ, હુલ્લળ, ફસાદ ,હાદસાત (એકસીડન્ટ) કિ કસરત,મેંહગાઇ વગેરહ કી સુરત મેં રોઝેરોશન કી તરહ ઝાહીર હો રહીહે.તો કયા એસે વકત મેં ભી દિલોંમે અલ્લાહકા ખોફ પૈદા કરનેકા વકત નહી આયા? કુર્આનેપાકમેં અલ્લાહતઆલાકા ઇરશાદહે "કયા ઇમાનવાલોકે લિયે વો વકત નહી આયા કે ઉનકે દિલ અલ્લાહ તઆલાકી નસીહત ઔર દિનેહક્કે સામને જુક જાએ?" (સુ.હદીદ આ.૧૬)

લિહાઝા કિંમતી વકત ઓર માલ લાયઅની,બેફાયદા ઔર બેકાર કામોંમે બરબાદ કરનેસે ઔર અપને આપકો ઔર અપને માલ કો ગુનાહકે કામોમે બરબાદ કરનેસે બચના ચાહિએ,ઓર દુસરોંકોભી રોકના ઝરૂરી હે.

હઝ.મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.
સદર મુફતીઃ- જામેઅહ હુસૈનિયહ _ રાંદેર

(62) Follow the practices of other community (3)

Wealth is blessing of Allah Ta'ala. To used in crime is ungratefulness of Allah Ta'ala's blessings. In other place, Allah Ta'ala stated in Qur'an that "And remember when your Lord proclaimed, if you are grateful, I will certainly give you more. But if you are ungrateful, surely My punishment is severe." (Surah Ibrahim verse no. 7)

So it is ungrateful to expend in non-permissible practices and reason for snatching the goods. In Qur'an, gives warning of ruination for those who are ungrateful.

Now a days Allah signs of torment and the signs of Day of Judgment are manifesting like earthquake, riot, corruption, fortuity (accident), and inflation. Still the time has not come to create fear of Allah in your heart? In Qur'an paak Allah Ta'ala said that "has not the time yet come for those who believe that their hearts should be humble for the remembrance of Allah and what has come down of the truth? (Surah Hadid verse 16)

Therefore precious time and wealth does not ruin in useless deeds and you have to save yourself and your wealth to ruin in crime and it is necessary to stop others too.

(Hazrat Mufti Ismail Wadiwala Sahab Reh.
Sadar Mufti:- Jamia Husainiyyah_ Rander)

(૬૩) : ચાશ્તની નમાઝ :

વધુ પડતા ઉલમાએ ફરમાવ્યું છે કે ચાશ્તની નમાઝ મુસ્તહબ છે. એને કોઇક વાર પઢવામાં આવે અને કોઇક વાર છોડી પણ દેવામાં આવે. હુઝુર સલ.ની આદત વધુ પડતી નવાફીલમાં આમ જ હતી. (એટલે કે કોઇક વાર પઢતા અને કોઇક વાર છોડી પણ દેતા.) અકસર સહાબા અને તાબીઇનના અમલ પણ આમજ હતા.

ચાશ્તની નમાઝની ગણત્રી પણ વધુ પડતા આલીમો અલગ અલગ ફરમાવે છે. ઓછામાં ઓછી બે રકાત અને વધુમાં વધુ આઠ રકાત. હુઝુર સલ.થી પણ આમજ નકલ કરવામાં આવી છે. આ નમાઝની કિરાઅતમાં મશાઇખથી સુરએ શમ્સ, સુરએ દુહા, સુરએ લૈલ, સુરએ અલમનશ્રહ પણ મનકુલષ છે.અને નમાઝથી ફારીગ થવા પછી આ દુઆ પઢે. સો વખત પઢવું પણ મનકુલ છે. **" અલ્લા હુમગ્ફિરલી વરહમ્ની વતુબઅલય્ય ઇન્નક અન્તત્તવ્વાબુલ્ગફુર" તર્જુમોઃ-** એ અલ્લાહ મને માફ કરી આપો, અને મારા પર રહમ ફરમાવો, અને મારી તૌબા કબુલ કરો, અને ખરેખર તમે ઘણી તૌબા કબુલ કરવાવાળા અને માફ કરવાવાળા છો. (મદારીજુન્નુબુવ્વહ)

(63)

Chasht prayer

More Islamic Scholars have said that Chasht Prayer is Sunnah. Sometimes it offered and sometime it can. The habit of Prophet Muhammad S.A.W. about supererogatory prayers are like this.(means some times he offered sometimes he) More Shaba (companions) and Taabayi (subordinate) did like him.

The calculation about chasht prayer is different according to Ulmas. Less and less two rakaah and more you can offered 8 rakaah. It is also copied from the Prophet S.A.W. In this prayer it is best that you recite Surah Shams, Surah Duha, Surah Lail, Surah Alam Nashrah. And after completing Prayer , recite this Dua. You can recite 100 times also. "Allahummagfirali warhamni watubalaiyy innak ant tawwabulgafur"

(૬૪) :મઆમલાતમાં સચ્ચાઇ:

હઝરત મઆઝ (રદી.) ફરમાવે છે કે હુઝુર ﷺ એ ફરમાવ્યું છે કે બધાથી સારુ કામ એ વેપારીઓ (લે-વેચ કરનારાઓ) નું છે જે સાચુ બોલે છે. (જુઠુ નથી બોલતા)અને જો એમની પાસે અમાનત રાખવામાં આવે તો અમાનતમાં ખયાનત નથી કરતા, અનો જો કોઇ વાયદો કરે તો તે વાયદાના ખિલાફ કદી પણ નથી કરતા, અને કોઇ વસ્તુ વેચે તો એની વધુ પડતી પ્રશંસા નથી કરતા, અને જયારે કોઇ વસ્તુ ખરીદે તો એની કિંમત આપવામાં મોડુ નથી કરતા, અને જો કોઇના પાસે એમનું કોઇ કર્ઝ હોય તો સામેવાળી વ્યક્તિ પર સખ્તી નથી કરતા. (ઉસવએ રસુલ સલ.)

(64) Truth in matters

Hazart Ma'az R.A. narrated that the Prophet Muhammad ﷺ said the best work of all work of merchants (sellers) who speaks the truth. (Doesn't speak lie) and if someone bailment his belongings then he does not betray the bailment. And if someone makes a promise then he never goes against the promise and if he sells something, he doesn ot overestimate it and when he buys something he do not hesitate to pay the price. And someone had debt of him then he doesn't harsh on him. **(Usways Rasul S.A.W)**

(૬૫)

: તંદુરસ્તી માટે નબવી ઇલાજ :

રસૂલ સલ.એ એવા મોમિનની તારીફ કરી છે, જે શકિતશાળી અને તંદુરસ્ત હોય. ફરમાવ્યું: તાકતવર મોમિન કમઝોર મોમિનની તુલનામાં અલ્લાહની નજીક સારો અને મહબૂબ છે. (મુસ્લિમ)

સદા તંદુરસ્ત રહેવા માટે નબીએ કરીમ સલ.એ ભૂખથી વધારે ખાવાની મનાઇ ફરમાવી છે. ઇરશાદ ફરમાવ્યો: ખાલી વાસણને (પાણી વગેરેથી) ભરવું એટલું ખોટુ નથી જેટલું ખોટું માણસે ખાલી પેટ ભરવું, એટલે કે પેટ ભરીને ખાવું. માણસ માટે થોડાક કોળિયા પૂરતા છે, જે તેની પીઠને સીધી રાખે. જો પેટ ભરવાનો જ ઇરાદો છે તો અને એમ કર્યા વિના છૂટકો ન હોય તો ૧/૩ ભાગ ખાવું; ૧/૩ પાણી અને ૧/૩ નફસની હિફાઝત માટે રાખે. (મુસ્નદે અહમદ)

માનવંત સહાબી હઝ.અનસ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂરે અકરમ સલ. ત્રણ શ્વાસે પાણી પીતા હતા. ફરમાવતા કે આમ કરવાથી તૃપ્તતા-સંતોષ પ્રાપ્ત થાય છે અને કેટલીક બીમારીઓથી છુટકારો મળે છે.

(65)

Nabwi treatment for fitness

The Prophet Muhammad S.A.W. appreciated those believers who are strong and fit. The Prophet Muhammad S.A. W. said that strong believer is good and loving as compared to weak believer near to Allah. (Muslim)

For remain always fit, the Prophet Muhammad S.A.W. forbade to eat more than hunger. He continuous said that it is not false to fill empty vessel by water than fill empty stomach. Means eat full stomach. So 1/3 part food, 1/3 part water, 1/3 part for protection of nafs. (Musnade Ahmad)

The companion Hazrat Anas R.A. narrated that the Prophet S.A.W. drinks water in three breaths. And he further said due to this feels relief –contentment. And we get relief from innumerous disease.

(૬૬)

: મર્હુમોને ઇસાલે સવાબનો ફાયદો :

હઝ.અનસ (રદી.)થી બયાન છે કે મેં હુઝૂર સલ.ને ફરમાવતા સાંભળયું છે કે જયારે ઘરની કોઇ પણ વ્યકિત ઇન્તિકાલ કરી જાય છે અને કોઇ તેમના તરફથી ખૈર-ખેરાત કરે છે, તો હઝ. ઝિબ્રઇલ અલ. તેના (સવાબને) નુરાની પ્લેટમાં મુકી તે કબરના કિનારે ઉભા રહી કહે છે કે અય ઊંડી કબરવાળા! આ એક હદિયો છે જે તમારા ઘરવાળાઓએ મોકલ્યો છે, તેને કબુલ કરી લો, પછી તે તેને આપવામાં આવે છે તે તેનાથી ખુબ ખુશ થાય છે. જયારે તેના પડોશી જેમની પાસે કોઇ હદિયો નથી પહોંચતો તેઓ અફસોસ કરે છે. (શર્હસ્સુદુર ૧૨૯)

અગર કોઇ ઘરમાં કે બીજી જગ્યાએથી કુર્આનેપાક પઢી તેનો સવાબ મર્હુમોને પહોંચાડી આપે છે અને આ પ્રમાણે કહે કે અય અલ્લાહ મેં જે કઇ પઢયું છે તેનો સવાબ મર્હુમોને પહોંચાડી આપ તો તેનો સવાબ પહોંચી જશે. અને નફિલ ઇબાદતનો સવાબ મર્હુમોને પહોંચાડવાથી મરનારના સવાબમાં કોઇ કમી થતી નથી. અગર એક થી વધુ મર્હુમોને સવાબ પહોંચાડવામાં આવે તો અલ્લાહપાકની શાને રહીમીનો તકાઝો એ છે કે બધા મર્હુમોને બરાબર (સરખો) સવાબ મળશે. કોઇના સવાબમાં કમી થશે નહી. (ફત્હુલ મુલહિમ ૩૯/૩)

(66)

Benefits of Isaale sawab to deceased

Hazrat Anas R.A. narrated that the Prophet Muhammad S.A.W. said that when any person dies in the house and someone does good deeds on their behalf, then Hazrat Gibreil A.S. putting his sawab in illuminated plate (noorani), and stands on the edge of the grave. And says, "O who lives in deep grave! This is a gift sent by your family members, accept it, then they are very happy with what is given to them. When his neighbors who didn't get any gifts, they regret." (Shahrassudur 129)

If a person reads the Qur'an from a house or any other place and delivers his reward to the deceased and says, "O Allah, Deliver the reward of what I have read to deceased, and then your reward will reach him. And delivering the reward of supererogatory worship to the deceased does not reduce the reward of the dying. If more than one decease person is given a sawab, then it is the glory of Allah that he gives equal sawab to all. And no ones sawab get reduced. **(Fathul Mulhim 39/3)**

(૬૭)

: સવાબે (સદકએ) જારિયહ - ૧ :

રસુલુલ્લાહ સલ.નું ફરમાન છે જયારે ઇન્સાન મરણ પામે છે તો તેના અમલ બંધ થઇ જાય છે. (એટલે અમલ બંધ થવાથી સવાબ અને અજર તેને મળતો નથી) અલબત્ત ત્રણ પ્રકારના અમલોનો સવાબ મળતો રહે છે. (૧) સદકએ જારિયહ (૨) જે ઇલ્મથી લોકો ફાયદો ઉઠાવતા રહે. (૩) નેક અવલાદ જે માં-બાપ માટે દુઆએ ખૈર કરતા રહે. (મુસ્લિમ ૪૧/૨, મિશ્કાત શ.૩૨)

અહી સુધી કહેવામાં આવ્યું છે કે નેક અવલાદ જે કંઇ અમલ કરશે ભલે તેઓ માં-બાપ માટે દુઆ કરે કે ન કરે પરંતુ તેના અમલોનો સવાબ તેના માં-બાપને મળતો રહે છે. જેમ કે કોઇ એ ફળદાર ઝાડ રોપ્યું તો જે પણ તે ફળોનો ઉપયોગ કરશે તો ઝાડ રોપનારને તેનો સવાબ મળશે. ભલે ફળો ખાનાર ઝાડ ઉગાડનાર માટે દુઆ કરે કે ન કરે એજ પેમાણે અવલાદના અમલોનો સવાબ માં-બાપને મળતો રહેશે. (મિશ્કાત પેજ ૨૨૧/૧)

(67)

Sawabe (sadqaye) Jaariyah-1

The Prophet Muhammad S.A.W. said that when a person dies, his execution stopped. (i.e, he does not get the reward as execution stopped) of course, there are three types of execution (1)Sadqaye Jaariyah (2) that knowledge from which people continues to benefit. (3) A good offspring who keeps on praying for parents. **(Muslim 41/2, Mishkat Shareef 32)**

It has been said so far that whatever good deeds he will do whether he prays for his parents or not. Just like is someone planted a fruit tree, whoever uses that fruits the tree planter will get his reward whether the fruit eater prays for the tree grower or not, the parents will continue to get the same reward for their deeds. **(Mishkat Page No. 221/1)**

(૬૮)

: સવાબે (સદકએ) જારિયહ - ૨ :

રસુલુલ્લાહ સલ.નું ફરમાન છે કે મોઅમીનના મરણ પછી તેના અમલ અને નેક કામોમાંથી સવાબ મળતો રહે છે તે આ છે. (૧) ઇલ્મ જે બીજાને શીખવાડયો અને દીની કિતાબો પ્રસિધ્ધ કરી (૨) પોતાની પાછળ નેક અવલાદ છોડી (૩) કુર્આનશરીફ જે વારિસો માટે છોડયું (૪) મસ્જિદ બનાવી (૫) મુસાફિર ખાનું બનાવ્યું (૬) પાણીની સગવડ કરી (૭) પોતાની તંદુરસ્તી અને હયાતીમાં પોતાના માલમાંથી ખૈર-ખૈરાત કરી. આ સાત ચીઝોનો સવાબ મૃત્યુ પછી પણ મળતો રહે છે. (મિશ્કાત શ. ૩૬)

(68) Sawabe (sadqaye) Jaariyah-2

The Prophet Muhammad S.A.W. said that after the death of believer these good deeds from which he gets reward. (1) The knowledge he taught to others and to publish deeni books. (2) Good offspring who left after him. (3) The Qur'an shareef which he left for offspring. (4) Build a Mosque (5) Build Musafirkhana. (6) To make arrangements for water. (7) do charity for good health from his wealth when he alive. These are the seven things from which we get reward after the death also. **(Mishkat Shareef 36)**

(૬૯)
પોતાના ઘરોને શાંતિમય
(પૂર સુકુન, placidly) બનાવોઃ

સહીહ બુખારી શ.માં રસૂલે પાક સલ.નો મુબારક ઇરશાદ નકલ છે કે તમારામાંથી દરેક માણસ ઝિમ્મેદાર (caretaker, overseer) છે. અને પ્રત્યેકથી તેના હાથ નીચેના (underneath) વ્યક્તિઓ વિશે સવાલ થશે. મર્દ પોતાના ઘરવાળાઓનો ઝિમ્મેદાર છે, ઓરત પોતાના શોહરના ઘર અને તેની અવલાદ માટે ઝિમ્મેદાર છે. અને દરેકથી તેમના નિગરાં બાબતમાં સવાલ થશે.

ઉપરની હદીસથી માલમ પડયું કે ખાસ વાલિદૈન માટે જરૂરી છે કે (૧) તેઓ તકવો ઇખ્તિયાર કરે. (૨) પરસ્પરના તઅલ્લુકને કાયમ અને મજબૂત રાખવા માટે શકય હોય તટલી કોશીશ કરે. (૩) પતિ-પત્નિ બન્નેવ પોતાના ઘરના ઝિમ્મેદાર છે. અને તેમનાથી તેમની ઝિમ્મેદારી બાબત પુછવામાં આવશે.

આ હદીસથી આપણને એ પણ માલૂમ થયું કે અલ્લાહતઆલા આપણા દરેક અમલ જોઇ રહયા છે. અલ્લાહને ખબર છે કે ઘરેલુ મુઆમલામાં કોણ અતિરેક અને કોણ ન્યાય અને ઇન્સાફથી કામ લઇને ખાનદાનને મજબુત કરી રહયા છે.

(69) Make your home the place of calmness

In Sahih Bukhari Shareef, it is copied from the Prophet Muhammad S.A.W. that all peoples are responsible (caretaker, overseer) among you. And everyone will be asked about the peoples who work under you. Women are responsible for their husband and children.

From above hadith we are come to know that for parents it is necessary that (1) Stick with forbearance. (2) Try as much as possible to keep good coordination among all peoples. (3) Husband-wife both are caretaker of home. And they will be asked about their responsibility.

From this Hadith we came to know that Allah Ta'ala observing our each and every execution. Allah knows that who is doing wrong in family matters and who become family strong with justice.

(૭૦) : દોલતમાં બંદાનો ખરા ભાગ કેટલો છે? :

હઝરત અબૂ હુરૈરહ ؓ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું બંદો કહે છે મારો માલ, મારો માલ હાલાંકે તેના માલમાંથી જે ખરેખર તેનો છે તે ફક્ત ત્રણ ભાગ છે. એક તે જે એણે ખાઇને ખતમ કરી દીધો, બીજો તે જે પહેરીને પુરાનો કરી દીધો, અને ત્રીજો તે જે તેણે અલ્લાહતઆલાના રસ્તામાં આપી દીધો એટલે કે પોતાની આખિરત માટે જમા કરી દીધો. તે સિવાય જે કંઇ પણ છે તે બીજાઓ માટે છોડી જવાનો છે અને પોતે અહીંયાથી એક દિવસ વિદાય થઇ જશે. (મુસ્લિમ શ.)

હદીસ શ.નો મતલબ એ છે કે માણસે કમાએલા અને ભેગા કરેલા માલમાંથી ખરેખર તેનો હિસ્સો એટલો જ છે જે તેણે ખાવા , પહેરવાની જરૂરતોમાં પોતાના પર ખર્ચી નાખ્યો તથા અલ્લાહતઆલાના રસ્તામાં આપી આખિરત માટે અલ્લાહને ત્યાં જમા કરાવી દીધો તે સિવાય જે કંઇ તેની પાસે છે તે ખરેખર તેનો નથી બલ્કે વારસદારોનો છે જેમના માટે એ છોડી જશે.

(70) What is real part of banda in wealth?

Hazrat Abu Hurairah ؓ narrated that the Prophet Muhammad ﷺ said that the people said this is my wealth, my wealth in fact 3 parts is of his own among his all wealth. One is that which finish is by eating. Second is which finish by wearing clothes. And third one is giving in the path of Allah Ta'ala, Which is gathered for the Day of Judgment. After that whichever is left, he left for others. And one day he will be left this world. (Muslim Shareef)

The meaning of Hadith Shareef is that the real part of his among his all wealth is that he spent on his eating, drinking and the needs of his cloths or he spend on the path of Allah and reserve for the Day of Judgment. And after all this is left it is for their off springs.

(૭૧)

: મૌત અને તંગીમાં ભલાઇ :

હઝરત મહમુદ બિન બલીદ (રદી.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું બે ચીઝો એવી છે જેને માણસ પસંદ કરતો નથી, (જોકે તેમાં તેના માટે ઘણી ભલાઇ હોય છે) એક મૌતને પસંદ કરતો નથી. હાલાંકે મૌત તેના માટે ફિત્નાથી બેહતર છે અને બીજુ તે માલની કમી અને નાદારીને પસંદ કરતો નથી હાલાંકે માલની કમી આખિરતના હિસાબને હલ્કો અને ટુંકો કરનાર છે.(મુસ્નદે અહમદ)

હકીકત એ જ છે કે દરેક માણસ મૌત,નાદારી અને તંગીથી ગભરાય છે. અને તેનાથી બચવા ચાહે છે. જો કે મૌત એ કારણે મહાન નેઅમત છે કે મૃત્યુ પછી માણસ દીનને ફના કરવાવાળા દુનિયાના ફિત્નાઓથી બચી જાય છે. અને માલ-દોલતની કમી એ રીતે મોટી નેઅમત છે કે નાદારો અને મુફલિસોને આખિરતમાં બહું જ ટુંકો હિસાબ આપવો પડશે. અને તેઓ આ કઠણ હાલતમાંથી ઘણી જ જલ્દી અને સહુલતથી ફારિગ થઇ જશે. જયારે માણસ તંગી અને નાદારીની મુસીબતમાં સપડાયલો હોય છે અથવા કોઇ સગા વહાલાના મૃત્યુનો આઘાત પહોંચે છે તો તે સમયે રસૂલુલ્લાહ સલ.ના આવા ઇરશાદથી ઘણી જ શાંતિ અને આશ્વાસન મળે છે.

(71) Goodness in Death and hardship

Hazrat Mahmood bin Walid R.A. narrated that the Prophet Muhammad S.A.W. said that the two things whish man dislikes (In which there are lot of goodness in it) One he dislikes death in fact death is superior than disaster. And second he dislikes the shortage of wealth in fact the shortage of wealth decreases the account at the Day of Judgement. (Musnade Ahmad)

The fact is that every man fears about death and shortage of wealth. And he wants to recue from it. Death is big blessing. Man is save from the worldly disaster. And the shortage of wealth is also big blessing because those who has no money can give short account at the Day of Judgment. And they are escape from tough situation very easily. Those who get more calm and

(૭૨)
: જાન-માલનો એહતેરામ :

હુઝુર સલ.એ હજ્જતુલ વિદાઅના મોકા પર મેદાને અરફાતમાં ફરમાવ્યું! આજે કયો દિવસ છે? બધાએ જવાબ આપ્યો (યવમે મોહતરમ) ઇજ્જતવાળો દિવસ, પછી આપ સલ.એ ફરમાવ્યું! આ કયુ શહેર છે. સૌએ કહ્યું મોહતરમ શહેર, એના પછી આપ સલ.એ ફરમાવ્યું! કોઇ શક નથી તમારૂ લોહી, માલ, ઇઝઝત, કુટુંબ, અવલાદ, એકબીજાના માટે ઇજ્જતનેપાત્ર છે, ત્યાં સુધી કે મૌત આવે, એવીજ રીતે જેમકે તમારો આજનો દિવસ આ મહીનામાં તમારા આ શહેરમાં વાજીબુલ એહતેરામ છે, નજદીક છે કે તમારી પોતાની અલ્લાહથી મુલાકાત થશે, પછી અલ્લાહતઆલા તમારા આમાલ વિશે સવાલ કરશે.

મોમીનની જાત (જાન-માલ) મોમીન પર હરામ છે હુરમતના દિવસે. ગીબતના કારણે મુરદાર ભાઇનો ગોશ્ત ખાવુ હરામ છે. અને મોમીનની ઇઝઝત એના પર હરામ છે કે તે એને ખરાબ કરે, અને મોમીનનો ચેહરો એના પર હરામ છે કે તે મોમીનને તકલીફ પહોંચાડવા ધોકો આપે.

(72) Respect towards life and wealth

On the Occasion on Hajjatul Vida at the ground on Arfaah the Prophet Muhammad S.A.W. said that what is the Day today? All answered that (Youm-e Muharram/ the day of Muharram) the day of prestige. After that the Prophet Muhammad S.A.W. said that which city is this? All replied that it is prestigious city. After that the Prophet Muhammad S.A.W. said that it has no doubt that your blood, wealth, prestige, family, offspring are prestigious for each other until you died.

The believers' life and wealth are non-permissible on this day. Because of slander it is non-permissible to eat the meat of died brother. And it is non-permissible for prestige of other believer.

(૭૩) : જેનુ બાળક ઇન્તેકાલ કરી જાય તેના માટે દુઆ :

જેનુ બાળક મરી જાય તેઓ "અલ્હમ્દુલિલ્લાહિ અલા કુલ્લિ હાલ" અને "ઇન્નાલિલ્લાહિ વ ઇન્ના ઇલયહિ રાજિઉન" પઢે.

હદીસે કુદસીમાં (અલ્લાહપાક ફરમાવે) છે કે જયારે કોઇ (મુસલમાન) બંદાનું બાળક મરી જાય છે તો અલ્લાહતઆલા ફરિશ્તાઓથી કહે છે કે તમે મારા બંદાના બચ્ચાની રૂહ કબ્ઝ કરી લીધી, ફરિશ્તા અર્ઝ કરે છે કે "જી હાં" અલ્લાહતઆલા ફરમાવે છે કે "તમે તેના દિલનું ફુલ તોડી લીધુ." ફરિશ્તાઓ જવાબ આપે છે કે "જી હાં" અલ્લાહતઆલા ફરમાવે છે મારા બંદાએ તેના માટે શું કહયું? ફરિશ્તાઓ જવાબ આપે છે કે તેમણે અલ્હમ્દુ લિલ્લાહ.. કહ્યું અને ઇન્નાલિલ્લાહિ... પઢયું. તો અલ્લાહતઆલા ફરમાવે છે કે (જાઓ) મારા તે બંદા માટે જન્નતમાં એક મહેલ બનાવી આપો અને તેનું નામ "બય્તુલ હમ્દ" રાખી આપો. (હિસ્ને હસીન)

(73) Dua for the one whose child died

Whose child has died one should recite "Alhumdullilah Ala kulli haal" and recite "Inna Lillahi wa Inna Ilaihi Rajiun."

It is in hadith-e-Qudsi (Allah Ta'ala said) when the child of Muslim brother died then Allah Ta'ala said to angels that you collect the Ruh of child of my banda. The Angels said that "yes". Allah Ta'ala said that "You had plucked the flower of his heart" Angels said that "yes". Allah Ta'ala said that what did my banda said? Angels answered that he said Alhumdullilah and recite Inna Lillah……. Then Allah Ta'ala said that go and build a palace for my banda and put its name "Baitul Hamd" **(Hisne Haseen)**

(૭૪): કબ્રસ્તાનમાં જઇ ઇસાલે સવાબની ફઝીલત

જે કોઇ પોતાના માં-બાપ, અથવા એમનામાંથી કોઇ એકની કબરે જશે તો હજ બરાબર સવાબ મળશે. અગર મુસલમાન ભાઇની કબરે જઇ તેને સલામ કરશે તો તે મૈયત તેના સલામનો જવાબ આપે છે. અને દુન્યામાં ઓળખનાર હોય તો તેને ઓળખે પણ છે. હઝરત અલી (રદિ.) આપ સલ.થી રિવાયત કરે છે કે જે માણસ કબ્રસ્તાન જઇ અગીયાર વખત "કુલ હુવલ્લાહુઅહદ..." પઢી તેનો સવાબ કબ્રસ્તાનના મુરદાઓને પહોંચાડશે તો તે કબ્રસ્તાનના મુરદાઓની સંખ્યા બરાબર તેને સવાબ મળશે.

હઝરત અબુ હુરૈરહ (રદિ.) આપ સલ.નો ઇરશાદ બયાન ફરમાવે છે કે જે માણસ કબ્રસ્તાન જઇ અલ્હમ્દુ, કુલ હુવલ્લાહુ અહદ, અને અલહા કુમુત્તકાસુર... પઢીને તેનો સવાબ મુરદાને બખ્શી આપે તો તેમને તો સવાબ પહોંચશે પરંતુ તે કબ્રસ્તાનના મુરદાઓ પણ તેના માટે અલ્લાહપાકથી શિફારિશ કરે છે. (મિશ્કાત શ.)

(74) The virtue of going to graveyar

He will get the reward to one hajj if he visit the grave of his own parents or one of them. If he visit the grave of Muslim brother and greet with salam then that dead person replied to his salam. And if he knows that person in world then he also recognizes him. Hazrat Ali R.A. narrated that the Prophet Muhammad ﷺ said that the person who visit graveyard and recite "Qulhu wallahu Ahad" 11 times and send the reward to dead person then he get reward is equal to dead perons in the graveyard.

Hazrat Abu Hurairah ؓ narrated that the Prophet Muhammad ﷺ said that the person goes to graveyard and recite Alhamdu..,Qul hu Wallahu Ahad, and Alhakumuttakasur.... and send its reward to dead person. Then he will get the reward also and that dead person pray to Allah Ta'ala.**(Mishkat Shareef)**

(૭૫) ઓરતોનુ સ્થાન અને પવિત્રતા :

હુઝુર સલ.એ હજ્જતુલ વિદાઅના મોકા પર મેદાને અરફાતમાં ફરમાવ્યું! ઓરતો તમારી પાસે કેદ છે તે પોતાની જાતના માટે કોઇ ચીઝ પર કાદીર (સ્વતંત્ર) નથી, તમે એને પોતાના માટે ખુદાના હુકમો સાથે હલાલ કરેલ છે. એટલા માટે ઓરતો વિશે અલ્લાહથી ડરો, અને એમની સાથે ભલાઇ કરવાની વસિય્યત કબુલ કરો. (એમની સાથે સારી વર્તણુંક કરો.)

કિતાબ અને સુન્નતની બુનીયાદી હૈસીયત

લોકો! સમજદારીથી કામ કરો, અને મારી વાત સાંભળો! મે તમારા લોકો સુધી અલ્લાહનો પૈગામ પહોંચાડી દીધો અને હું તમારા વચ્ચે રોશન ચીઝ છોડીને જઇ રહ્યો છું. જો તમો એને મજબુતીથી પકડી રાખશો તો કદી ગુમરાહ ન થશો એટલે કે અલ્લાહની કિતાબ અને નબી ﷺ ની સુન્નત, તમો એના પર અમલ કરતા રહો.

(75) Women place and purity

On the Occasion of Hajjatul Via at the ground of Arfaah, the Prophet Muhammad S.A.W. said that Women has imprisoned with you. They are not free for anything regarding their own existence; you have become halal or permissible for him by the order of Allah Ta'ala. So fear to Allah in the matter of women. And agree to remain good with them. (Behave good with them.)

Basic Status of book and Sunnah

People! Work with prudence, and listen to me! I will send you the message of Allah Ta'ala and I left the luminous thing in between you. If you stick with it firmly you may not mislead. You should execute as per the books of Allah Ta'ala and the Sunnah of Prophet Muhammad ﷺ

(૭૬)

: ઇસ્લામના પાયા (થાંભલા) :

હુઝુર સલ.એ હજ્જતુલ વિદાઅના મોકા પર મેદાને અરફાતમાં ફરમાવ્યું! સાભળો! પોતાના રબની ઇબાદત કરો, પાંચ વખતની નમાઝ પઢો, રમઝાનના રોઝા રાખો, પોતાના માલની ઝકાત સાચા દિલથી અદા કરો, (એક રિવાયતમાં છે) અલ્લાહના ઘરની ઝિયારત કરો (હજ કરો) અને પોતાના માર્ગદર્શકો (વડીલો)ની ઇતાઅત કરો, અને અલ્લાહની જન્નતમાં દાખલ થઇ જાઓ.

: ઇમાન અને ઇસ્લામનો કમાલ :

હું તમને ખબરદાર કરૂં છું મુસલમાન કોણ છે? મુસલમાન તે છે જેની ઝુબાન અને હાથથી બીજા લોકો હિફાઝતમાં રહે. હું તમને ખબર આપું છું કે મોમીન કોણ છે? મોમીન તે છે જેનાથી લોકો પોતાની જાન અને માલથી અમનમાં રહે અને હું તમને બતાવું છું કે મુહાજીર કોણ છે? મુહાજીર તે છે જે અલ્લાહની હરામ કરેલી વસ્તુને છોડી દે અને મુજાહીદ તે છે જે અલ્લાહની ઇતાઅતના માટે પોતાના નફસથી જીહાદ કરે.

(76)

The Pillars of Islam

On the Occasion of Hajjatul Vida at the ground of Arfaah the Prophet Muhammad S.A.W. said Listen! Worship your Lord. Pray five times prayer, Keep the fast of Ramadan, and give the Zakaah of your wealth with true heart. (In another custom) Visit the house of Allah. (Perform Hajj) and Obey your guide (Parents) and enter in Allah Ta'ala's Paradise.

The Miracle of Islam and Belief (Imaan)

I alert you by telling you that who is Muslim? The Muslim are who that from his hands and tongue all people get protected. I let you to know that who is believer? Believer is the person from other people remains in peace in the matter of life and wealth. And I let you know that who is Muhajir? Muhajir is the person who left those things which Allah told us non-permissible. And Mujahid is the person who does the jihad with nafs for obeying the commands of Allah.

(૭૭) : માહે રજબ :

આ ઇસ્લામી વર્ષનો સાતમો મહીનો છે. રજબનો અર્થ કુરબાની અને ઇઝઝતનો છે. નબીએકરીમ સલ.આ મહીનાનો ચાંદ જોઇને આ દુઆ પઢતા હતા.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ رَجَبَ وَشَعْبَانَ
وَبَلِّغْنَا رَمَضَانَ ط

"અલ્લાહુમ્મ બારિકલના ફી રજબ વ શઅબાન વ બલ્લિગના રમઝાન" **તર્જુમો:-** યા-અલ્લાહ! અમારા માટે રજબ અને શઅબાનના મહીનામાં બરકત આપ અને અમોને રમઝાન સુધી ખેરિયતના સાથે પહોંચાડી દે. આ મહીનાની સત્તાવીસમી રાતના જનાબ નબીએ કરીમ સલ.ને જિસ્મે મુબારકના સાથે મે'રાજ શરીફ થઇ. આપ સલ. મક્કા મુઅઝઝમાથી બય્તુલ મુકદ્દસ, ત્યાંથી સાતમાં આસ્માન પર પહોંચ્યા અહી સુધી કે અર્શે અઝીમ પર પહોંચીને અલ્લાહતઆલાનો દીદાર અને વાતચીત કરવાનો મોકો અર્પણ થયો અને આપને પાંચ વખતની નમાઝનો તોહફો મળ્યો, મે'રાજનો આ અઝીમુશ્શાન મરતબો આપ સલ. સિવાય અન્ય કોઇ પયગમ્બરને નસીબ થયો નથી.

(અઝ: બારહ મહીનેંકે ફઝાઇલ, દા.ઊ. કંથારીઆ)

(77)

The month of Rajab

This is the seventh month of Islamic year. The meaning of Rajab is Sacrifice and prestige. The Prophet Muhammad S.A.W. recites this Dua after watching the moon of this month.

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ رَجَبَ وَشَعْبَانَ
وَبَلِّغْنَا رَمَضَانَ ط

"Allahumma Bariklana fi Rajab wa Shaban wa Balligana Ramzan" Translation:- Oh Allah! Give us virtue in the month of Rajab and Sha'aban and reach us to the month of Ramdan with goodness. In the 27th date of Rajab the Prophet Muhammad S.A.W. went to Meraaj Shareef with Jisme-Mubaarak. From Mecca Muajjim to Baitul Muqaddas and from this to seventh sky and till arsh-e-azeem and see Allah Ta'ala with his eyes and also get the chance to talk with Allah Ta'ala. And we get the gift of five prayers. Except the Prophet Muhammad S.A.W. no any person get this valuable stutus.

(From: Baarah Mahineke Fazail, Darul Uloom Kantharia)

(૭૮)

: હઝ.મૌ.અશરફઅલી સા. થાનવી રહ.એ સૂચવેલ જીવન પથ માર્ગદર્શિકા (Guidelines - દસ્તુરુલઅમલ) :

માર્ગદર્શિકા જે દિલ પરથી પરદો હટાવે છે, જેના અમુક વિભાગો છે. (૧) કિતાબો પઢવી અથવા સાંભળવી (૨) મસાઇલ પૂછતા રેહવું (૩) અલ્લાહવાળાઓ પાસે આવતા-જતા રેહવું અને જો એમની ખિદમતમાં આવવા-જવાનો મોકો ન મળે તો એવા બુઝુર્ગોની હિકાયતો અને મલ્ફુઝાત પઢતા રેહવું અથવા સાંભળતા રેહવું, અને જો થોડીવાર અલ્લાહનો ઝિક્ર કરી લો તો દિલના સુકુન માટે ઘણુ જ ફાયદાકારક રહેશે. ઝિક્ર ના સમયમાંથી થોડો વખત નફસને કાબુમાં રાખવા માટે પણ કાઢો જેમાં પોતાના નફસથી એવીરીતે વાતો કરો કે એ નફસ! એક દિવસ દુનિયાથી જવાનું છે, મૌત પણ આવવાની છે, એ વખતે આ માલ અને દોલત દુનિયામાં રહી જશે, ઓરત અને બચ્ચાઓ બધા છુટી જશે, અને અલ્લાહથી મુલાકાત થશે, જો તારી પાસે નૈક અમલો વધુ હશે તો તને બક્ષી દેવામાં આવશે, અને જો ગુનાહ વધારે હશે તો જહન્નમનો અઝાબ ભોગવવો પડશે. એટલા માટે તુ તારા જીવન વિશે સોચ અને આખિરત માટે કઇક જમા કર. ઉમર ઘણી કિમતી દોલત છે, એને બેકાર બરબાદ ન કર, મરવા પછી તુ એની તમન્ના કરીશ કે કાશ હું થોડા નેક આમાલ કરી લઉ જેનાથી મને બક્ષી દેવામાં આવે. પરંતુ તે વખતે તારુ આ પસ્તાવું કોઇ કામ નહી આવે . બસ તુ જીંદગીને કિમતી સમજીને અત્યારે તારો મગફિરતનો સામાન તૈયાર કરી લે.

(અઝ કિતાબ: રૂહાની તરક્કીકે રાસ્તે - કરાંચીમાંથી)

(78) Guidelines suggested by Hazrat Moulana Ashraf Ali Sa. Thanwi Reh.

Guidelines that removes curtain from heart. It has various section. **(1)** You should read books or listen. **(2)** Keep asking the questions regarding Islam. (masail). **(3)** Go and meet the pious people and if you didn't get the opportunity to meet and do a service of them then read or recite the stories of such people. And if you sometime spend your time in Allah Ta'ala's zikra then it is more beneficial for containment of heart. From zikra you should reserve sometime for nafs. And tell the nafs that "Oh Nafs! One day we left this world. And death will also come. That time this wealth and all things remain in this world. Wife and children left behind you in this world. And you will definitely meet the Allah Ta'ala. If you have more good deeds then you get reward. And if you have more crime then you will have to face the fire of Hell or torment of Hell. So lets think about your life and reserve something for the Day of Judgment. Life is more precious wealth. Don't spend life in useless things. When you died you wish that I do good deeds and because of that I get bakshish. And that time this repent is of no use. so you understand that life is most precious and prepare the deeds for repent"

(From book :Ruhani Tarrakike raste-Karachi)

(૭૯) : જો સારા કર્મોની તૌફીક મળે તો જીવન ઘણી મોટી નેઅમત છે:

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.ની સેવામાં એક માણસે અરજ કરી યા રસૂલુલ્લાહ! માણસોમાં સારો કોણ છે? (એટલે કેવા પ્રકારનો માણસ આખિરતમાં વધુ સફળ અને કામિયાબ રહેશે) આપ સલ.એ ઇરશાદ ફરમાવ્યો: તે માણસ જેનુ આયુષ્ય લાંબુ હોય અને કર્મો સારા હોય. પછી તે જ માણસે અરજ કરી કે સૌથી ખરાબ (એટલે આખિરતમાં વધુ નુકશાનમાં) કોણ રહેશે? તો આપ સલ.એ ફરમાવ્યું: જેનું આયુષ્ય લાંબુ થયું અને કર્મો ખરાબ કર્યો. (મુસ્નદે અહમદ)

જાહેર છે કે જેનું જીવન નેક કાર્યોવાળુ હશે તો જેટલુ લાંબુ આયુષ્ય ભોગવશે એટલા જ તેના દીની દરજાઓમાં પ્રગતિ થશે. તેથી વિરૂધ્ધ જેના કર્મો અને ખસલતો અલ્લાહતઆલાથી દુર કરવાવાળી હશે તેનું આયુષ્ય જેટલું લાંબુ હશે તેટલો જ તે અલ્લાહની રેહમતથી દૂર થતો જશે.

(79) Life is a great blessing if you get the gift of good deeds:

Hazrat Abu Hurairah R.A. narrated that the Prophet Muhammad S.A.W. said that one man came in service of Prophet Muhammad S.A.W. and asked that O, Rasulullah! Who is the best of men? (So what kind of man will be more successful at the Day of Judgement?) The Prophet Muhammad S.A.W. said that the man who has a long life and good deeds. Then the same man pleaded who would be the worst. (i.e. in the more loss at the Day of Judgment)? So the Prophet Muhammad S.A.W. said that: whose life was prolonged and his deeds became bad.

It is clear that the longer a person lives a life of good deeds, the more he will progress in his deen. Therefore, as long as the one whose deeds are to be removed from Allah. He will be removed from the mercy of Allah.

(૮૦)

: હઝારી રોઝા બાબત:

ઘણા લોકો રજબની સત્તાવીસમી તારીખનો રોઝો રાખવાને એક હઝાર રોઝાના બરાબર સવાબ સમજે છે. એટલા માટે એને “હઝારી રોઝો“ કહે છે. પરંતુ આ ફઝીલત સાબિત નથી. કેમકે ઘણી રિવાયતો આ વિષે (મોજુ) કમજોર છે. એટલા માટે આ રોઝા વિશે સુન્નત હોવુ ન માને. **જો કોઇ માણસ હઝાર રોઝાના બરાબર સવાબ ન સમજે પરંતુ ફઝીલતનો દિવસ હોવાના કારણે રોઝો રાખે તો એમાં કંઇ વાઘો નથી** જેવુ કે શામી વગેરામાં તશ્રીહ છે.

મવ.થાનવી (રહ.) ફરમાવે છે કે જયારે આ દિવસમાં રોઝો રાખવો સાબિત નથી તો હઝાર રોઝાના સવાબ કયાંથી સાબિત થયો? જો કોઇ આના કારણે રોઝો રાખે કે આ તારીખની રાત્રે હુઝુર સલ.ને મે’રાજ થઇ (તો પણ સહીહ નથી) જયારે હુઝુર લસ.એ પોતે રોઝો નથી રાખ્યો. તો આપણે શા માટે સુન્નત કે ફઝીલત સમજવું!

: રજબના કુંડા બાબત: હઝ.જઅફરે સાદિક રહ.ના કુંડાનો રિવાજ પણ બિલ્કુલ બેબુનિયાદ છે. આ પ્રમાણેની બધા રિવાજોની શરીઅતમાં કોઇ આઘાર નથી. કુંડોની કિતાબ અથવા કિસ્સએ અજીબહમાં જે વાકિઅહ લખેલા છે તે બિલ્કુલ પાયાવિહીન અને મનઘડત છે. હઝ. જઅફરે સાદિક (રહ.) પર બોહતાન છે કુંડોનો રિવાજ નબીએ કરીમ સલ.અને ખુલફાએ રાશીદીન (રદી.)ના મુબારત ઝમાનામાં બિલ્કુલ ન હતો.

(80)

About Hazaari fast

Most People assume that keeping fast on the 27th of Rajjab equals to one thousand of fast. So that’s why it is called as “Hazaari fast”. But this virtue has no proof. Because most of accustom are weak about this fast. So do not assume to keep this fast as Sunnah. If anyone do not assume this fast is equal to thousand fast and keep this fast as for virtuous then it has no problem. Like it has written in Shaami.

Moulana Thanwi Reh. said that if it is not then how can it is sabit to keep a fast on this day? If anyone keep fast on this day because at this night the Prophet Muhammad S.A.W. went to Me’raj (that also not right) when the Prophet Muhammad S.A.W. himself not keep a fast on this day then why we understand it as sunnah or virtuous?

About Rajjab Kunda: It baseless custom of kunda of Hazrat Jaafare Sadiq Reh. Like that all this customs are baseless in shariah. The book of Kunda and the stories related to kunda are baseless and manmade. It is false allegations about Hazart Sadiq Reh. .The custom of Kunda is not present in the auspicious era of the Prophet Muhmmad S.A.W. and Khulfa-e-Rashidin R.A.

(૮૧) ઝાહિદોની સોહબત (દોસ્તી)માં રહો

હઝરત અબુ હુરૈરહ (રદિ.) અને અબુ ખલ્લાદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જયારે તમે કોઇ બંદાને એવી હાલતમાં જુઓ કે તેને ઝુહદ (એટલે દુનિયાથી ઓછી મહોબ્બત) તથા તેનાથી ઓછુ બોલવાનો (એટલે બેકાર વાતોથી ઝબાન બચાવવાનો ગુણ) અલ્લાહતઆલાએ નસીબ કર્યો છે, તો તેની સોહબતમાં રહ્યા કરો, કારણ કે જે બંદાનો આ હાલ હોય છે તેને અલ્લાહતઆલા તરફથી હિકમત (અકલમંદી) મળે છે.

હિકમત મળવાનો મતલબ એ છે કે તે દરેક હકીકતોને ખરી રીતે સમજી શકે છે. અને તેની ઝબાનથી તે જ વાતો થાય છે જે ખરી અને ફાયદા કારક હોય એટલા માટે તેની દોસ્તી કિમયા અસર હોય છે. કુર્આન પાકમાં હિકમત વિષે ફરમાવ્યું છે કે જેને હિકમત મળી તેને મહાન ભલાઇ મળી.

(81) Stay in company with Self-displined pious person

It is narrated from Hazrat Abu Hurairah and Abu Khallad R.A. that the Prophet Muhammad S.A.W. said that when you see a servant in a such state that he has less love for world and he blessed by the virtue of Allah to protect his tongue from idle talk. Then stay in a company of such people because if servant has this state then he get wisdom from Allah.

To get wisdom is that he can understand each and every fact. And he speaks such a talk that which are true and beneficial. So this friendship has alchemy effect. In Qur'an Shareef it is stated that those who get wisdom, he get great goodness.

(૮૨) માહે શઅબાનઃ

ઇસ્લામી મહીનાઓમાં આ આઠમો મહીનો છે, આ મહીનો પણ ઘણી બરકત અને ફઝીલતવાળો છે. હુઝુર સલ.એ ફરમાવ્યું "શઅબાન મારો મહીનો છે, અને રમઝાન અલ્લાહનો મહીનો છે." (દયલમી)

જે મહીનાની નિસ્બત નબીએ કરીમ સલ.એ પોતાના તરફ બતાવી છે તે કેટલી મોટી વાત છે, એક હદીસમાં છે કે આપ સલ. આ મહીનાનો ચાંદ જોઇ આ દુઆ પઢતા હતા "અલ્લાહુમ્મ બારિક લના ફી રજબ વ શઅબાન વબલ્લિગના રમઝાન" એ અલ્લાહ! રજબ અને શઅબાનના મહીનામાં હમારા માટે બરકત અતા ફરમાવ અને હમોને ખૈરિયતના સાથે રમઝાન સુધી પહોંચાડી દે. (એટલે કે રમઝાનના ઇસ્તિકબાલ અને એહતેરામની તૌફિક અતા ફરમાવ.)

હઝરત અનસ રદી. ફરમાવે છે કે આ મહીનાનું નામ શઅબાન એટલા માટે રાખવામાં આવેલુ છે કે રોઝહદારની નેકીઓમાં ડાળીઓની જેમ વધારો થાય છે, અને નેકીઓ વધતી જાય છે

હઝરત આયશા રદી. ફરમાવે છે કે મે નબીએ કરીમ સલ.ને શઅબાનના મહીનાથી વધારે રોઝહ રાખતા અન્ય મહીનામાં નથી જોયા.

આ મહીનાના રોઝહની મિસાલ ફર્ઝ નમાઝથી પહેલા સુન્નતો જેવી છે. આ સુન્નતોથી ફાયદો એ થાય છે કે ઇન્સાનનુ દીલ ફર્ઝ નમાઝમાં વધુ લાગે (કેન્દ્રિત થાય) છે એવીજ રીતે શઅબાનમાં રોઝા રાખવાથી નફસને રમઝાનના રોઝહ રાખવાથી મુનાસબત, ઉન્સ અને તઅલ્લુક પૈદા થાય છે.

(82)
The month of Shaban

This is the eighth month of Islamic year, this month also has so many virtuous and blessings. The Prophet Muhammad S.A.W. said that "Shaba'an is my month and Ramadan is the month of Allah" (Aaylami)

What a great thing the Prophet Muhammad S.A.W. has shown himself in relation to the month. Seeing the moon of this month,he was reciting this Dua. "Allahumma Barik lana fi Rajjab wa shaban wa balligana Ramadan" O Allah, in the month of Shab'an and Rajjab give us prosperity and deliever us to Ramadan. (Give us toufiq that we welcome Ramadan)

Hazrat Anas R.A. said that this mo0nth is named Shaba'an because the virtues of the rose grows like branches and the virtues grows.

Hazrat Aayesha R.A. said that I didn't saw the Prophet Muhammad S.A.W. keep more Fast in shaba'an in any other month.

(૮૩) શઅબાનની ૧૫મી રાતના અમલ - ૧

હઝ. અલી રદી.ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ઇરશાદ ફરમાવ્યું કે જયારે શઅબાનની ૧૫મી રાત હોય તો એ રાતના ઇબાદત કરો! દિવસના રોઝો રાખો. એ રાતના અલ્લાહતઆલા મગરિબથી આસમાને દુનિયા પર પોતાની રહમતો સાથે ઉતરે છે અને ઇરશાદ ફરમાવે છે કે “કોઇ બખ્શિશનો તલબગાર છે જેને હુ બક્ષી આપુ, છે કોઇ રોઝીનો તલબગાર કે એને રોઝી આપુ, છે કોઇ મુસીબતઝદા કે એને આફિયત આપુ.” આ એલાન સુબ્હેસાદિક સુધી રહે છે. (ઇબ્ને માજહ)

હઝ.અબૂબકર સિદ્દીક રદી. ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શઅબાનની ૧૫મી રાતના આસમાને દુનિયા પર નુઝૂલ ફરમાવે છે, અને જે ગુનેહગાર પોતાના ગુનાહોની માફી માંગે છે તો એની મગફિરત ફરમાવે છે પરંતુ મુશ્રિકની મગફિરત નથી કરતા, કીનો રાખનાર,અદાવત અને દુશ્મની રાખનારની પણ મગફિરત નથી ફરમાવતા. (બયહકી)

આ રાતનું નામ શબેબરાઅત (છુટકારાની રાત) એટલાજ માટે રાખવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહ તઆલા ગુનેહગારોને જહન્નમના અઝાબથી મુકત કરી આપે છે. (બયહકી)

(83)

Execution on the night of 15th Shaba’an..1

It is narrated from Hazrat Ali R.A. that the Prophet Muhammad S.A.W. said that do worship on the night of 15th Shaba’an. Keep Fast on that Day. On this night Allah Ta’ala showers mercy on the people. And said that “there is any one who ask for something whom I bless, there is anyone one who asked for whom I give livelihood. There is anyone who in trouble and I will lift out from it.” **(ibne Majah)**

It is naarated from Hazrat Abubakar Siddiq R.A. that the Prophet Muhammad S.A.W. said that Allah Ta’ala came on the sky of world on the 15th day of Shaba’an. And those who repent for ther crime then he will be forgiven. But those who are not forgiven whom are infidel, who keep bad about someone, get indulge into quarrel. (Bayhaki)

This night is also called “Shabbe Baraat” (the night of redemption) because Allah Ta’ala redempt the criminals from hell. **(Bayhaki)**

(૮૪)શઅબાનની ૧૫મી રાતના અમલ:

હઝ. અલી રદી.ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ઇરશાદ ફરમાવ્યું કે જ્યારે શઅબાનની ૧૫મી રાત હોય તો એ રાતના ઇબાદત કરો! દિવસના રોઝો રાખો. એ રાતના અલ્લાહતઆલા મગરિબથી આસમાને દુનિયા પર પોતાની રહમતો સાથે ઉતરે છે અને ઇરશાદ ફરમાવે છે કે “કોઇ બખ્શિશનો તલબગાર છે જેને હુ બક્ષી આપુ, છે કોઇ રોઝીનો તલબગાર કે એને રોઝી આપુ, છે કોઇ મુસીબતઝદા કે એને આફિયત આપુ.” આ એલાન સુબ્હેસાદિક સુધી રહે છે. (ઇબ્ને માજહ)

હઝ.અબૂબકર સિદ્દીક રદી. ફરમાવે છે કે નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહતઆલા શઅબાનની ૧૫મી રાતના આસમાને દુનિયા પર નુઝૂલ ફરમાવે છે, અને જે ગુનેહગાર પોતાના ગુનાહોની માફી માંગે છે તો એની મગફિરત ફરમાવે છે પરંતુ મુશ્રિકની મગફિરત નથી કરતા, કીનો રાખનાર,અદાવત અને દુશ્મની રાખનારની પણ મગફિરત નથી ફરમાવતા. (બયહકી)

(84) Execution on the night of 15^{th} Shaba’an

It is narrated from Hazrat Ali R.A. that the Prophet Muhammad S.A.W. said that do worship on the night of 15^{th} Shaba’an. Keep Fast on that Day. On this night Allah Ta’ala showers mercy on the people. And said that “there is any one who ask for something whom I bless, there is anyone one who asked for whom I give livelihood. There is anyone who in trouble and I will lift out from it.” (ibne Majah)

It is naarated from Hazrat Abubakar Siddiq R.A. that the Prophet Muhammad S.A.W. said that Allah Ta’ala came on the sky of world on the 15^{th} day of Shaba’an. And those who repent for ther crime then he will be forgiven. But those who are not forgiven whom are infidel, who keep bad about someone, get indulge into quarrel. (Bayhaki)

This night is also called “Shabbe Baraat” (the night of redemption) because Allah Ta’ala redempt the criminals from hell. **(Bayhaki)**

(૮૫) શઅબાનની ૧૫મી રાતની ફઝીલત:

કુર્આનશરીફમાં અલ્લાહતઆલાએ આ રાતને લયલતુલ મુબારક ફરમાવ્યું છે. કુર્આનશરીફમાં ઇર્શાદ છે આ રાતમાં દરેક હિકમત વાળા કામો અમારા તરફથી નક્કી કરવામાં આવે છે, (સુ.દુખાન)

આ રાતમાં પૂરા વર્ષનો રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. રોઝી, બીમારી, તંદુરસ્તી, તંગી-વિશાળતા, રાહત - તકલીફ મૌત અને પૈદા થવાવાળાનો વખત લખી આપવામાં આવે છે. એક રિવાયતમાં છે કે શઅબાનની ૧૫મી રાતના મલિકુલ મૌત (મૌતના ફરિશ્તા)ને એક લિસ્ટ આપવામાં આવે છે અને હુકમ આપવામાં આવે છે કે પૂરા વરસમાં મરનારાઓના નામ નોંધ કરી લો, કોઇ માણસ ખેતી કરે છે, કોઇ નિકાહ કરે છે, કોઇ બિલ્ડીગ બનાવવામાં મશ્ગુલ છે - પરંતુ એને ખબર નથી કે એનુ નામ મુરદાઓની લિસ્ટમાં લખાયેલુ હોય છે.

એક હદીસમાં છે કે અલ્લાહતઆલા ચાર રાતોમાં બંદાઓ પર રહમત અને ખૈરના દરવાજા ખોલી આપે છે. અને આ રહમતનો મામલો સવારની અઝાન સુધી રહે છે. તે રાતો આ છે.

(૧) ઇદુર્દૂહાની રાત (૨) ઇદુલફિત્રની રાત (૩) શઅબાનની પંદરમી રાત. (૪) અરફહની રાત

આ રાતનું નામ શબેબરાઅત (છુટકારાની રાત) એટલાજ માટે રાખવામાં આવ્યું છે કે તેમાં અલ્લાહ તઆલા ગુનેહગારોને જહન્નમના

(85) The Virtue of the night of 15th Shaba'an

In Qur'an shareef, Allah Ta'ala called this night a Lailtul Mubarak. It is stated that in this month. Every wise deed is decided by us in this night. **(Surah Dukhan)**

A full year report is prepared in this night. Livelihood, sickness, health, scarcity, enormity, relief, distress, death and the time of birth are given in writing. According to tradition, a list is given to malikul mout (the angel of death) on the 15th night of Shaba'an and it is ordered to record the names of those who have died throughout the year. He does not know that his name is written in the list of the dead.

There is a Hadith that Allah opens the doors of mercy and goodness on the servants in four nights. And this matter of mercy lasts till the morning Adhan. These are the nights.

(1) The night of Eid –ul-Adha.

(2) The night of Eid-ul-Fitr (Ramadan Eid).

(3) The 15th night of Shaba'an.

(4) The night of Arfaah.

(૮૬) શઅબાનની ૧૫મી રાત કેવીરીતે ગુઝારવી :

(૧) આ રાતમાં ઇબાદત અને ઝિક્ર તિલાવત કરવા માટે ગુસલ કરી લેવું મુસ્તહબ છે, (૨) ઇશા અને ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરવી. (૩) જેટલી સહુલત અને આસાનીથી થઇ શકે આ રાત નવાફિલ અને ઝિક્ર તિલાવતમાં ગુઝારે, (૪) કોઇ માણસ ગલત વસ્તુઓથી બચીને કબ્રસ્તાન જવા ચાહે તો જઇ શકે છે. (૫) સિહત-આફિયત, રહમત-બખ્શિશ, અને દરેક જાઇઝ મકસદ માટે ખુબ દુઆ કરે. (૬) શઅબાનની ૧૫મી તારીખનો રોઝો રાખવો. (૭) જે ગુનાહોની નહુસત આ મુબારક રાતોની બરકતથી મહરૂમ કરી આપે એનાથી બચે અને સાચા દિલથી તૌબા કરે અને બીજા ગુનાહોથી પણ તૌબા કરે. **(અઝ: શબે મગફિરત પેજ/૧૬ – મુફ્તી અ.રઉફ સખ્ખરવી સા.)** (૮) આ રાતમાં કબ્રસ્તાનમાં જઇ મર્હુમો માટે દુઆ કરે, અને એમને પઢીને બક્ષી આપે, પરંતુ જમાઅત (ટોળું) બનીને ન જવું જોઇએ, મતલબ કે કોઇ પ્રકારના આયોજન વગર પોત પોતાની રીતે જવુ જોઇએ, સુન્નત આજ પ્રમાણે છે. અસલ મકસદ મુરદાઓના માટે ઇસાલે સવાબ છે. (૯) આ રાતમાં જાગીને ઇબાદત કરવું અફઝલ છે, ચાહે એકાંતમાં હોય કે જાહેરમાં. પરંતુ સામુહિક ઇબાદતનો પ્રબંધ કરવો જોઇએ નહી. (૧૦) નફલ નમાઝોમાં લાબા લાબા સજદા કરવા અને દુઆઓ કરવી.

(86) How we worship on 15th of Sha'ban

(1) It is Sunnah to perform gusl on this night for the worship and Dhikra.

(2) Perform Isha and Fazr prayer with congregation.

(3)As much as easily possible spent this night in Supererogatory prayers and Dhikra.

(4) Any mango to graveyard if he wants to escape from bad things.

(5) Pray a lot for health well being and for every legitimate purpose.

(6) Keep Fast on 15th of Sha'aban.

(7) He should avoid the sins which deprived him of the blessings of these blessed nights and repent with sincere heart and repent for others sins as well .

(from: Shabemagfirat Page no. 16, Mufti A.Rouf Sakkharwi Sahab)

(8) Keep on praying when you visit the graveyard but you should not go with team, It is also Sunnah. Means you should not do a plan for going to a Graveyard. You should do one by one. And the motive is Isaal-e-Sawaab.

(9) It is better to awake and worship. Alone or lonely.

(10)Perform long long Sajda in Supererogatory Prayers.

(૮૭)

: રસ્તાનો હક :

નબીએ કરીમ સલ.એ જાહેર માર્ગો પર બેસવાથી મના ફરમાવ્યું હતું - અલબત્ત એ કે રસ્તાનો હક અદા કરવામાં આવે. સહાબાએ પૂછ્યું કે અય અલ્લાહના રસૂલ સલ. રસ્તાનો શું હક છે? નબીએ કરીમ સલ.એ ફરમાવ્યું (૧) નિગાહોને નીચી રાખવી (૨) તકલીફ પહોંચાડવાથી બચવું (૩) સલામનો જવાબ આપવો (૪) નેકીનો હૂકમ કરવો અને (૪) બૂરાઇથી રોકવું. (મુસ્નદે અહમદ)

આમ (જાહેર) રસ્તાઓ પર બેસવા માટે એટલા માટે મના કર્યુ છે કે લોકોને આવવા જવામાં તકલીફ અને તંગી પડે. ઊપરાંત બજારો અને આમ રસ્તાઓ પર ગુનાહો અને ખોટા કૃત્યો પણ ઉદભવે છે જેથી આવી જગ્યાઓ પર બેસવું પોતાનો સમય બરબાદ કરવા અને ગુનાહોમાં ભાગીદાર થવા બરાબર છે.

અલબત્ત એનો હેતુ નેક હોય જેમકે આવવા – જવાવાળાઓને નેક કાર્યોની દઅવત આપવામાં આવે તથા બૂરાઇથી રોકવામાં આવે, સલામનો જવાબ આપવામાં આવે, તકલીફ પહોંચાડવાથી બચવામાં આવે, લોકોને મદદરૂપ થવામાં આવે વગેરે... પરંતુ તેમાં પણ નઝરની હિફાઝતની ખાસ તાકીદ કરવામાં આવી છે.

(અઝ કિતાબ:- ફરામાને રસૂલ સલ.)

(87)

Rights of Road

The Prophet Muhammad S.A.W. forbade sitting on main road. In fact we have to fulfill the right of road. The Companion asked oh Rasulullah S.A.W. said what is the right of road? The Prophet Muhammad S.A.W. said that (1) Keep your sight down.(2) to save over selves to give hurt to someone.(3) Give Reply to Salam. (4) Order for good deeds. (5) Forbade bad things.

It is forbade to sit on main road because people get trouble to walk and go. And in market and on road crime and false work happened. So sitting on main road is of time. And also a part in crime.

(૮૮)

: ઝકાતનો નિસાબ :

જેની પાસે સાડાસાત તોલા સોનું, અથવા સાડાબાવન તોલા ચાંદી (હાલનાં વજન પ્રમાણે લગભગ 87½ ગ્રામ સોનું અથવા 612½ ગ્રામ ચાંદી) અથવા એ બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર રોકડ રકમ હોય અથવા વેપાર માટેનો માલ હોય તો તેનાં ઉપર ઝકાત ફર્ઝ છે. વર્ષ પુરૂં થયે સેંકડે અઢી રૂપિયા (2½%) ના હિસાબથી ઝકાત કાઢવી જોઇએ. અગર કર્ઝ હોય તો કર્ઝ બાદ કરી સાડાબાવન તોલા ચાંદીની કિંમત બરાબર રોકડ રકમ બાકી રહે અથવા વેપાર માટેના માલની કિંમત બાકી રહે તો તેના ઉપર ઝકાત લાઝીમ થશે. (હિદાયહ)

અગર કોઇના પાસે થોડું સોનું અને થોડી ચાંદી હોય, બન્નેમાંથી કોઇપણ નિસાબ બરાબર ન હોય તો એવી સુરતમાં સોના અને ચાંદી બંનેની કિંમત લગાવી બંનેમાંથી નિસાબ બરાબર જેની કિંમત થતી હોય તેના હિસાબથી ઝકાત આપવી જોઇએ. કિંમત લગાવવામાં ગરીબોના ફાયદાનો ખ્યાલ રાખવો જોઇએ અને અગર સોના ચાંદી બન્નેમાંથી કોઇ એકની કિંમત બરાબર પણ નિસાબ ન થતો હોય તો ઝકાત લાઝિમ થશે નહી. વેપાર માટેનો માલ જે વેચવા અને નફો મેળવવા માટે હોય એવા દરેક પ્રકારનાં વેપાર માટેના માલ પર ઝકાત ફર્ઝ છે. (હિદાયહ) (અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(88)

Zakat

Those who have Seven and half Tola gold or fifty two and half tola silver (At present according to weight nearly 87 ½ gram gold or 612 ½ gram silver) or from both of this the price is equal to cash rupees or the ,business material equal to the cash required to eligible for Zakat. Then it is obligatory for him to pay Zakat. After completing of one year rupees 2.50 on 100 rupees, you should pay Zakat. If you have debt, then after minus the debt from account if amount remaining is equal to fifty two and half tola silver left or the amount for business left then it is obligatory for him to pay Zakat. (Hidaayah)

If someone has some gold and some silver then, both of them not reach the exact amount of Zakat then in this situation the amount altogether of gold and silver, pay the Zakat according to them. Then it is not obligatory for him to pay Zakat.

(Hidaaya) **(From Book Arkaane Islam:- Mufti Ismail Wadiwala Sahab Reh.)**

(૮૯)

: ઝકાત અદા કરવાનો તરીકો :

વર્ષ પુરૂં થયે હિસાબ કરી જેટલી ઝકાત લાઝિમ થતી હોય તે રકમ કોઇ ગરીબને કોઇ કામનાં એવઝ વગર આપી માલિક બનાવી દેવામાં આવે, પગાર તરીકે કે મહેનતાણામાં ઝકાત આપવાથી ઝકાત અદા થશે નહી ગરીબને ઝકાત દેતી વખતે અથવા પોતાનાં માલમાંથી ઝકાતની રકમ અલગ કરતી વખતે નિય્યત કરવું જરૂરી છે. દિલમાં એ પ્રમાણે નિય્યત કરી લેવામાં આવે કે આ ઝકાતની રકમ છે. ગરીબને ઝકાતની રકમ છે, એમ કહેવું જરૂરી નથી. બલકે દિલમાં ઝકાતની નિય્યત કરી ઇંદી કે બખ્શિસ તરીકે આપવામાં આવે તો પણ દુરૂસ્ત છે. **મસ્અલોઃ-** જે જગ્યાએ માલ હોય તે જગ્યાએ માલની જે કિંમત ચાલતી હોય ત્યાંની કિંમતના હિસાબે જકાત અદા કરવી જરૂરી છે. (શામી ૨૪/૨)

ઝકાતના હકદારો :- (૧) ફકીર જેનાં પાસે નિસાબથી ઓછો માલ હોય (૨) મિસ્કીન જેનાં પાસે કંઇ ન હોય (૩) કર્જદાર જેનાં ઉપર લોકોના કર્જ હોય અને તેના પાસે પોતાનાં કર્ઝથી વધુ નિસાબ બરાબર માલ ન હોય (૪) ફી સબીલીલ્લાહ જે લોકો અલ્લાહની ઇબાદત અને નેક રસ્તામાં લાગેલા છે જેવી રીતે દીની ઇલ્મ શીખનાર વિગેરે. (બદાએ ઉસ્સનાએઅ) (૫) મુસાફિર જેનાં ઘરે તો માલ હોય પરંતુ સફરમાં મોહતાજ થઇ ગયો હોય તો તેને જરૂરત પ્રમાણે ઝકાત આપવી દુરૂસ્ત છે. (અઝ કિતાબ અરકાને ઇસ્લામઃ- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(89)

The way to pay Zakat

After completing one year whatever amount is obligatory you should give it to poor people. If this amount is given to poor by the means of salary then it is not permissible. When you pay your zakat to poor people you have decide it first . You have intension in your heart that I pay my Zakat. It is not necessary to said the poor that it is the zakat amount. But you have intension in your heart. If you give it to anybody as gift then also it is permissible.

Masail (question):- (1) the poor who has less wealth as compared to desire amount. (2) the beggar those who has nothing. (3) debtors those who has debt of others and those who has nothing more than his debt. (4) give it to those people who ibadah Allah Ta'ala and work on deen or those who teach deeni knowledge. (Badaye Ussnaayeaa) (5) Travelers those have wealth at his home but became dependent on others in travelling then you can give him zakat amount as per his necessities.

(From book: Arkanne Islam:- Mufti Ismail wadiwala Sahab Reh.)

(૯૦) : જે લોકોને ઝકાત આપવું જાઇઝ નથી

(૧) માલદાર કે જેનાં ઉપર ઝકાત ફર્ઝ હોય અથવા નિસાબની કિંમત બરાબર પોતાની જરૂરતથી વધારે કોઇપણ માલ હોય (૨) કાફિર (૩) માલદારની નાબાલિગ અવલાદ (૪) પોતાનાં બાપ, માં, દાદા, દાદી, નાના, નાની, વિગેરે (૫) પોતાની અવલાદ જેમકે છોકરો, છોકરી, પૌત્ર, પૌત્રી, નવાસો નવાસી વિગેરે. મતલબ કે જેઓ સાથે પેદાઇશની સગાઇ હોય તેમને ઝકાત આપવું દુરૂસ્ત નથી. (૭) સૈયદને ઝકાત આપવું દુરૂસ્ત નથી, નફ્લી ખૈર ખૈરાત આપી શકાય છે (૮) જેનો કોઇ માલિક થતું ન હોય એવા કામોમાં ઝકાત ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહી. જેવી રીતે કે ઝકાતનાં માલથી મસ્જીદ બનાવવું, મૈયતનાં કફ્ન દફ્નમાં રકમ ખર્ચ કરવું, મૈયતનું કર્ઝ અદા કરવું અલબત્ત પહેલા કોઇને માલીક બનાવી દેવામાં આવે અને તે પોતાનાં તરફથી મસ્જીદમાં તેમજ કફ્ન-દફ્ન વિગેરેમાં એ માલ ખર્ચ કરે તો એ દુરૂસ્ત છે. (બહરૂર્રાઇક, શામી) (અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફ્તી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(90) It is not permissible to give Zakat to such people.

(1) The wealthy person on them Zakat is obligatory on them or he has more than his necessities.
(2) Infidel.
(3) Wealthy person's small offspring.
(4) One's own father, mother, paternal grandfather and grandmother, maternal grandfather and grandmother etc.
(5) One's own offspring means sons, daughter, grandson and granddaughter etc. Means we can't give Zakat to these peoples.
(6) It is not permissible to give Zakat to Sayyed. We can give supererogatory alms to them.
(7) Your Zakat should not be given to such work where no one became owner likes by the amount of Zakat somebody made a Mosque or expense some amount on the kafan of deceased. So first a fall you should become owner of that amount to somebody then you can used it that work.
(Barurraik, Shami)
(From book: - Arkaane Islam:- Mufti Ismail Wadiwala Sahab Rah)

(૯૧) : કુર્આન મજીદ અને તિલાવતે કુર્આનના આદાબ:

(૧) કુર્આન ઇખલાસ અને તવાઝુઅની સાથે પઢે અને ખરાબ આદતોથી બચે. (૨) કુર્આનને વુઝુ કરીને પકડે અને પઢે. (૩) કુર્આન કિબલા તરફ મોઢુ કરીને પઢે. (૪) કુર્આનની તિલાવત "અઉઝુબિલ્લાહ..." અને "બિસમિલ્લાહ..." ની સાથે શરૂ કરે. (૫) કુર્આન થોભી થોભીને સાફ અને ખુશ અવાઝ અને તજવીદ સાથે પઢે (૬) બગાસુ આવે તો કુર્આન પઢવાનું બંધ કરી દે, અને જયારે બગાસુ બંધ થઇ જાય તો ફરીથી પઢવાનું શરૂ કરે. (૭) કુર્આન પઢતી વખતે અદબ અને શાંતીથી બેસે અને વચમાં ન હસે કે ન વાતો કરે. (૮) જો કોઇ જરૂરત પડે તો કુર્આન બંધ કરીને વાત કરે અને એના પછી "અઉઝુબિલ્લાહ" પઢીને શરૂ કરે. (૯) કુર્આન રહલ અથવા તકીયો અથવા ત્રિપાઇ પર રાખે જમીન પર ન મુકે કેમ કે આ બેઅદબી છે. (૧૦) તિલાવતના વચમાં પગોને હાથ ન લગાવે અને નાકમાં આંગળી ન નાખે. (૧૧) જયારે કાનોમાં તિલાવતની અવાઝ આવે તો એને ચુપચાપ સાંભળે. (૧૨) કુર્આન મિસ્વાક કરીને ખુશબુ લગાવીને પઢે. (૧૩) જો મોઢામાંથી થુક નીકળે તો કોગળા કરીને પઢે. (૧૪) એવી જગ્યા પર તિલાવત ન કરે જયા વાતો થતી હોય. (૧૫) કુર્આનના ઉપર કોઇ કિતાબ અથવા બીજી કોઇ વસ્તુ ન મુકે. (૧૬) વગર કારણે કુર્આનના પાસે ઊંચી જગ્યા પર ન બેસે.

(91)

Qur'an Majid and Ettiquettes to recite Qur'an

(1) Recite Qur'an with sincerity and with full attention and avoid bad habits. **(2)** Hold and recite Qur'an after performing Wudhu. **(3)** Recite Qur'an facing the Qiblah. **(4)** Begin the recitation of Qur'an with "Aouzubillahi…." And "Bismillah…." **(5)** Recite Qur'an slowly and with a clear and happy voice and tajweed. **(6)**When you yawning stopped reciting the Qur'an and after yawning start reciting the Qur'an. **(7)**While reciting the Qur'an, st with politness and peace and do not laugh or talk in the middle. **(8)** If there is any need, he should close the Qur'an and then start with "Aouzubillahi…" **(9)** Do not put Qur'an on the ground keep on the pillow or tripod. **(10)** Do not touch the feet in the middle of the tilawat and do not put the fingers in the nose. **(11)** When the sound of recitation comes in the ear that time maintain silence and listen. **(12)** Recite Qur'an after doing Miswak and used scent. **(13)** If you want to spit then you have to go out and do gargle. **(14)** Do not recite Qur'an where hustle and bustle every where. **(15)** Do not put any thing or book on Qur'an. **(16)** Without reason do not sit high to Qur'an.

(૯૨)

: રમઝાનુલ મુબારક:

આ ઇસ્લામી વર્ષનો નવમો મહિનો છે. "રમઝાન" ના ઘણા અર્થ છે. એક મતલબ આ પણ છે કે રમઝાન ગુનાહોને સળગાવી દે છે એટલા માટે એનું નામ "રમઝાન" છે, અને આ માટે પણ એનું નામ રમઝાન છે કે એમાં નેકીઓ કરવાથી ઇન્સાન પાક થઇ જાય છે. (૧) રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું જયારે રમઝાન મહિનાની પહેલી રાત હોય છે તો શયતાન અને સરકશ જીન્નાત કૈદ કરી દેવામાં આવે છે અને દોઝખના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. (આખા મહીનામાં) આમાંથી કોઇ દરવાજો ખોલવામાં નથી આવતો અને જન્નતના દરવાજા ખોલી આપવામાં આવે છે. અને આમાંથી કોઇ દરવાજો બંધ કરવામાં નથી આવતો. અને પુકારવાવાળો પૂકારે છે, એ ખૈરના તલબ કરવાવાળા! આગળ વધ, અને એ બુરાઇના ઇરાદા કરવાવાળા! થોભી જા, તથા અલ્લાહતઆલાના ત્યાં ઘણા લોકો (રમઝાન મહિનાની બરકતના લીધે) દોઝખથી આઝાદ કરવામાં આવે છે. અને આ પૂકાર દરેક રાતના હોય છે. (તિરમિઝી- ઇબ્ને માજહ- અહમદ) (૨) રમઝાન એવો મહીનો છે કે એનો પહેલો ભાગ (પહેલો અશ્રો) રહમત છે અને એનો વચલો ભાગ મગફિરત છે, અને એનો છેલ્લો ભાગ આગથી છુટકારો છે. (બયહકી)

(92)

Ramadan Mubarak

This is the ninth month of the Islamic year. "Ramadan" has many meanings. One of the meanings is that Ramadan burns away sins, hence its name "Ramadan" and for this reason it is also called "Ramadan" because by doing good deeds the person get culinary.

(1) The Prophet Muhammad S.A.W. said that when Ramadan is the first night arrived ten Satan and rebellious Jinnat are imprisoned and the gates of hell are closed.(Throughout the month) none of these gates are opened and the gates of paradise are opened. And none of these doors will be closed. and The one who cries out for good. Ahead and those who intend evil ,wait! and many of Allah's people there (because of the blessings of the month of Ramadan) are free from hell and these cries are every night. **(Tirmizi- Ibne Majah-Ahmed)**

(2) Ramadan is a month in which the first ten days is of mercy and the middle ten days is of forgiveness and the last ten days is of getting rid of Hell. **(Bayhaki)**

(૯૩)

: રમઝાનુલ મુબારક ની ફઝીલતઃ

(૩) અલ્લાહતઆલાએ ફરમાવ્યું: એ મોઅમીનો! તમારા પર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા, જેમ કે તમારાથી પહેલા લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા, કેમ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દુર રહેનાર થઇ જાઓ. (સુરએ બકરહ) (૪) રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે બેશક અલ્લાહતઆલાએ રમઝાનના રોઝો ફર્ઝ કરેલો છે અને મે એની રાતોમાં જાગવું (અટલે તરાવીહ પઢવું) સુન્નત કર્યુ છે. જે માણસે ફકત ઇમાન અને સવાબને પ્રાપ્ત કરવા માટે એના રોઝા રાખ્યા અને એની રાતોમાં તરાવીહ માટે ઉભો રહયો તો તે ગુનાહોથી એવો પાક થઇ જાય છે જેમકે એની માંના પેટમાંથી જનમ્યો હતો. (તરગીબ, નસાઇ) (૫) કુર્આને મજીદમાં છેઃ લયલતુલ કદ્ર હઝાર મહીનાથી બેહતર છે. (૬) જે માણસે શબે કદ્રમાં ઇમાન અને સવાબ હાસિલ કરવા માટે કિયામ કર્યો તો એના પાછલા બધા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. (બુખારી – મુસ્લિમ) (૭) રમઝાનમાં એક રાત છ જે હઝાર મહીનાથી બેહતર છે, જે એની ખૈર (ભલાઇ,બરકત)થી મહરૂમ રહયો તો તે હકીકતમાં મહરૂમ રહયો. (અહમદ-નસાઇ)

(93)

The Virtue of Ramadan Mubarak

(3) Allah Ta'ala ordered: O believer! It is obligatory to keep fast. Like before you , fast become obligatory on the previous people like you. Beacause of Fast you remain away from bas things. (Suarah Baqarah)

(4) The Prophet Muhammad S.A. W. said that it has no doubt that Allah Ta'ala keep obligatory to keep fast and remain awaken in the nights of Ramadan (Means to perform Taraweeh prayer) became Sunnat.

The people who keep fast only for the sake of Allah and imaan and to stand to perform Taraweeh prayer then he bacame as if he is newborn child. (Targib,Nasai)

(5) It is written in the Qur'an Majid that Lailtul Qadr is better than thousand month.

(6) those people remain awaken at the night of Shab-e-Qadr for onle sake of Allah Ta'ala ,Imaan, and reward then his previous all crimes will be apologize. (Bukhari- Muslim)

(7) There is special night in Ramadan which is better than thousand months. Those who away from these blessings truly they remain away from blessings in truly

(૯૪)

: રોઝહ :

ઇસ્લામનો ચોથો રૂકન રોઝહ છે, રમઝાન મહીનાના રોઝહ પણ દરેક આકીલ-બાલીગ તંદુરસ્ત ઉપર ફરજ છે, વગર ઉઝરે છોડનાર ગુનેહાર અને ફાસિક ગણાય છે. કુરઆને મજીદમાં છે "અય ઇમાનવાળાઓ તમારા ઉપર રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા છે જેવી રીતે કે તમારાથી પહેલાં (આગલી ઉમ્મત)ના લોકો પર ફર્ઝ કરવામાં આવ્યા હતા. એ આશા એ કે તમે (રોઝહના પ્રતાપે) નઠારાં કામોથી (સદા) દૂર રહેનાર થઇ જાઓ." (સુ. બકરહ) રોઝહ માત્ર આ ઉમ્મત ઉપર જ ફર્ઝ કરવામાં નથી આવ્યા, બલ્કે હઝરત આદમ (અલ.)થી લઇ આપ (સલ.) સુધી દરેક ઉમ્મતના લોકો પર ફર્ઝ રહયા છે પરંતુ તેની સંખ્યા અને દિવસોમાં ફેરફાર હતો, હદીસ શરીફમાં આપ સલ.એ ફરમાવ્યું કે જે કોઇ અલ્લાહના માટે એક દિવસનો રોઝો રાખે છે તો ખુદાતઆલા તેના સામેથી ૭૦ વર્ષના રસ્તા બરાબર દોઝખની આગ દુર કરી આપે છે, (મુસ્લિમ) એક હદીસમાં છે કે રોઝા રાખતા રહો, તંદુરસ્ત રહેશો.

સુબ્હે સાદિકથી લઇ સૂરજ ડૂબવા સુધી ખાવા-પીવા અને ઓરતથી સોહબત છોડી દેવાને રોઝહ કહેવામાં આવે છે, ઓરતોએ હૈઝ અને નિફાસથી પાક હોવુ રોઝહ સહીહ થવા માટે જરૂરી છે. (હિદાયહ) (અઝ કિતાબ અરકાને ઇસ્લામ:- મુફતી ઇસ્માઇલ વાડીવાલા સાહબ રહ.)

(94)

Fasting

It is fourth pillar of Islam, and it is obligatory to keep fast of Ramadan on every adult and healthy people, those who left the fasting without any reason considering criminal. It has been written in Qur'an Majid that "O believer, it is obligatory to keep fast in Ramadan. And also it has made obligatory on previous people. And there is thinking that because of fasting we can get rid of bad things and deeds." (Surah Baqarah) The fasting is not only compulsory on this Ummah but also from Hazrat Adam A.S. till the Prophet Muhammad S.A.W. but there is different in days. The Prophet Muhammad S.A.W. stated in Hadith Sharif that whoever kept fast only for the sake of Allah then Allah Ta'ala kept away the fire of hell from him as long as 70 years. (Muslim). In one of the Hadith, it is stated that keep fast and stay healthy.

Fasting means you have to away from eating and drinking and from , It is necessary for women to culinary from monthly period. (Hidayah)

(From book Arkane Islam:- Mufti Ismail wadiwala Sahab Reh.)

(૯૫)

: રોઝહ ની નિય્યત:

રમઝાનના ફર્ઝ અને નઝરે મુઅય્યન અને નફિલ રોઝહની નિય્યત સુબ્હે સાદિકથી લઇ નિસ્ફેનહારે શરઇ, (શરઇ અડધો દિવસ) થવા પહેલાં (સૂર્ય નમતા એક કલાક અગાઉ) નિય્યત કરી લેવું જરૂરી છે, રમઝાનના કઝા રોઝા અને નઝરે ગેર મુઐયન રોઝાની નિય્યત સુબ્હે સાદિકથી કરવું જરૂરી છે, સુબ્હે સાદિક પછી નિય્યત કરવાથી તે રોઝો સહિહ ગણાશે નહી. (હિદાયહ, ફતહુલ કદીર)

રોઝહ રાખવાની નિય્યતથી સેહરી ખાવી એ પણ નિય્યતના કાઇમ મુકામ છે, માટે જુબાનથી રોઝહની નિય્યત ન કરી હોય તો પણ રોઝો થઇ જશે, (જવહરએ નય્યિરહ, દુર્રે મુખ્તાર)

: જે કામોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે:

(૧) જાણી જોઇ મોં ભરી ઊલ્ટી કરવી (૨) વુઝુમાં કુલ્લી કરતી વખતે વગર ઇરાદે ગળાથી નીચે પાણી ચાલ્યું જવું (૩) બીડી, સિગરેટ પીવી તેમજ અગરબત્તી કે લોબાનનો ધુમાડો લેવો (૪) દાંતમાં રહેલી કોઇપણ ચીજ ચણા જેટલી કે એથી મોટી હોય, ખાઇ જવી, અગર મોમાંથી બહાર કાઢી ખાઇ જશે તો ચણાથી નાની હશે તો પણ રોઝો તૂટી જશે, (૫) હુકનો (એનેમાં) લેવું (૭) રાત સમજીને સુબ્હે સાદિક પછી સેહરી ખાવી (૮) સુરજ ડૂબી ગયો સમજી રોઝો ઇફતાર કરી નાંખવું અને હજી સુરજ ગુરુબ થયો ન હતો. (૯)ભુલથી ખાઇ-પી લેવું અને એમ સમજીને કે રોઝો તૂટી ગયો છે જાણી જોઇ ખાઇ લેવું (૧૦) ઔરતને હાથ લગાડવાથી મની નિકળી જવું (૧૧) રમઝાન સિવાય બીજા દિવસોમાં જાણી જોઇ રોજો તોડી નાખવો. મજકુર દરેક બાબતોથી રોઝો તૂટી જઇ માત્ર કઝા લાગુ પડે છે. (અઝ કિતાબ અરકાને ઇસ્લામ)

(95)

Intension (Niyyet) Of Fasting:

It is necessary to keepo intension for Fasting from dawn till 12 noon (One hour before sun down). The intension for kajah and the Fasting which has some purpose should be starts from dawn. The intension made after the dawn will not accept Fasting truly. (Hidayah, Fathul Qadir)

Eating sehri with determination to keep the Fast is also a permanant intension,so even if the Fast is not fixed by testimony the Fast will be done.(Jawahar-e-Nayyirah, Durr-e-Mukhtar)

The things that breaks the Fasting and only Kazah applies:

(1) Intentionally full of mouth vomiting.

(2) Unintentionally water goes down from the throat while performs abulution.

(3) Smoking beedi, cigarette as well as taking fragrance fron incense stick aur frankincense.

(4) Anything in the teeth is as big as chickpea, if it is eaten or taking these things from mouth and again eats, even if it is smaller than chickpeas, Fasting is broken.

(5) To take enema.

(6) If anyone assume that it is night and eat after the dawn.

(7) Eat the iftaari by assuming it is sunset and the sun had not yet set.

(8) Eating and drinking by mistake and assume that Fasting is broken eat intentionally.

(9) Semen out because of touching by woman.

(10) Breaking fasting intentionally on the days other than Ramadan.

Above stated reasons for breaking the Fasting and only Kazah would be applied.

(From Book Arkanne Islam by Mufti Ismail Wadiwala)

(૯૬)

: રોઝાહ અને આધુનિક વિજ્ઞાન :

મુસલમાન માત્ર અલ્લાહનો હુકમ સમજીને તેની પ્રસન્નતા ખાતર રોઝા રાખે છે. સાથે જ રોઝાથી શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે. હઝરત ઇબ્ને ઉમર રદી. નબી સલ.નું ફરમાન વર્ણવે છે. “સુયુતસિહહૂ” રોઝા રાખો, તંદુરસ્ત રહેશો. (તબરાની ૧૭૪/૮ બયહકી ૧૬૫/૭)

રોઝા દ્વારા વ્યક્તિના શરીર અને મન પર પડતી સકારાત્મક અસરો વિશેના સંશોધનોથી પ્રભાવિત થઇને આજે પશ્ચિમી દેશોમાં ઘણા લોકો સ્વાસ્થ્યના લાભો માટે રોઝા રાખે છે. અમેરિકા સહિત આજે પશ્ચિમી દેશોમાં ઘણાં લોકો સ્વાસ્થ્યના લાભો મેળવવા માટે રોઝા રાખે છે. અમેરિકા સ્થિત Dr.Mark P.Mattson એ તેમના સહયોગીઓ સાથે વર્ષોના સંશોધન બાદ રોઝા વિશે એક વિસ્તૃત સંશોધન લેખ રજૂ કર્યો હતો. તેમણે એવું સંશોધન કર્યુ કે રોઝા માણસની વયમર્યાદા તથા રોગપ્રતિકારક શકિત વધારે છે. ઉપરાંત તેનાથી મગજનું સ્વાસ્થ્ય સુધરે છે. રોઝા અલ્ઝાઇમર તથા પાર્કિન્સન (મગજનો રોગ) ના હુમલાથી બચાવે છે.

(96)

Fasting and Modern science

A Muslim Fasts only for the Sake of Allah’s order and his pleasure. At the same time, Fasting brings physical and mental health. Hazrat Ibne Umar (R.A.) describes the edict of the Prophet Muhammad S.A.w. in **“Suyutsihhu”** that **“keep fasting, stay healthy.”** (Tabrani 174/8, Bayhaki 165/7).

Influenced by the researched done on Fasting’s positive effects on one’s body and mind. Many people in western countries now Days observe Fasting for their health benefits. Many People in Western countries, including the United States, now a days observe Fasting for health benefits.

US based Dr. Mark P. Mattson presented an extensive research article about Fasting. After the research with his colleagues, he researched that Fasting increases the age limit and enhances the immune system. It also improves brain health. Fasting protects us against the diseases like Alzheimer and Parkison.

(૯૭)

: રોઝાહ અને આધુનિક વિજ્ઞાન :

સંશોધનોથી એ વાત સાબિત થઇ છે કે એક માસના રોઝાના લીધે શરીરના વજન અને ચરબીમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. જે લાંબા ગાળે થતા હૃદયરોગ અને બ્લડપ્રેશર જેવા ઘાતક રોગોને નિવારવામાં અસરકારક નિવડે છે. જો કે આ લાભ પ્રાપ્ત કરવા માટે રમઝાનમાં રાત્રે પણ ઓછો ખોરાક લેવા પર ભાર મૂક્યો છે, જે ઇસ્લામી તાલીમ મુજબ આવકાર્ય છે. રમઝાનમાં રાત્રે પણ પ્રમાણસર ખોરાક લેવાથી બુઝુર્ગોના મતાનુસાર અનેક રુહાની ફાયદા થાય છે.

અલ-અરબીયા ન્યુઝમાં પ્રકાશિત રાશા અદીબના લેખ "Top 4 incredible benefits of fasting in Ramadan" મુજબ આશ્ચર્યજનક નિશાની છે, તે આખા શરીરમાં શર્કરાનું પ્રમાણ જાળવે છે. રોઝા વડે આ શર્કરાનું પ્રમાણ જાળવવામાં મદદ મળે છે. આધુનિક સંશોધન મુજબ ડાયાબિટીસના જોખમમાં ખૂબ નોંધપાત્ર ઘટાડો થાય છે. ૧૯૯૪માં કાસાબલાન્કામાં "રમઝાન અને તંદુરસ્તી" વિષય પર મળેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય સભામાં આ વિષય પર સૌથી વધુ સંશોધન લેખો રજુ થયા હતાં.

(97)

Fasting and Modern Science (2)

Research has shown that the fasting for the one month significantly reduces body weight and fat, which is effective in preventing chronic diseases and blood pressure. However in order to achieve this benefit the emphasis is on eating less even at the nights of Ramadan which is appreciated in Islamic training. According to the elders, eating the balanced diet even in the nights of the Ramadan has many spiritual benefits.

According to Rasha adeb's article "Top 4 Incredible benefits of Fasting in Ramadan" published in "Al-Arabia News", it is a surprising sign that Fasting maintains the amount of sugar in the whole body. Fasting helps in maintain the sugar level of the body. A very significant reduction in the risk of Diabetes, according to Modern research. In 1994, the first international conference on "Ramadan and Health" in Kasabalanka, presented the most research articles on this topic.

A team of cardiologists in the UAE found that people observing Ramadan enjoy a positive effect on their Lipid profile, which means there is a reducing of cholesterol in the blood. Low cholesterol increases cardio vascular health, greatly reducing the risk of suffering from heart disease, a heart attack or a stroke.

(૯૮)

: રોઝાહ અને સ્થૂળતા (fatness)

જાડાપણું અનેક રોગોને નોતરે છે. વૈજ્ઞાનિક સંશોધનોથી સાબિત થયું છે કે રોઝા વજન ઘટાડવામાં ખૂબ સહાયક નીવડે છે. રમઝાન માસમાં રોઝાના લીધે કેલેરીનો સંચય ઘટે છે. તે જાડાપણાને દૂર કરવામાં મદદ કરે છે. ડો.મેટસનના મત મુજબ રોઝા દ્વારા વજનના ઘટાડાની સાથે જ તેનાથી મગજની કાર્યશક્તિમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે.

: રોઝા ટોક્સિન ઘટાડે છે:

વિવિધ પ્રકારના પોસેસ્ડ ખોરાકના લીધે શરીરમાં ટોક્સિન નામનું ઝેરી તત્વ પેદા થાય છે. આ ટોક્સિન ચરબીમાં ભળતું રહે છે. સતત એક માસના રોઝહ દરમિયાન શરીરની ચરબી પીગળવાથી શરીરમાં ટોક્સિનની માત્રામાં ખૂબ ઘટાડો જોવા મળે છે. ડો.એસ. સેલીજર અને ડો. હેન્સે તેમના સંશોધન લેખ “Is fasting healthy” માં આ અંગે ખૂબ રસપ્રદ તારણ રજૂ કર્યા છે.

આ મહિનામાં વિશ્વના તમામ મુસ્લિમો એક સાથે રોઝા રાખે છે. તેનાથી ગરીબો અને દુ:ખીજનો પ્રત્યે હમદર્દી, માનવ સમાનતા, ધીરજ, માનવપ્રેમ, સહાનુભૂતિ જેવા ગુણો ખીલી ઉઠે છે.

(98)

Fasting and Obesity

Obesity leads to many diseases. Scientific research has shown that Fasting is very helpful in weight loss. In the month of Ramadan, the accumulation of calories decreases due to Fasting. It helps in eliminating Obesity. According to Dr. Mathson, weight loss due to Fasting has been linked to increased brain function and it is significant.

:Fasting reduces toxins:

A variety of processed foods produced toxins in the body. These toxins are mixed in to fat. Melting body fat during continuous month of Fasting leads to significant reduction in the amount of toxins in the body. Dr. S. Selijar & Dr. Hense presented very interesting findings in their research article, “Is Fasting healthy”.

This month all the Muslims of the world keep Fasting. It has nurtured the qualities like empathy for the poor and miserable, Human equality patience, philanthropy, empathy.

(૯૯) : રમઝાનુલ મુબારકની બરકતવંત રાતો:

હદીસ શ.માં છે તલાશ કરો તમે શબે કદ્રને રમઝાનના છેલ્લા અશ્રામાં. (બુખારી શ.) નબીએ કરીમ સલ.ની મુબારક આદત હતી કે જ્યારે છેલ્લો અશ્રો આવતો તો કમરને મજબૂત બાંધી લેતા (એટલે કે ઇબાદતમાં ઘણી પાબંદી કરતા) રાતના જાગતા, અને ઘરવાળાઓને પણ જગાડતા. (બુખારી-મુસ્લિમ) હઝરત આઇશા રદી.એ અર્ઝ કર્યુ યા રસુલૂલ્લાહ સલ! અગર મને કોઇ પણ રીતે શબે કદ્રની ખબર પડી જાય કે ફલાણી રાતમાં છે તો હું એમાં શું દુઆ માંગુ? આપ સલ.એ ફરમાવ્યું આ દુઆ માંગો

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّيْ

: "અલ્લાહુમ્મ ઇન્ન-ક અફુવ્વુન તુહિબ્બુલ અફવ ફઅફુ અન્ની" (અય અલ્લાહ! બેશક તુ મુઆફ કરવાવાળો છે, માફ કરવાને પસંદ કરે, જેથી તુ મને માફ કરી આપ) (તિરમિઝી, ઇબ્ને માજહ)

રમઝાનુલ મુબારકમાં આ મુબારક કલેમાત જેમ બને તેમ વધારે પઢતા રહેવું જોઇએ જે હદીસથી સાબિત છે.

"લા ઇલાહ ઇલલલ્લાહ. અસ્તગફિરૂલ્લાહ, અસ્અલુકલ જન્નહ-વ અઉઝુબિક મિનન્નાર."

(99)
The blessed nights of Ramadan Mubarak

If you find out then you get that the Prophet Muhammad S.A.W. has the virtuous habit that whenever last 10 days are coming they stick to worship. He awaken whole night and also made awake his family members. (Bukhari-Muslim) Hazrat Aayesha R.A. asked to the Prophet Muhammad S.A.W. that If we come to know that any night is shab-e-Qadr then what we asked to Allah? The Prophet Muhammad S.A.W. said that

اَللّٰهُمَّ اِنَّكَ عَفُوٌّ تُحِبُّ الْعَفْوَ فَاعْفُ عَنِّيْ

Allahumma Innak Affuwwun Tuhibbul affaw fa'fu Anni. (O Allah! Indeed you forgive us, you love to forgive, so you forgive us) (Tirmizi, Ibne Majah)

In Ramadan Mubarak, this Kalimat should be recite as many as time, which is proven by Hadith.

"La Ilah Illalah, Astagfirullah, asalukal Jannah wa Aa'uzubik Minnan nar"

(૧૦૦)

: એઅતેકાફ :

રમઝાન શરીફના છેલ્લા દસ (૧૦) દિવસનો એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે. માટે શહેર અથવા ગામની દરેક મહોલ્લાની મસ્જીદમાં એઅતેકાફ સુન્નતે મુઅક્કદહ છે. અગર મોહલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ નહી કરશે તો બધા સુન્નત છોડવાના ગુનેહગાર થશે. અને અગર મહોલ્લામાંથી કોઇ પણ એઅતેકાફ કરી લેશે તો બધા તરફથી સુન્નત અદા થઇ જશે. (શામી ૬૬૦/૧)

જે મસ્જિદમાં પાંચ વખતની નમાઝ જમાઅત સાથે અદા થતી હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત છે. માટે જે મસ્જિદ વેરાન હોય, નમાઝ થતી ન હોય એવી મસ્જિદમાં એઅતેકાફ કરવું દુરૂસ્ત નથી. ઓરતોએ પોતાના ઘરની મસ્જીદમાં એઅતેકાફ કરવો જોઇએ.(અગર ઘરમાં કોઇ જગ્યા મસ્જીદ તરીકે ન નક્કી કરી હોય તો ઘરનો કોઇ ખુણો એના માટે નિશ્ચિત કરી લે)

ઓરતો માટે ઘરમાં એઅતેકાફ કરવું વધુ આસાન છે, ઘરની વ્યક્તિઓ પાસે કામ પણ લઇ શકે છે અને એઅતેકાફનો સવાબ પણ હાસિલ કરી શકેછે. છતા પણ ઓરતો આ સુન્નતથી લગભગ મહરૂમ રહે છે માટે કોશીસ કરવી જોઇએ.

(100) Etekaaf/Itikaaf

The Etikaaf of the last ten (10) days of Ramdan shareef is Sunnat-e- Mu'aqqadah al-kafiyah. There Etikaaf is sunnat-e-Mu'aqqadah in every mosque of Mohalla of the city or village. If no one from the mohalla does Etikaaf, then all the people will be guilty for leaving the Sunnah will be issued from the all the peoples of Mohalla.

The Etikaaf is performed in such a mosque, where the five daily prayers are performed with the congregation. Therefore it is not correct to performed with the congregation. Therefore it is not correct to perform Etikaaf in a mosque which is deserted in which people does not offer prayers. Women should perform Etikaaf in the Mosque of their house. (If no place in the house is decided as mosque then any corner can be fixed for it.)

It is easier for women to do Etikaaf at home; they also can take help from the people of the house and also get reward of Etikaaf. However, women are almost deprived from this Sunnah. So we have to try for it.